

ગૌરી • શિલ્પી : શકુન્તલા દીવાન (ગયા અંકના પૂંઠા પરની શિલ્પમૂર્તિની અનુષંગી પ્રતિમા)

૨૩૦મું

કુમાર

આદ્યતંત્રી • રવિશંકર રાવળ

વર્ષ ૨૦મું • અંક બીજો • ફેબ્રુઆરી '૪૩

સંપાદક • બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું માસિક



ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક-બચુભાઈ રાવત. પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના. મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૪૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા.



પ્રહ્લાદ ઘાટ-કાશી (ડ્રાઇપૉઇન્ટ) — ચિત્રકાર • શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી

કલાકાર કલમ કે પીંછીથી જે ચિત્ર આલેખે તેમાં તો એ એક જ કૃતિ તૈયાર થાય છે, પણ પશ્ચિમમાં ઘણા કલાકારો ધાતુની (મોટે ભાગે ત્રાંબાની) પ્લેટ ઉપર તીક્ષ્ણ ઓજાર વડે ચિત્ર આલેખી કોરી કાઢે છે, અને તે પ્લેટ પર શાહી લગાડી તેના પર કાગળ દાબીને નકલો ઉતારે છે. એ પદ્ધતિમાં પણ કલાકારની સ્વહસ્તની કૃતિ જ મળતી હોવાથી તેનાં મૂલ્ય ને મહત્તા મૂળ કૃતિ જેવાં જ ગણાય છે. એમાં પણ ચિત્રોની છાપ લેતાંલેતાં પ્લેટ પરનું કોતરકામ ઉત્તરોત્તર ઘસાતું જતું હોવાને કારણે નકલોની સંખ્યા ઘણી મર્યાદિત ઊતરે છે; એટલે જેમ નકલોની સંખ્યા ઓછી તેમ કિંમત વધારે.

ધાતુની પ્લેટ પર આ રીતે ચિત્ર કોતરવાના બે પ્રકાર છે: 'ઇચિંગ' અને 'ડ્રાઈ પૉઇન્ટ'. ઇચિંગમાં, પ્લેટ પર મીણ કે એવા મિશ્રણનું આછું પડ પાથરી તેના પર કલાકાર અણીદાર સાધન વડે પોતાનો વિષય કોતરે છે; અને એમ કરતાં તેટલા ભાગમાંથી મીણનો પટ ઉઝરડાઈ જાય છે. એ પ્લેટને પછી તેજાબના મિશ્રણમાં નાખી હલાવવાથી રેખાઓવાળો પ્લેટનો ખુલ્લો ભાગ તેજાબથી કોરાઇ જઈ ત્યાં ઊંડા આંકા પડે છે. પછી મીણને કાઢી નાખી તે પ્લેટ પર શાહી લગાડી હળવે હાથે પ્લેટ સાફ કરી નાખે છે એટલે આંકાઓમાં શાહી ભરાઇ રહી બાકીનો ભાગ ચોખ્ખો બની જાય છે. એ પ્લેટ પર પછી પોચો કાગળ મૂકી દાબપ્રેસમાં તેની છાપ ઉતારે છે.

'ડ્રાઈ પૉઇન્ટ'માં તેજાબની મદદ વિના સીધું ઓજાર વડે જ ચિત્ર કોરવામાં આવે છે. (તેમાં તેજાબનું મિશ્રણ ન વપરાતું હોવાથી તે 'ડ્રાઈ' કહેવાય છે.) સખત પોલાદના અત્યંત બારીક અણીવાળા ઓજાર વડે કલાકાર, ત્રાંબાના પતરાની દર્પણ-સ્વચ્છ સપાટી પર, સ્થિર ને મજબૂત હાથે પોતાનો વિષય કોરતો જાય છે; અને તેના ઓજારથી પડેલા આંકાની બંને બાજુ (હથિયાર જો સહેજ ઢળકતું રાખ્યું હોય તો તેની એક જ બાજુ) સ્પષ્ટ ધારો ઉપસતી આવે છે. એ પ્લેટ પર પછી ઇચિંગની પ્લેટ માફક જ શાહી લગાડી છાપો ઉતારવામાં આવે છે. પણ તેજાબના ઇચિંગ કરતાં આ હાથની કોરેલી ધારો શાહીનું જે વધુ પ્રમાણ ધારણ કરી શકે છે તેને લીધે, ડ્રાઈ પૉઇન્ટ ઉપરથી ઉતારેલી છાપમાં એક પ્રકારની મખમલી મુલાયમતા આવે છે, અને તે જ તેની વિશિષ્ટતા છે. ઘણા આધુનિક કલાકારો ઓજારમાં પોલાદની અણીને બદલે હવે તીક્ષ્ણ હીરાકણી વાપરે છે. આ પદ્ધતિથી જે કેટલીક અત્યંત બારીક રેખાઓ ઉઠાવી શકાય છે તે ઇચિંગથી મળતી નથી. વળી ઇચિંગની કોરેલી સપાટીને મુકાબલે ડ્રાઈ પૉઇન્ટની ઉપસેલી ધારો વહેલી ઘસાઇ જતી હોવાથી તેના પરથી બહુ ઓછી સંખ્યામાં (દસબાર કે બહુબહુ તો ૨૦થી ૫૦) છાપો ઉતારી શકાય છે, અને આ કારણે ડ્રાઈ પૉઇન્ટ વધુ મૂલ્યવાન ગણાય છે. કેટલાક કલાકારો ઇચિંગ કરેલી પ્લેટ ઉપર પાછળથી થોડું ડ્રાઇ પૉઇન્ટ કામ કરીને બંને પદ્ધતિઓના સંયોગથી પોતાને જોઈતી ખાસ અસર પણ ઉપજાવે છે

આ પદ્ધતિનો ઉગમ પશ્ચિમમાં થયો છે, અને જર્મન કલાકાર આલબર્ટ ડ્યૂરર, ડચ કલાકાર રેમ્બ્રાં, ફ્રેન્ચ કલાકાર રૉડિન અને અમેરિકન કલાકાર વ્હિસ્લર આ પ્રકારના સમર્થ કલાસ્વામીઓ ગણાતા. આપણે ત્યાં પણ કલાકારો હમણાં એ પદ્ધતિએ કામ કરતા થયા છે. તેમાંથી અગાઉ શ્રી નંદલાલ બોઝની અને શ્રી યજ્ઞેશ્વર શુક્લની કૃતિઓ 'કુમાર'માં આપી હતી.



કરુણ ગાન　　　　ચિત્રકાર · પી. આર. રૉય

આવતી કાલનાં નાગરિકોનું પત્ર **કુમાર** વર્ષ ૨૦ · અંક ૨ · ફેબ્રુઆરી ૧૯૪૩

પ્રબુદ્ધ માનવ-મનને

· પૃથ્વી ·

પ્રબુદ્ધ, ઋતમુગ્ધ, હે અજિત માનવીના મન!
યુગેયુગ મથ્યા તને સકળ દેશના શાસકો
ઘણું જકડવા, છતાં અજબ તાહરાં કૌતુકો,
વિરોધમહીંથી વિશેષ ધર્યું નિત્ય તેં જીવન.
અનેકવિધ જુલ્મ ઘોર ઉતર્યા નર્યા નિર્ઘૃણઃ
મળ્યા ગરલજામ, પ્રજ્વલન, કેદનાં બંધન,
સુતીક્ષ્ણ અસિધાર, શૂળીવ્રણ, ફાંસીના માંચડા,
સ્વદેશહદપારી ને કુટિલ કારમી યંત્રણા.

પ્રભા પ્રકટતું નિરંતર રહ્યું, રહેશે સદા;
બધાં કનકપાત્ર રિક્ત છલકાવી દેવા મુદા
વિભૂતિ વિતરંત શુદ્ધ તપ તારું સત્સૌરભ
વહી વહી વિશેષ ભવ્ય પ્રસરાવતું ગૌરવ.

પ્રદીપ્ત તુજ પૌરુષે વિકસી વિશ્વકેરું કુલ
સમુલ્લસિત, મુક્ત ઊર્ધ્વમનનાં ઉડે ચંડુલ.

રામપ્રસાદ શુક્લ

● પોતાનાં ચિંતનજન્ય સૉનેટોથી પરિચિત શ્રી રામપ્રસાદ શુક્લનાં સાઠ સૉનેટોનો સંગ્રહ (જેમાંનો મોટો ભાગ નવી કૃતિઓનો છે) 'બિન્દુ' નામથી તાજેતરમાં પ્રકટ થનાર છે. તેમાંની એક લાક્ષણિક આ કૃતિમાં અંધકારનાં બળો સામે પ્રબુદ્ધ માનવના પ્રદીપ્ત પુરુષાર્થનો વિજય ગાયો છે ●. જાગૃત થએલા માનવ-મનની સત્યની ઝંખનાને રૂંધવા માટે ઝનૂની જુલમગાણીઓ અને સ્થાપિત હિતોવાળા શાસકો દેશદેશમાં ને યુગેયુગે મથ્યા છે. ઝેરના પ્યાલા પાઈને, જીવતા બાળી મૂકીને, કેદમાં સબડાવીને, તલવારને ઝાટકે દઈને, શૂળીએ ને ફાંસીએ ચડાવીને અને દેશપારી તથા બીજી કારમી યંત્રણા દ્વારા અનેક જુલ્મો તેમણે તેના પર ગુજાર્યા છે. પણ માણસનું જ્ઞાનપિપાસુ મન સદા અણનમ રહ્યું છે ...અને એક દિવસ એવો આવશે કે જ્યારે પ્રબુદ્ધ માનવોના એવાં ઊર્ધ્વ મન(સુપર માઈન્ડ)ના એ વિશુદ્ધ તપને પરિણામે આ સૃષ્ટિમાં સત્યનું સામ્રાજ્ય સ્થપાશે અને આખું વિશ્વ એક કુટુંબ જેવું બની રહેશે.

ઊષરપટમાં ચાંદની

· હરિણી ·

અઢળક ઢળી શૃંગોકેરાં શિરે, ગિરિના તટે,
ઢળકતી જતી ઢાળે ઢાળે ઠરી ધરણી પટે,
અણલક ઝરી ધારે ધારે, નિકુંજઉરેઉરે,
સરિતજલસેલંતી, ઓલે ઝુલંતી સરેસરે,
ઉદધિભરતીહેલારામાં ચલત્, ચમકીલી, ચિત્
ચકિત કરતી, સ્થાને સ્થાને સુહંતી કવચિત્ કવચિત,
બહુ વખત મેં દીઠી તારે સુમાર વિના સરી,
નગર, પુર, ને ગામોકેરાં ગૃહાંગણને ભરી.

અનુપ સુખ ઓ ચન્દ્રી! આજે અહીં અણચિંતવ્યું
મબલક મચી કોશોકેરા પટે નિરખી લહું;
અદકી અદકી લેટી, સીધી સપાટ સુધા હસે,
સ્થિર ધવલતા વિસ્તારોના કણેકણને રસે.
અનહદ લસી ચારે બાજુ ઝલંત રજતછટા,
ઉષરપટના અંગેઅંગે ઢળી પડી ધન્યતા.

રામપ્રસાદ શુક્લ

● જેવી વિચારણાની એવી નિસર્ગદર્શનની પણ પોતીકી વિશિષ્ટતા ઉપરનું સૉનેટ રજૂ કરે છે. નદી-પર્વત, સાગર-સરવર, ઉષા-સંધ્યા કે વસંત-વર્ષા આદિ સૃષ્ટિલીલાનાં સૌંદર્યોનાં વિવિધ દર્શન કવિઓએ પોતપોતાની રીતે કર્યાં છે; પરંતુ ઉજ્જડ ભૂમિના અફાટ વિસ્તારનું પણ જે એક અનોખું સૌન્દર્ય હોય છે તેનું દર્શન કવચિત જ કોઈક કરાવે છે. (૨૦૦મા અંકમાં 'સ્વપ્નસ્થે' વર્ણવેલી 'ભાલ પ્રદેશની ઉનાળાની રાત' વાચકોને યાદ હશે.) ઉપરના સૉનેટમાં ભોગાવા તીરની વિસ્તીર્ણ ઊષરભૂમિ—ખારાપાટ—ના વેરાન પર મબલખપણે છવાઈને તેના કણેકણને રસી રહેલી ચાંદનીનું રમ્ય દર્શન આલેખ્યું છે. પહેલી આઠ લીટીમાં ગિરિશૃંગે, વનકુંજોમાં, નદીતટે, સરવરનીર પર, સાગર ભરતીમાં એમ અનેકવિધ સ્થળે પોતે જોએલી ચાંદનીનાં સૌન્દર્યો ગણાવી તેને મુકાબલે છેલ્લી ૭ લીટીમાં વેરાન પર ઢળેલી ચાંદનીનું દૃશ્ય જે એક અણચિંતવ્યું વિશિષ્ટ સૌન્દર્ય ભાન કરાવે છે તે અત્યંત સચોટ વિશદતાથી આલેખ્યું છે.

કુમાર કાર્યાલયની પુનઃ રચનાની યોજનાનો નિર્ણય થતાં સમયનો જે ગાળો વીત્યો તેને લીધે જાન્યુઆરી અંક મોડો બહાર પડી શક્યો હતો. તે પછીના અંકો ઉતાવળે પ્રકટ કરી બે માસમાં નિયમિત થઈ જવાની અમારી મુરાદ હતી; પણ કેટલીક અણધારી મુશીબતોને લીધે અમે એ બર લાવી શક્યા નથી તે માટે ગ્રાહકો તથા વાચકોની ક્ષમા માગીએ છીએ, અને બને તેટલી ઝડપે સમયનો એ ફેર ભાંગી નાખવાની તેમને ખાતરી આપીએ છીએ. દરમ્યાન, તેમને અમારી વિનતિ છે કે વારંવારની પૃચ્છપરચ્છમાં પોસ્ટેજનો વ્યય ન કરતાં વસ્તુસ્થિતિ સમજીને તેઓ ધીરજપૂર્વક એ ઢીલ નિભાવી લેશે. કુમાર કાર્યાલયને લિમિટેડ કરવાની યોજનામાં સાથ આપવા ઈચ્છનારાઓએ ભરી મોકલવાનું દરખાસ્તનું ફૉર્મ પૃ. ૪૩ ઉપર આપેલું છે.

સામયિક ચિંતન

કલાકારનો વિશિષ્ટ અધિકાર

કનૈયાલાલ મુનશી, કાકાસાહેબ કાલેલકર પ્રભૃતિ

ક. મા. મુનશી*

● તમારી મ્હોરતી યુવાનીની અમૂલ્ય પળો જેની પાછળ ગાળી હોય એવી, તમારી સ્વપ્નસૃષ્ટિને મૂર્તિમંત કરતી તમારી કલાકૃતિ દુનિયા આગળ મુકાય અને તેના પર કોઇ નજર સરખી પણ ન નાખે એના જેવું વિઘાતક બીજું કશું જ નથી. એવા કંકાર પ્રસંગથી કલાકાર આત્મવિશ્વાસ ખોઈ બેસે છે. ઘણી વાર તો તેનું પ્રેરણા-ઝરણ પણ એથી સુકાઇ જાય છે. એટલે, જાહેર કદર એ મહાન પ્રયત્નોને માટે આવશ્યક બલદાતા વસ્તુ છે.

પણ તેની સાથે તમારે એ પણ સમજવું જોઇએ કે સમકાલીન સમાજની કદર એ સત્ય વસ્તુ નથી, સત્યનો પડછાયો માત્ર છે. એ કેવળ ગિનીની છાપ છે, ગિનીમાંનું નગદ સોનું નથી. નગદ સોનું તો છે, તમને લાધેલું પેલું ક્ષણ બે ક્ષણનું ધન્ય દર્શન, જે તમારી કલ્પનાને બળે સૌન્દર્યદેહ ધારણ કરી તમારું પ્રિય સર્જન બને છે; જે સર્જનમાં તમારી એ અર્ધભુલાએલી સ્વપ્નસૃષ્ટિની ભવ્યતાના સુવર્ણરંગો ઉતારવા તમે મથ્યા હો છો. જગતની બધી મહાન કલાકૃતિઓની ખરી કદર કેટલી યે પેઢીઓ વીત્યા બાદ જ થઈ હતી. એટલે, પોતાની કૃતિઓ શરૂઆતમાં સમકાલીન સમાજની કદર ન પામે તો તેથી કોઈ કલાકારે હારી બેસવું ન જોઇએ.

મોટી મુદ્દાની વાત તો એ છે કે કલાકાર આત્મનિષ્ઠ—પોતાની જાતને વફાદાર હોવો જોઇએ. હું ઉછરતો કલાકાર હતો ત્યારે, એ શરૂઆતનાં વર્ષોમાં, મને પણ અનેક સાહિત્યિક કલાકારોની પેઠે એ સાચી શિખામણ મળી ગઈ છે કે કલાકૃતિ પોતે જ પોતાનું અસ્તિત્વ સાબિત કરી લે છે. પછી ભલે ડાહ્યલા લોકો એના તરફ હસતા. તેને 'કલા ખાતર કલા'ની વકીલાત રૂપ લેખીને તેઓ ભલે તેને તિરસ્કારતા. હું તેથી જરા યે શરમાતો નથી. મારા જીવનનો કોઈ નગદ અનુભવ મારી સ્મૃતિમાં સ્થિર થઈ મારી કલ્પના વડે પોષણ અને વિકાસ પામ્યો હોય, મારામાં રહેલી સર્જનશક્તિની અણદીઠી છીણી વડે તેનું ચિત્ર, મૂર્તિ કે સાહિત્યકૃતિના રૂપમાં વિધાન થાય, અને મને તે નિર્વ્યાજ આનંદ આપી રહે, તો પછી તેને જીવવાનો હક્ક છે; તેને માટે નિશ્ચિત સ્થાન છે જ. તમે જાણો છો કે મહાકવિ ભવભૂતિને પોતાની મહાન નાટ્યકૃતિ સમકાલીનો તરફથી તરછોડાવાની બીક લાગી ત્યારે તેણે લેશમાત્ર આત્મશ્રદ્ધા ગુમાવ્યા વિના ગાયું કે

उत्पत्स्यते मम हि कोऽपि समानधर्मा
कालो ऽह्ययं निरवधिर्विपुला च पृथ्वी.

(મારા પછી મારા જેવો કોઈક જરૂર જન્મશે, જેની સૌન્દર્યભાવના મારા જેવી હશે, અને તે મારી સાચી કદર કરશે. કાલ નિરવધિ છે અને પૃથ્વી વિપુલ છે.) સાચા કલાકારનું આ જ ભાવનાબળ છે. પોતાની કલાકૃતિની કદર કોઇ કરે એવી ઝંખના તેને હોતી નથી. તે એટલું તો જાણે જ છે કે જે કલાકૃતિને પોતે જન્મ આપ્યો છે તેણે પોતાને તો નિરવધિ આનંદ આપ્યો જ છે ને તેથી તેને જીવવાનો હક્ક છે. અને કોઇ પણ ચાંપલા પંડિત, પંતુજી મહેતાજી કે ડાહ્યલા વિવેચકને એવું કહેવાનો અધિકાર તો નથી જ કે મારી કલાકૃતિ તે મારા આત્માનંદનું ફળ નથી.

મારા પોતાના અનુભવમાંથી જ એક ઉદાહરણ આપું. ૧૪-૧૫ વર્ષ પર મેં એક નવલકથા લખી. મારા હૃદયની મર્મવેદનામાંથી તે લખાએલી હતી. મને વીતેલા એક તીવ્ર મનોમંથનની પ્રતિકૃતિ રૂપ તે હતી. તે પ્રગટ થઈ ત્યારે એ વખતના વિવેચકો બેબાકળા બની ગયા. કોઇ નૈતિક અધઃપતનનું બીજ તેમણે એમાં જોયું, અને તે દ્વારા મારા વાચકોને હું એ માર્ગે દોરી રહ્યો છું એમ તેમને લાગ્યું. કેટલાક વિવેચકોએ તો કહ્યું કે એવું લખતાં પહેલાં મારા હાથ બળી કેમ ન ગયા! એ નાનકડી નવલકથાની ગુજરાતી ભાષામાં કેટલીક આવૃત્તિઓ થઇ છે; હિંદની ઘણી ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે; તે મૂક ચિત્રપટ ઉપર રજૂ થઈ ગઈ છે, રંગભૂમિ ઉપર ભજવાઇ છે, અને હવે તે બોલપટ માટે તૈયાર થઈ રહી છે. મારી એ સાહિત્યકૃતિ 'પૃથિવિવલ્લભે' દેશભરનાં હજારો હૃદયોમાં પડઘો પાડ્યો છે. મેં જો મારા વિવેચકોનું કહેવું કાને ધર્યું હોત તો એ લખાતાં વેંત મેં તેનો નાશ કર્યો હોત. એ વિવેચનો મારા પર મંડાયાં ત્યારે હું જુવાન હતો. હું ગભરાઇ ગયો. મને રોષ પણ ચડ્યાં. મને લાગ્યું કે મને અન્યાય થઇ રહ્યો છે. પણ મને આત્મભાન થયું કે એ કૃતિ મારી છે, મારી હૃદયવેદનાની પ્રતિમા રૂપ છે. અને એટલા માટે તેને જીવવાનો અધિકાર છે. એક મહાન વ્યક્તિ, જેને માટે મને ખૂબ જ માન છે અને જે આ વિશ્વની નૈતિક ભાવનાના પ્રતીક રૂપ છે, (તમે કલ્પી શકશો કે કોણ) તેમણે મારું એ પુસ્તક વાંચીને મને લખ્યું કે પોતે એ રસથી વાંચ્યું છે, પણ મારી કલાકૃતિ તરીકે એમાંથી જે આશા પોતે રાખેલી તેમાં તે નિરાશ થયા છે. શ્રેષ્ઠ સાહિત્યકૃતિઓની ભવ્યતા તેનામાં નથી તેમના પત્રમાં છુપા ડંખનો એક રણકો પણ હતો કે 'એ તેં લખી શા માટે?' મેં માનપૂર્વક જવાબ આપ્યો કે 'એ વસ્તુ મારા હૃદયની ઊંડાણમાંથી ઉદ્ભુત થએલી છે; જે કંઈ સર્જનશક્તિ મારામાં હતી તે વડે મેં એનું કલાવિધાન કર્યું છે; વાચકોના હૃદયમાં તેનો પડઘો પણ પડ્યો છે; આપના જેવા મહાન પુરુષને પણ તે રસપ્રદ લાગી છે; તો પછી તેના જીવવાને અધિકાર કેમ નહિ?'

કલાકૃતિના નિર્માણ માટે તો કળા પોતે જ પોતાનો કાયદો છે સર્જનના આનંદ તેના પોતીકા અનોખા જ હોય છે. મહાન સર્જનહાર પછી બીજે દરજ્જે એકલા સર્જક કલાકારને જ, પોતાની મનઃસૃષ્ટિને સાકાર કરી તેને રૂપ અને આત્મા અર્પી, સજીવ સૃષ્ટિ તરીકે દુનિયા આગળ રજૂ કરવાનો અધિકાર છે. પ્રત્યેક કલાકારનો એ જન્મસંસિદ્ધ હક્ક છે. જે કોઇ પોતાનો આ હક્ક જતો કરે છે તેને પોતાની જાતને કલાકાર કહેવડાવવાનો અધિકાર નથી,—પછી ભલે દુનિયા આખી તેની કદર કરતી હોય. સર્જનશક્તિ એ એક મહાન થાપણ છે—એક પવિત્ર જવાબદારીનો બોજ છે:

'Look on it; lift it solemnly;
Stand up and walk beneath it
steadfastly.
Fail not for sorrow,
falter not for sin,
But onwards, upwards,
till the goal you win.'

(તેની સામે જ નજર રાખો; ગાંભીર્યથી તેને ધારણ કરો, ટટ્ટાર રહીને દૃઢપણે તેનું વહન કરો; કોઇ વિષાદથી હારી ન ખાઓ, કોઇ ચ્યુતિથી ડગી ના ઊઠો; પણ ધપ્યે જ જાઓ, આગે, ઊંચે, ધ્યેયસિદ્ધિ થાય ત્યાં સુધી.')

* બૉમ્બે આર્ટ સોસાએટીએ નકારેલાં ચિત્રોનું મુંબાઈની 'આર્ટ ક્લબ' તરફથી ભરાએલું પ્રદર્શન ખુલ્લું મૂકતાં ૨૩-૧-૪૩ના રોજ કરેલું ભાષણ.

'કુમાર'ને ચિરાયુ ઇચ્છતા મિત્રો અને વાંચનારાઓ જે ઉત્સાહ અને લાગણીથી પોતાનો ફાળો આપી રહ્યા છે તે માટે અમારા તે સર્વેને ધન્યવાદ છે. જેમને 'કુમાર કાર્યાલય લિમિટેડ'ની યોજનાનાં ફૉર્મ મોડાં મળ્યાં હોય તેઓ કૃપા કરીને સત્વર મોકલી પોતાની શુભેચ્છાને સક્રિય બનાવે એવી વિજ્ઞપ્તિ છે.

'કુમાર'માંથી એ ફૉર્મ નહિ ફાડવા ઇચ્છનારાઓ, તથા જેમણે એ યોજના (ગયા અંકમાં તે આખી પ્રકટ થઈ ગઈ છે) ન જોઈ હોય તેવાઓને કુમાર કાર્યાલયમાંથી તેનાં ફૉર્મ મંગાવી લેવા વિનતિ છે.

એક સંકલ્પ

● તમે જે કાગળ પર મને પત્ર લખ્યો છે તેની પાછળ મારી કેટલીક નોંધો છે. તેમાં કઠોપનિષદનું નાટક લખવાની પણ એક નોંધ છે. એ સંકલ્પ હું સાવ ભૂલી ગયો હતો; પણ એ બે શબ્દો વાંચતાંવેંત મનમાં ગોઠવાએલું એ આખું નાટક કલ્પના આગળ ખડું થયું, અને એક ક્ષણ ભજવાયું પણ—ક્યારે લખીશ તે કોણ જાણે! **उत्पद्यन्ते विलीयन्ते आलस्यानां मनोरथाः ।**

નચિકેતા એ સનાતન યૌવનનો પ્રતિનિધિ છે અને યમરાજ ખરેખર આર્ય ધર્મનો પ્રતિનિધિ ધર્મરાજ છે.

વૈદિક યમરાજ ક્રૂર નથી, ઠંડાર નથી, બિહામણો નથી; પણ પ્રેમળ, સર્વજ્ઞ, આતિથેય(host)છે. એ યમરાજ પર હું આફ્રીન છું. માર્કંડેયની કથામાં એ રાજાનું પ્રિય કરનાર દરબારી સામંત જેવો દેખાય છે; પણ મારો યમરાજ તો મોટો 'શિવલ્રસ જેન્ટલમન'છે. સાવિત્રી વખતે અને નચિકેતા વખતે કેવી દિલદારરીતે એ વર્ત્યો છે!

સાચી વાત એ છે કે કોલંબસ જેમ પહેલવહેલો અમેરિકા ગયો તેમ પહેલી જ વાર મરનાર તે યમરાજ હતા. અને મરણ પછીનો રસ્તો શોધી કાઢતાં જે મુશ્કેલી પડી તે બીજાને ન પડે એટલા માટે દરેક માણસના મૃત્યુ પ્રસંગે એ સ્વાગતાધ્યક્ષ થઈને આવે છે ને 'ઇતો', 'ઇતો' કરીને રસ્તો બતાવે છે.

એ બધું મારા નાટકમાં છે. એ નાટક લખાશે તો મને કેટલો સંતોષ થશે! દુનિયાને ગમે કે ન ગમે, પણ નચિકેતાનું અને યમરાજનું શ્રાદ્ધ કરી મને ઘણો સંતોષ થશે.

(૯–૪–૪૭ના પત્રમાંથી) **કાકા કાલેલકર**

જિજ્ઞાસા હોય તે —

● 'ફુરસદ નથી', 'સંયોગો નથી', 'સાધનો નથી', એવાંએવાં બહાનાં કાઢી જ્ઞાનપ્રાપ્તિનો દ્રોહ કરનારાઓને સન્માર્ગે વાળવા માટે આ થોડાંક ઉદાહરણો બસ થશે.

જાણીને નવાઈ લાગશે કે નીતિકથાઓના લેખક ઈસપ, ગ્રીક તત્ત્વવેત્તા એપિક્ટેટસ તથા ગુલામોના ઉદ્ધર્તા બુકર ટી. વૉશિંગ્ટને ગુલામી અવસ્થામાં સબડતાં જ પોતાનો વિકાસ સાધ્યો હતો. પ્રોટેગોરાસ નામનો ગ્રીક ફિલસૂફ કઠિયારાનો ધંધો કરતો હતો. બીજો એક ગ્રીક ફિલસૂફ ક્લીન્થીસ તો એટલો ગરીબ હતો કે તેને ઝભ્ભા નીચે પહેરવા બીજું વસ્ત્ર નહોતું. પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી હેન્રી વાઈલ્ડ દરજીનો ધંધો કરતો, જ્યારે ગણિતશાસ્ત્રી જેરોમ સ્ટોન મેળાઓમાં સોયદોરા અને કાંસકીઓ વેચી પુસ્તકો માટે પૈસા મેળવતો.

વળી પ્રખ્યાત અંગ્રેજ લેખક બેન જૉન્સને હાથમાં કડો ને ગજવામાં પુસ્તક રાખી લિંકન્સ ઇન બંધાતી વખતે કડિયાકામ કરેલું. ફુલર સાચું જ કહે છે કે, 'પ્રામાણિક ધંધો કરતા હોય તેમને શરમાવાની લેશ પણ આવશ્યકતા નથી; જેમની પાસે પ્રામાણિક ધંધો ન હોય એમણે જ શરમાવાની જરૂર છે.'

પાછલી રાતનું અજવાળિયું

જીવનના આથમવા માંડતા પહોરે, શરીર ભાંગવા માંડ્યું ત્યારે, ધંધાની વિકટ પરિસ્થિતિને કારણે નવું જીવન શરૂ કરવાની મૂંઝવણના મારા દિવસો હતા.

વદ બીજ-ત્રીજની રાત હતી, અને મોટે મળસ્કે કામે જવા ઊઠ્યો ત્યારે પાછલી રાતનું અજવાળિયું ખીલી રહ્યું હતું.

પાછલી રાતના અજવાળિયાની શીતળ મધુરતા તમે કદી માણી છે? સાકરમિશ્રિત દૂધ જેવી સુખમય મિઠાશ વડે દેહ અને દિલને તાજગીભરી ઠંડક આપતી પાછલી રાતની એ ચાંદનીનું નીતર્યું વાતાવરણ અનેરું સત્ત્વપ્રેરક હોય છે. કવિ નાનાલાલે મોટે પરોઢિયે ઊઠીને સાંઢણી પર કરેલી પંચાસરની મુસાફરી દરમ્યાન રચેલું ગીત મને યાદ આવ્યું:

પાછલી રાતનાં અજવાળિયાં . . . રે.
ચાંદનીથી ચીતર્યાં સભા — હો રણને કાંઠડલે રે.

ભાંગતી રાતના એ મીઠા અજવાળિયાને પટકે, જીવનના ભાંગતા પહોરની ગમગીન ચિંતાઓ ગળી ગઈ, અને એની ચાંદનીએ સુખમય પ્રફુલ્લિતતા વડે પ્રેરક આશાઓથી મારા મનને ચીતરી મૂક્યું.

પાછલા જીવનની કરુણતાનો નિરાશાજનક ખ્યાલ નીતારી નાખતા પાછલી રાતના અજવાળિયાના એ વાતાવરણમાં નહાતો હું મારા માર્ગે પડ્યો. અને થોડી વારે જોઉં છું તો દૂધ જેવી એ ચાંદની મધુરંગી બનીને ઊગતા પરોઢમાં પલટાઈ જતી હતી. મને થયું કે પાછલા જીવનમાં આગામી મૃત્યુના ભયાનક ખ્યાલથી લોકો શા માટે ફફડતા હશે? પ્રફુલ્લ પરોઢમાં પીગળી જતી આ પાછલી રાતની ચાંદનીની જેમ, મૃત્યુ એ પણ નવા જીવનમાં પ્રવેશ કરાવતો પ્રફુલ્લ પલટો જ માત્ર નથી? જોકે મને હજી મૃત્યુની નિરાશાએ ઘેરી લીધો ન હતો; પણ ભાવી જીવનનો મારો ચિંતાભાર તો એ ચાંદનીએ નિર્વિવાદ ગાળી નાખ્યો; અને પાછલી રાતની ભાંગતી ઘડીઓ પણ મધુરતાભરી હોય છે—બની શકે છે. એ પ્રોત્સાહક પ્રફુલ્લિતતા મારા મનમાં ફોરી રહી.

તમે 'કુમાર'ના વાચકો તો કાંઈ જીવનની પાછલી રાતમાં નહિ હો. પણ જીવનમાં નિરાશાની પળો તો સૌને આવે જ છે. કોઈ કામની નિષ્ફળતા, કોઈ પ્રિયજનનો વિયોગ, કોઈ કપરી માંદગી, કોઈ સામાજિક આપત્તિ,—એવી હતાશ કરતી પળોએ પાછલી રાતની પ્રફુલ્લિતતાને યાદ કરજો. એ અંધારી હોય છે તોપણ એમાં પ્રફુલ્લિતતા જ છુપાએલી હોય છે; અને ક્વચિત્ તો તમે મારી પેઠે અનુભવશો કે પાછલી રાત તો અજવાળી પણ હોય છે.

કોઈએ કહ્યું છે કે દુઃખસહનની વેદનાથી જ માણસનો આત્મા નીતર્યો બને છે; અંધારી ઘોર રાત ભાંગતી હોય છે ત્યારે જ પરોઢની અણદીઠ પ્રફુલ્લિતતા ફોરી રહે છે; અટલ નિરાશાની પળો વીંધતો માણસ જ તેમાંથી ભલદાયક સત્ત્વશુદ્ધિ મેળવી જીવનમાર્ગે આગળ ધપે છે.

'શાલિગ્રામ'



આજથી લગભગ એક સો વર્ષ પર જ્યારે રાનડે જેવા વિચારકોનો ઉગમ નહોતો થયો ને જ્યારે અંગ્રેજી રાજ્ય હજી નમતું આવતું હતું એ કાળમાં, એક આર્ષદ્રષ્ટાની પેઠે આપણા રાજકીય અને સામાજિક જીવનનું અન્વેષણ કરી, તે પર પ્રગત મનોવૃત્તિ, નીડર નિખાલસતા, અચૂક રોગનિદાન-કુશળતા અને વિલક્ષણ નિર્ભયતાથી વિચારો દર્શાવી એક પચીસ વર્ષના તરુણે પોતાની તેજીલી કલમથી મહારાષ્ટ્રને ખળભળાવી મૂક્યો. તે સરકારી નોકર થયો, પોતાની બુદ્ધિમત્તાથી ન્યાય-ખાતામાં સેશન્સ જજને હોદ્દે પહોંચ્યો, રાવબહાદુર અને જે. પી. થયો, ગવર્નરની કાઉન્સિલનો સભ્ય ને પહેલા વર્ગનો સરદાર થયો;—પણ એણે જ એ જમાનામાં સ્વદેશીની પહેલી હાકલ કરી; એણે જ કહ્યું કે 'અંગ્રેજો જબરદસ્તીથી કાયદા અમલમાં મૂકશે ત્યારે આપણે તેમને કહીશું કે અમને અમારા દેશનો કારભાર સારો કરતાં આવડે છે;—અમારે આપનું ગુરુત્વ નથી જોઈતું.' એણે જ દેશની સામાજિક, શિક્ષણવિષયક અને સાંસ્કારિક પ્રગતિના એકેએક અંગમાં લોકજાગૃતિ આણી પ્રજાજીવનને એક વેંત ઊંચે ચડાવ્યું. મહારાષ્ટ્રનો એ કાળનો એક અગ્રણી જ્યોતિર્ધર તે સરદાર ગોપાળરાવ હરિ દેશમુખ.

નિર્ભીક સત્યનિષ્ઠાથી તેજીલી કલમ ખળભળાવી મૂકી તેની આંખોમાં

પેશ્વાઈના અસ્ત પછી મહારાષ્ટ્રમાં ટોપીવાળાઓનું રાજ્ય શરૂ થયું. છેલ્લા પેશ્વાઓના સમયમાં દેશમાં એટલી બધી અવ્યવસ્થા પ્રવર્તી રહી હતી કે લોકોએ અંગ્રેજ રાજ્યવ્યવસ્થાને હાર્દિક આવકાર આપ્યો. પોતાનું સ્વાતંત્ર્ય ગયાનું એમને ભાન પણ ન હતું એમ કહીએ તો ચાલે.

પેશ્વાઈના નાશ માટે માત્ર બીજા બાજીરાવના પ્રતાપ જ કારણરૂપ હતા એમ તો ન જ કહી શકાય. એ વખતનો સમાજ પણ ખૂબ જ હીન હતો. એમના રીતરિવાજ અને માન્યતાઓ હાસ્યાસ્પદ હતાં. થોડા વર્ણનથી એ વખતનો ખ્યાલ આવી શકશે.

ખુદ બાજીરાવની જ વાત કરીએ. એના જેવો રાજા (રાજા જ નહિ તો શું? પેશ્વાઓ પ્રધાન નામના જ હતા) ક્યાંયે નહિ થયો હોય. એને બે જ કામ પ્રિય હતાં—વ્યભિચાર અને ભોજન. સારી વાનગીઓ બનાવવા બદલ એ રસોઇયાઓને જાગીર આપતો! શતપત્રોમાં કરેલાં એના અમલનાં કેટલાંક માર્મિક ને યથાર્થ વર્ણનો જુઓ:

'હવે બાજીરાવનું રાજ્ય નથી. ઠીક થયું! સારું થયું કે એનું સત્યાનાશ ગયું! એના જેવો ચાંડાળ આપણે જોયો નથી! એ વાઈ (એ નામનું ગામ) આવ્યો ત્યારે ૫૦૦ સ્ત્રીઓએ કૂવો હવાડો કર્યો!' બાજીરાવના ભાઈ અમૃતરાવે પુના લૂટ્યું ત્યારે '. . . લોકોને રાખના તોબરા ચડાવ્યા, કાનમાં અને ડૂંટીમાં બંદૂકનો દારૂ ભરી સળગાવ્યો . . . તવા ગરમ કરી લોકોને તે ઉપર ઊભા રાખ્યા . . . તેલ ગરમ કરી છોકરાં સુદ્ધાંના શરીર પર છાંટ્યું!' છેલ્લા પેશ્વાઓનું રાજ્ય એટલે દાદાઓનું કે ગુંડાઓનું રાજ્ય હતું. મહેસૂલનો એ વખતે ઇજારો અપાતો, એટલે પ્રજાને ઘણું સહન કરવું પડતું. પૈસા સિવાય બીજું ધ્યેય ન હતું. અને જે માણસ વધારે સ્ત્રીઓ રાખી શકે તે વધારે પૈસાદાર ગણાતો. નૈતિક મર્યાદાઓ તો સાવ ભૂંસાઈ ગઈ હતી. બ્રાહ્મણો દારૂ પીતા થઈ ગયા હતા. પુનામાં શાક્તપંથની અઘોર લીલાઓ શરૂ થઈ હતી. દંભ વધતો જ હતો કેમકે બ્રાહ્મણોની વિદ્વત્તા તો અલોપ થઈ ગઈ હતી. ધર્મનો ઉપયોગ લોકોને છેતરવા માટે જ થતો.

જે રાજ્યવ્યવસ્થામાં આવી અંધાધૂંધી ચાલી શકતી તેનો નાશ થઈ અંગ્રેજોના હાથમાં આ દેશનાં સૂત્રો ગયાં એ ઘટના લોકોને દૈવી ઘટના સમાન લાગી એમાં નવાઈ શી?

આ બધી હીન દશાનું તાદૃશ વર્ણન કરનાર પ્રથમ મહારાષ્ટ્રીય મહાપુરુષ 'લોકહિતવાદી' ગોપાળ હરિ દેશમુખ. એટલું જ નહિ પણ દેશની રાજકારણી અને સામાજિક સ્થિતિ પર ભવિષ્યવાણી ભાખનાર પહેલા દ્રષ્ટા—prophet—એ જ હતા. એમનું કહેલું મહારાષ્ટ્રે ધ્યાન દઈ સાંભળ્યું હોત તો રાષ્ટ્રીય જાગૃતિ ૧૮૫૦માં શરૂ થઈ ગઈ હોત. પણ પોતાના મહાપુરુષોને પારખવા જેટલી શક્તિ કે ઉદારતા મહારાષ્ટ્રીય બ્રાહ્મણોએ આજ સુધી ભાગ્યે જ બતાવી છે. લોકહિતવાદીની કોઈએ કદર ન કરી. એવા મહાન પુરુષ પોતાને ત્યાં જન્મ્યા હતા એનું ભાન લોકોને હજી હવે થવા માંડ્યું છે!

૨

બાજીરાવ પેશ્વા પેશ્વાઈ (પ્રધાનપદ)નો ત્યાગ કરીને અને અંગ્રેજોને બધું સોંપી દઈને સ્નાનસંધ્યા કરવા ગંગા નદીને કિનારે બ્રહ્માવર્ત (બિઠુર) સીધાવ્યા ત્યારે પુનામાં હરિપંત દેશમુખને પોતાના વકીલ તરીકે નીમતા ગયા. એ હરિપંતના ત્રીજા પુત્ર ગોપાળરાવ પુનામાં ૧૮મી ફેબ્રુઆરી ૧૮૨૩ને રોજ જન્મ્યા. પિતાના મૃત્યુ વખતે એમનું

ચલાવીને આજથી સો વર્ષ પરના અજ્ઞાન ને લાચાર મહારાષ્ટ્રીય સમાજને ઝણઝણે તેવું અંજન આંજીને જાગૃત કરનાર અગ્રણી ક્રાન્તિકર વિચારવંત

ગોપાળ હરિ દેશમુખ

લેખક : પ્રો. વસન્ત જોષી એમ. એ.

પોતાની બંડખોર અને નિર્ભય વૃત્તિથી તત્કાલીન મહારાષ્ટ્રીય સમાજની આંખોમાં ઝણઝણે એવું અંજન આંજીને આજીવન સમાજસેવા કરનારા ક્રાન્તિપ્રિય વિચારવંતોમાં સરદાર ગોપાળરાવ હરિ દેશમુખનો ખાસ ઉલ્લેખ કરવો ઘટે છે. આપણા સામાજિક, ધાર્મિક અને વૈચારિક અધઃપતનથી ત્રાસી ઊઠીને તેનો નિષેધ કરવા કલમ ઉઠાવી તે ઊભા થયા એ વખતે તેમની ઉમર ૨૫-૨૬ વર્ષની હતી. એક તરુણે શાબ્દે એવી નિર્ભિક બેદરકારીથી તેમણે પોતાની તેજલી કલમ વડે એ વખતના સમાજને આકરા ચાબખા માર્યા છે. એ વખતે લખાએલ એમના 'શતપત્રો' એટલે ચમચમાટી ઉપજાવે એવી તેમના તેજસ્વી બંડખોરપણાની નિશાની. કોઈ ઉગ્ર પૌરુષથી લોહી ઉકાળી મૂકે એવા ટીકાપ્રહાર એમણે એમાં કર્યા છે. કોઈ મૃદુ મનનો તરફડાટ અને સાત્ત્વિક સંતાપની અગ્નિશિખા તેમાં સર્વત્ર નજરે પડે છે. અજ્ઞાની દશા પ્રત્યેની ચીડ, અનાચાર માટેનો સંતાપ, ધાર્મિકવેડાનો ઉપહાસ, દાંભિકપણા માટે તિરસ્કાર વગેરે જે ઉગ્ર રૂપમાં તેમાં જણાય છે તેટલી જ ગરીબો પ્રત્યેની વિલક્ષણ અનુકંપા ને વિદ્યા માટે અકૃત્રિમ પ્રેમ પણ તેમનામાં હતાં. એમના 'શતપત્રો' એટલે ક્રાન્તિમાન વ્યક્તિમત્તાની સુંદર પ્રતિમા.

એ 'શતપત્રો'માં જે આર્ત અને કોમલ મનનો વિલાપ નજરે ચડે છે તેનું કારણ પણ તેમાંથી જ મળી રહે છે. પેશ્વાઈના અસ્ત પછી પાંચ વર્ષે ૧૮૨૩માં તેમનો જન્મ. લાચારી, અજ્ઞાન, દાંભિકપણું, સ્વાભિમાનશૂન્યતા ચારે તરફ એ વખતે વ્યાપી ગયાં હતાં. અંગ્રેજ રાજ્યનો ગુણાંશ ઓળખવા છતાં પણ, તેનાં ભાવિ ઘોર પરિણામ કેવાં આવશે તે પણ જાણનાર જે થોડા દેશપ્રેમી અને નિખાલસ સુવિજ્ઞ લોકો હતા તેમાં લોકહિતવાદીનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. આજુબાજુની શોચનીય સ્થિતિ જોઈને તેમનું અંતઃકરણ કકળી ઊઠતું. એ કઠોર પણ મૃદુ હૃદયમાં જે અમૃતધારાનો ધોધ વહ્યો તે જ તેમની તેજોમય વ્યક્તિમત્તાને ઉજાળનાર 'શતપત્રો'. એવા એ પત્રો પચીસ વરસના એક તરુણે આજથી લગભગ સો વરસ પર લખ્યા હતા એ જાણીને આજ આપણને અચંબો થયા વગર રહેતો નથી. તેમાં પાને પાને પ્રગત મનોવૃત્તિ, નીડર નિખાલસતા, અસામાન્ય વિદ્યાપ્રીતિ, અચૂક રોગનિદાનકુશલતા, વિલક્ષણ નિર્ભયતા, લોકમત પ્રત્યેની બેપરવાઈ અને જાજ્વલ્ય સત્યનિષ્ઠા વ્યક્ત થયાં છે.

('કિર્લોસ્કર'માંથી)

વય ૧૩ વર્ષનું હતું. લખવાવાંચવાનું અને હિસાબ વગેરેનું સામાન્ય જ્ઞાન ગોપાળરાવે ખાનગી શિક્ષકના હાથ તળે ઘર આગળ જ મેળવ્યું હતું,—કોઈ પ્રાથમિક શાળામાં એ બેઠેલા જ નહિ.

સાત વર્ષની ઉમરે ગોપાળરાવ પરણ્યા. ગોપાળરાવ બારતેર વર્ષના થયા ત્યાં એમના પર આફતો પડવા માંડી. પહેલાં તો એમના મોટા (ઓરમાન) ભાઈ, અને એના વિયોગદુઃખથી હરિ પંત એમ બે જણ એક જ વર્ષમાં મૃત્યુ પામવાથી કુટુંબની ઘણીખરી જવાબદારી ગોપાળરાવને માથે આવી. હરિ પંતના મૃત્યુ સાથે જ એમને મળતું વર્ષાસન બંધ થવાથી આ જવાબદારીમાં વધારો થયો. ત્રણ વર્ષ સરકારમાં ઝઘડો કર્યો ત્યારે નોકરી મળે ત્યાં સુધી દરેક છોકરાને રૂપિયા બબ્બે અને ગોપાળરાવની માતાને રૂપિયા ત્રણનાં વર્ષાસનો મળ્યાં.

પંદર વરસની ઉમરે ગોપાળરાવ હવેલીના મામલતદાર અમૃતરાવ અપ્પાજી રાનડે (તે વખતના ન્યાયમૂર્તિ રાનડેના માતામહ)ના હાથ નીચે કોર્ટમાં ઉમેદવાર તરીકે દાખલ થયા. ત્યાં ત્રણચાર વર્ષ ગાળ્યાં તે દરમ્યાન ગોપાળરાવનું હિસાબી જ્ઞાન તથા ચાલાકી જોઈ અમૃતરાવ મામલતદાર કહેતા કે આ છોકરો આગળ જતાં દફતરદાર થશે. એ વખતે દેશી લોકો માટે દફતરદારનો હોદ્દો મોટો ગણાતો.

મામલતદારની કચેરી વિશ્રામબાગમાં હતી અને તેના મેડા પર સરકારી અંગ્રેજી શાળા હતી. તેમાં વિદ્યાર્થીઓ પૃથ્વીનો ગોળો તથા જુદાજુદા દેશના નકશાઓ જોતા ને અભ્યાસ કરતા. એ જોઈ ગોપાળરાવનું મન તે તરફ આકર્ષાયું અને મનથી અંગ્રેજી અભ્યાસ કરવાનો સંકલ્પ કર્યો. પણ આ સહેલું ન હતું. એ જમાનાના બ્રાહ્મણો માટે અંગ્રેજી અભ્યાસ અપવિત્ર ગણાતો. ખુદ તેમનાં માતા જ વિરુદ્ધ હતાં. પણ ગોપાળરાવનો નિશ્ચય અફર હતો. અંતે, નિશાળેથી આવીને દેહશુદ્ધિ સ્નાન કરી ઘરમાં પેસવાની શરતે પરવાનગી મળી ને ગોપાળરાવે અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો. ત્રણ વર્ષનો ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કરી એમણે અંગ્રેજી ને ઈતિહાસમાં ખાસ પ્રાવીણ્ય મેળવ્યું: અને શાળા છોડ્યા પછી પણ ઘેર પુષ્કળ અભ્યાસ કરીને એમણે જુદાજુદા વિષયોનું ઉપયોગી જ્ઞાન મેળવવામાં આગળ ભાગ લીધો હતો.

નિશાળમાંથી એમને એટલાં સારાં પ્રમાણપત્રો મળ્યાં હતાં કે એમને અરજી કરતાં તરત જ નોકરી મળી અને ૧૮૪૪ના ઑક્ટોબરની ૧૬મી તારીખે તે સરદાર એજંટ કચેરીમાં માસિક ૭૭ રૂપિયાના પગારે નીમાયા. તે વખતે એમની ઉમર એકવીસ વર્ષની હતી. ત્યાં ચાર વર્ષ સુધી તેમણે દુભાષિયા તરીકે કામ કર્યું. ત્યાર પછી છ

---

* રત્નાગિરિ જિલ્લાના કુંભે નામે ગામમાં સિધ્યેની અટકવાળા વંશના મૂળ પુરુષ વિશ્વનાથ પંત ઈ.સ. ૧૬૫૦માં રત્નાગિરિ પ્રાંતમાં બાર ગામનું દેશમુખી વતન ખરીદ્યું અને ત્યારથી તે દેશમુખ કહેવાયા. વિશ્વનાથરાવના પુત્ર નારાયણરાવે પેશ્વાઈ શરૂ થઈ ત્યારે પોતાના ચાર પુત્રો (વામનાજી પંત, ગોવિંદ પંત, અણ્ણાજી પંત અને લક્ષ્મણ પંત)ને ફડનવીસખાતામાં નોકરી લેવા પુને મોકલ્યા. એ વખતે ફડનવીસખાતામાં નોકરી લેવી એટલે મુત્સદ્દીપણાનું શિક્ષણ મેળવવું ગણાતું; અને ઘણા મહત્ત્વાકાંક્ષી તરુણો પુને આવી રહેતા. નારાયણરાવના ચોથા પુત્ર લક્ષ્મણ પંત ઉપર પ્રસિદ્ધ નાના ફડનવીસનો ઘણો વિશ્વાસ હતો અને કેટલાંક કઠિન તથા રાજદ્વારી મહત્ત્વનાં કાર્યો તેમને સોંપાયાં હતાં. એ લક્ષ્મણ પંતના વડિલ બંધુ (અને નારાયણરાવના બીજા પુત્ર) ગોવિંદ પંતના પુત્ર હરિ પંત પુના સરકારના મોટા દરજ્જાના અમલદાર હતા. ૧૮૩૬ના મે માસની ૧૬મી તારીખે ૮૦ વર્ષની વયે તે દેવલોક પામ્યા. તેમને ત્રણ પુત્રો હતાઃ ચિંતામણિરાવ, ગોપાળરાવ અને ગોવિંદરાવ. ('બુદ્ધિપ્રકાશ'–નવેમ્બર ૧૮૯૩)

રૂપિયાના પગારે તે હેડ કલાર્ક અને તે પછી ૧૩૧ાના પગારથી એ જ ઑફિસના શિરસ્તેદાર થયા. આ દરમ્યાન એમણે ખાનગી સમયમાં અભ્યાસ કરીને ઈ. ૧૮૪૬માં મુનસફની પરીક્ષા પસાર કરી લીધી હતી; એટલે તક મળતાં જ, છ વર્ષ પછી તેમને વાઇક્ષેત્રમાં રૂ. ૨૦૦ના પગારની મુનસફની નોકરી મળી.' (૧લી ઑક્ટોબર ૧૮૫૨)

વાઇક્ષેત્રમાં ચાર વર્ષ ગાળી ગોપાળરાવ ૨૭૫ રૂપિયાના પગારે સતારામાં ઍક્ટિંગ સદર અમીન નીમાયા; ત્યાંથી ૩૦૦ના ફરમાયાથી ઈનામ કમિશન પર આસિસ્ટન્ટ કમિશનર થયા; ને તે જગ્યા પરથી સતારામાં રૂ. ૬૧૧ના પગારે સુપરી સેટલમેન્ટ ખાતામાં નીમાયા.

ઇ. ૧૮૬૧માં ઇનામ કમિશનનું કામ પૂરું થયું એટલે તેઓ મુંબાઈ સદર અદાલત (હાઇકોર્ટ)માં ડાઇજેસ્ટ કાઢવાના કામ પર બીજા ગાદનીશ રજિસ્ટ્રાર નીમાયા અને ત્યાંથી અહમદનગરના આસિ. સેશન્સ જજ તરીકે તેમને મોકલ્યા. જ્યાંથી એક વર્ષ બાદ ઈ.૧૮૬૩માં અમદાવાદના આસિ. જજ તરીકે તેઓ આવ્યા. આ જગ્યા મુંબાઇ ઈલાકામાં મેળવનાર તે પહેલા દેશી હતા.

ઈ. ૧૮૬૩માં તેમણે સનદી નોકરી (સિવિલ સર્વિસ)ની પરીક્ષા પાસ કરી, પણ ઍંગ્લો-સિવિલિયનોનો વિરોધ થવાથી એમને નોકરીનો ખાસ લાભ થયો નહિ. તોપણ કામચલાઉ જજ તરીકે તેઓ પહેલાં મુંબાઈ અને પછી અમદાવાદ આવ્યા.

ઈ. ૧૮૬૫માં તેમની નિમણૂક અહમદનગરની સ્મૉલ કૉઝ કોર્ટના જજ તરીકે થઇ. તે પછી તે સતારામાં પ્રિન્સિપલ સદર અમીન થયા અને ૧૮૬૮માં ફરીથી અમદાવાદમાં સ્મૉલ કૉઝ કોર્ટના જજ તરીકે આવ્યા. આ વખતે એ જગ્યા પર તેઓ દસ વર્ષ રહ્યા. એ એક દસકાની અમદાવાદની કારકિર્દીમાં પોતાની તેજસ્વી બુદ્ધિ, ઉચ્ચ જ્ઞાન ને ઉન્નત ચારિત્ર્ય વડે એમણે અમદાવાદના શહેરીઓની અપૂર્વ પ્રીતિ મેળવી ને ગુજરાતીઓનાં હૃદયમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું.

અમદાવાદથી એમની બદલી નાસિક થઈ એ પ્રસંગે એમનું કાયમનું નામ અમદાવાદમાં રહે તે માટે કોઈ સ્મારક રચવા એક જાહેર ફંડ અમદાવાદમાં ઉઘરાવવામાં આવ્યું હતું જે ઇ. ૧૮૮૧માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (જેના એ લાંબા વખત સુધી સેક્રેટરી હતા)ને સોંપવામાં આવ્યું હતું અને તેના વ્યાજની રકમ દર વરસે દેશી કારીગરીને ઉત્તેજન આપવામાં ખર્ચવામાં ઠરાવ્યું હતું. આજ સુધીમાં એ ફંડમાંથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ જુદાજુદા વિષય પર ઘણાં પુસ્તકો પ્રકટ કર્યાં છે.

નાસિક અને પછી થાણામાં સેશન્સ જજ તરીકે બજાવેલી એમની કામગીરીની મુંબાઈ હાઇકોર્ટે સારી પ્રશંસા કરી; અને મહારાણી વિક્ટોરિયાએ હિંદની શહેનશાહત ધારણ કરી એ પ્રસંગે ૧૮૭૬માં ભરાએલા દિલ્હી દરબારમાં ગોપાળરાવને હાજર રહેવાનું વાઇસરૉયનું ખાસ નિમંત્રણ મળ્યું. ત્યાં એમને રાવબહાદુરનો ઇલકાબ આપવામાં આવ્યો. ૧૮૭૬માં એમને જે.પી. થવાનું માન મળ્યું; ૧૮૭૮માં મુંબાઇ યુનિવર્સિટીએ તેમને ફેલો બનાવ્યા અને ૧૮૭૯માં પંચાવન વર્ષની વયે તે સેવાનિવૃત્ત થયા.

પેન્શન લીધા પછી થોડો સમય પુનામાં આવ્યા બાદ ૧૮૮૧–૮૨ અને ૮૨–૮૩માં તે મુંબાઇના ગવર્નરની કાઉન્સિલના સભ્ય થયા તથા તેમને પ્રથમ વર્ગના સરદાર બનાવવામાં આવ્યા. અને ૧૮૮૪માં તે રતલામના દીવાન થયા.

આમ એમનો ઉત્કર્ષ ઉત્તરોત્તર ચાલુ જ રહ્યો હતો; પણ વૃદ્ધાવસ્થામાં એમને ઘણા આઘાત ખમવા પડ્યા. એમને ૬ પુત્ર અને ૨ પુત્રીઓ હતાં. પાંચ પુત્રો તો યુનિવર્સિટી ગ્રૅજ્યુએટ હતા, જેમાંના એક બૅરિસ્ટર, એક હાઇકોર્ટના ઇન્ટરપ્રીટર, એક સરકારી કેમિકલ ઍનૅલાઇઝર અને એક આસિસ્ટન્ટ કલેક્ટરના હોદ્દા પર હતા. નાસિકમાં બદલી થયા બાદ પહેલાં તેમનાં જમાઈ, ત્યાર પછી એમનો મોટા પુત્ર અને પછી તેમનાં પત્ની અવસાન પામ્યાં (૧૮૮૫). એ આઘાતોથી એમનું મન ઘણું ઉદાસ રહેવા લાગ્યું. ત્યાર પછી પણ બીજા બે પુત્ર અને બંને કન્યા ગત થયાં. આમ જીવનનાં એમનાં છેલ્લાં સાતઆઠ વર્ષમાં એમના પર ઘણા આઘાત આવ્યા. પણ એ સર્વ દુઃખ ધીરજ, અને વિવેકબુદ્ધિથી એમણે સહન કર્યું. છેવટ સુધી પુનાનાં સાર્વજનિક કામોમાં પોતાની સેવા એમણે આપ્યા કરી. અંતે ઇ. ૧૮૯૨ના ઑક્ટોબરની ૯મી તારીખે એક નાની માંદગીથી તેમનું અવસાન થયું.

આ એમના જીવનની ટૂંકી રૂપરેખા. હવે એમનું સાહિત્યકાર્ય જોઇએ.

૩

૧૮૪૮માં 'લોકહિતવાદી' તખલ્લુસ ધારણ કરી ગોપાળરાવે લેખન શરૂ કર્યું એ સમયે એમણે મુન્સફની પરીક્ષા પસાર કરી હતી, પણ ક્યાંયે નીમાયા ન હતા. મુંબાઈમાં એ વખતે 'પ્રભાકર' નામનું એક અઠવાડિક પ્રગટ થતું. એમાં બે અઢી વરસ સુધી એમની એક પત્રમાળા પ્રકટ થઈ, જે પાછળથી 'शतपत्रें' (સો પત્રો) નામથી બહાર પડેલી. એ 'શતપત્રો'ની નવી આવૃત્તિ હમણાં ૧૯૪૦માં બહાર પડી ત્યારથી મહારાષ્ટ્ર 'લોકહિતવાદી'ને ઠીક ઓળખતું થયું છે.

૧૮૫૦થી ૧૮૭૭ સુધીનાં વર્ષો ગોપાળરાવે અભ્યાસમાં ગાળ્યાં. ૧૮૭૭માં 'जातिभेद' પ્રકટ થયું. '૭૮માં 'गीतातत्त्व' અને 'सुभाषित' એ બે પુસ્તકોનું પ્રકાશન થયું. '૮૦માં 'स्वाध्याय' અને 'आश्वलायन गृह्यसूत्र' બહાર પડ્યાં. 'स्वाध्याय' એ ગ્રંથ એ સમયના મરાઠી સાહિત્યમાં અપૂર્વ હતો એમાં લેખકની ચિકિત્સક અને સંશોધક બુદ્ધિ સારી રીતે દેખાઇ આવે છે. વેદ, ઋચા, તથા મંત્રની માહિતી, પારાયણના પ્રકાર, પઠન કેવી રીતે કરવું તે અને એવા બીજા ઘણા વિષયો એમાં ચર્ચાયા છે. બ્રહ્મકર્મ માટે આ ગ્રંથ જેવો માર્ગદર્શક અન્ય ગ્રંથ મળવો મુશ્કેલ છે. એમાં મુખ્ય વિષયના પ્રતિપાદન પછીનાં એકવીસ પરિશિષ્ટોમાં ઇતિહાસ, ભૂગોળ, વર્ણભેદ, રાજ્યમીમાંસા, દેશસુધારણા, એવા કેટલા યે વિવિધ વિષયોને સ્થાન મળ્યું છે. ૧૮૮૩માં 'આગમપ્રકાશ' પ્રકટ થયું. આ 'આગમપ્રકાશ' અને 'નિગમપ્રકાશ' એમણે મૂળ ગુજરાતીમાં લખ્યાં હતાં, જેનું પાછળથી એમણે મરાઠીમાં રૂપાંતર કર્યું હતું. ગુજરાતમાં વસીને તે ગુજરાતી જેવા જ બની ગયા હતા અને ગુજરાતી ભાષા પર સારૂં પ્રભુત્વ મેળવ્યું હતું. 'બુદ્ધિપ્રકાશ'માં પણ તેમણે આપણા ઇતિહાસ, સાહિત્ય, સંસ્કૃતિ વગેરે વિષયો પર 'લો. હિ.'ની સહીથી ઘણા લેખો લખ્યા છે.

'લોકહિતવાદી'નાં બીજાં યે ઘણાં પુસ્તકો છે. પણ એમના સાહિત્યનું વિવેચન અહીં અસ્થાને હોવાથી અહીં એમનો નામનિર્દેશ જ થઇ શકે. તે પરથી પણ એમના વિવિધ જ્ઞાન ને અભ્યાસનો ખ્યાલ આવશે. '૮૩ પછી બહાર પડેલા એમના ગ્રંથોમાં 'ઐતિહાસિક વાર્તાઓ', 'રાજસ્થાનનો ઇતિહાસ', 'ગુજરાતનો ઇતિહાસ', 'લંકાનો ઇતિહાસ', 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', 'પૃથ્વીરાજ ચૌહાણનો ઇતિહાસ' 'ઉદેપુરનો ઇતિહાસ' અને 'પાણીપતની લડાઇ' છે. આ એમના મોટા ગ્રંથ થયા. તે સિવાય 'વિદ્યાલહરી', 'ભિક્ષુક', 'કલિયુગ', 'એક દિવસમાં લખાએલું પુસ્તક', 'લાંચ', 'બાળલગ્ન' અને એવાં તો ઘણાં પુસ્તકો છે. નાનાંમોટાં મળીને એમનાં લગભગ ૪૦ પુસ્તકો પ્રકટ

થયાં છે. એ ઉપરાંત એમનું અપ્રકાશિત લખાણ હજી ઘણું યે પડ્યું રહ્યું હોવું જોઈએ; એમના અભ્યાસની હકીકતબંધ નોંધો એમના દફ્તરમાં પડી છે; કેટલા યે મોટા લોકો સાથેના પત્રવ્યવહારનાં તો પોટલાંનાં પોટલાં પડ્યાં છે. એ બધાંનું સંપાદન અને મુદ્રણ થવું જરૂરનું છે, પણ એ કામ ઉપાડશે કોણ?

*એમના સાહિત્યનું આ દિગ્દર્શન થયું. પણ માત્ર ગ્રંથોનાં નામ ગણાવવાથી લેખકની મહત્તા પુરવાર ન થઈ શકે. એટલે એમના વિચારોનો થોડો પરિચય આવશ્યક થઈ પડે છે. એને માટે હું એમનો પ્રાતિનિધિક સંગ્રહ 'શતપત્રો' (૧૮૪૮-૧૮૫૦) લઉં છું.

હિંદુસ્તાનમાં અંગ્રેજોનું રાજ્ય સ્થપાયું એને 'લોકહિતવાદી' ઈશ્વરી યોગાયોગ ગણતા. અંગ્રેજો એમને ગુરુસ્થાને હતા. તેમ છતાં 'અંગ્રેજ રાજ્યવ્યવસ્થામાં લોકોની દશા સુધરવાની નથી. આપણા લોકોને બધા અધિકાર મળવા જોઈએ અને સ્વદેશીય અમલદારો નિઃસ્પૃહતાથી પોતાની ફરજ અદા કરે તો રામરાજ્ય પણ ભૂલાઈ જશે' એમ તેઓ કહેતા. 'અંગ્રેજો ભારતવાસીઓને લૂંટવા અહીં આવ્યા છે, અહીંના લોકોને ભિખારી જેવા કરી દેવાના છે, એટલે આપણે સરકાર સાથે ઝગડવું જોઈએ, વિલાયતમાં રાણી પર અરજી કરી આપણે માટે પાર્લામેંટ માગવી જોઈએ' એવી એમણે એ વખતે સૂચના કરી હતી. લોકોનાં સુખ અને સમૃદ્ધિ માટે લોકસત્તાક રાજ્યવ્યવસ્થાની જરૂર છે; અને લોકોની સંમતિથી જ નવા કાયદા ઘડાવા જોઈએ. પરદેશમાંથી આવે છે તે માલ આપણે ત્યાં જ બનવો જોઈએ. આવું થશે ત્યારે લોકો અંગ્રેજોને કહેશે 'હવે અમને રાજ્યકારભાર આપો. . . ઈશ્વરે બધાં માણસોને સમાન સરજ્યા છે. . તમે અહીં વેપાર માટે ભલે આવતા. . . .પણ દેશની વ્યવસ્થા તો અમે જ જોઈશું. પણ અંગ્રેજો માનશે નહિ. ગટબટ કરવા માંડશે અને જબરદસ્તીથી કાયદાઓ અમલમાં મૂકવા આગ્રહ કરશે ત્યારે અમેરિકામાં થયું તેમજ અહીં થશે અને લોકો સ્વતંત્રતા મેળવશે.' અને આ બધું લખાયું ૧૮૪૯માં! અને તે પણ એક સરકારી નોકરે લખ્યું! નવાઈ પામવા જેવું નથી આ?

'આપણે ત્યાં પહેલાં વર્ણવ્યવસ્થા હતી. પણ હવે ત્રણ વર્ણોનું કામ અંગ્રેજો કરે છે. આપણા નસીબમાં તો શૂદ્રનું કામ જ લખાયું છે. હાથમાં વેપાર રહ્યો જ નથી. આપણા બજારમાં પરદેશી ચીજો જ વેચાય છે'. આ અવનતિ જોઈ 'લોકહિતવાદી' લખે છે: 'આપણા લોકોએ ભેગા થઈ એવું નક્કી કરવું જોઈએ કે આપણા દેશમાં બીજા મુલકમાં બનેલો માલ આયાત થાય તોપણ તે આપણે ખરીદવો નહિ; આપણે ત્યાં બને છે એટલો જ લેવો; આપણા લોકો જાડું તેમજ ખરાબ કાપડ બનાવે છે, પણ તે જ પહેરવું; અહીં છત્રીઓ બને છે તે જ વાપરવી. તેથી દેશમાં જ વેપાર રહેશે અને સુખ વધશે. પણ આપણા લોકો તેમ કરતા નથી અને સસ્તી મળે છે એ કારણસર વિલાયતી ચીજો ખરીદે છે. ખરું જુઓ તો આપણે આપણા દેશનું માત્ર અનાજ જ ખાઈએ છીએ. પરદેશથી હજી અનાજ આવતું નથી! બાકીનું બધું પરદેશી. આપણાં કપડાં, આપણી છત્રી, આપણાં ચપ્પુ-કાતર, આપણાં ઘડિયાળ, આપણી ગાડી, આપણી ચોપડીઓ—બધું જ પરદેશી. આપણે અનાજ જ સ્વદેશી વાપરીએ છીએ. આને લીધે બધો વેપાર બેસી ગયો છે. મજૂરો–કારીગરો ઘેર બેસી ગયા છે . . . . એટલે જ લોકોએ નક્કી કરવું જોઈએ કે અમારા દેશમાં બને તે જ પહેરીશું, તે જ વાપરીશું, પછી તે ગમે એટલું ખરાબ હોય. અને અહીં બધું બનાવતાં શીખીશું . . . પછી હુન્નરો ખાંડી રૂ અહીંથી વિલાયત શા માટે જશે? વણકરોએ નિશ્ચય કરવો કે અંગ્રેજોને તૈયાર કાપડ વેચીશું; રૂ કદાપિ નહિ. તેથી લોકો સુખી થશે.'

આ બધું ૧૮૪૯માં લખાયું હતું! ન્યાયમૂર્તિ રાનડેનું સ્વદેશી વિષેનું પહેલું ભાષણ થયું આ લખાયા પછી પચીસ–ત્રીસ વર્ષે! અને ૧૯૩૦માં પણ આપણે બહિષ્કાર અને સ્વદેશીની જ વાતો કરતા હતા! શી આપણી પ્રગતિ!

આ થયા રાજકારણ વિષેના એમના વિચારો. સામાજિક સુધારામાં પણ 'લોકહિતવાદી'એ આગળપડતો ભાગ લીધો. 'વિધવા-પુનર્લગ્ન' વિષેના એમના પત્રો આજે પણ વાચનીય છે. બ્રાહ્મણોને એમણે દીધી છે એટલી ગાળો ભાગ્યે જ બીજા કોઈ બ્રાહ્મણ લેખકની કલમમાંથી ઊતરી હશે. અર્થશાસ્ત્રના મૂળ સિદ્ધાંતો એમણે સાદી ને સરળ ભાષામાં સમજાવ્યા છે. એમનું સાહિત્ય વાંચતાં હરઘડી એવું લાગ્યા કરે છે કે એમના જેવો દ્રષ્ટા મહારાષ્ટ્રમાં કોઈવાર જન્મ્યો નથી.

૪

ઉપર લખ્યું જ છે કે સમાજસુધારામાં 'લોકહિતવાદી'એ આગળપડતો ભાગ લીધો. પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, થિયૉસફી એ પંથ અને પંથીઓ જોડે એમને ઘણી મિત્રાચારી હતી. ૧૮૬૯માં મહારાષ્ટ્રમાં 'પુનર્વિવાહ' પ્રકરણ ઠીક ગાજ્યું. એમાં સાત 'અધ્વર્યું' હતા, જેમાંના એક 'લોકહિતવાદી' હતા. અને વિધવા–પુનર્લગ્નનો પુરસ્કાર કરવા બદલ તેઓ નાતબહાર પણ મુકાયા હતા. 'જ્ઞાનપ્રકાશ' અને 'ઈન્દુપ્રકાશ' એ વર્તમાનપત્રો શરૂ કરવામાં એમનો હાથ હતો જ. 'ઈન્દુપ્રકાશ'ના અંગ્રેજી અગ્રલેખો તેઓ જ લખતા, તેમજ અમદાવાદમાં ગુજરાતી પત્ર 'હિતેચ્છુ'ને પણ તેમની જબરી ઓથ હતી અને તેનું અંગ્રેજી પાનું પણ તે લખતા. પુનાની ડેક્કન વર્નાક્યુલર ટ્રાન્સ્લેશન સોસાયટી અને અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં પણ એમણે સારું કામ કર્યું હતું. ગુજરાતમાં પ્રાર્થનાસમાજની સ્થાપના, વક્તૃત્વસભા, પુનર્લગ્નમંડળ, હેમાભાઈ ઇન્સ્ટીટ્યૂટનાં ભાષણસત્રો, એવાં ઘણાં કાર્યો એમને ખાતે જ જમા છે. પંઢરપુરના જાણીતા અનાથ બાલકાશ્રમની સ્થાપનામાં એમનું ઘણું જ પ્રોત્સાહન હતું. ૧૮૭૭માં નાસિકમાં પણ એમણે એવો જ પ્રયત્ન કર્યો હતો. મુંબાઈ આર્યસમાજના તેઓ ઘણાં વર્ષ પ્રમુખ હતા. અને દયાનંદજીએ એમને અજમેર આર્યસમાજના ટ્રસ્ટી નીમ્યા હતા. એ વખતની પ્રગતિશીલ સંસ્થાઓ જોડે 'લોકહિતવાદી' કેવો સંબંધ ધરાવતા તે આ પરથી સ્પષ્ટ થશે.

'લોકહિતવાદી'નો પરિચય હજી કેટલોક કરાવીએ? એ મહાપુરુષની આમરણ વિદ્યાર્થીવૃત્તિ વિષેનું જ્ઞાન બધાને આવશ્યક છે. આવા દૂર દૃષ્ટિવાળા નેતા અને દ્રષ્ટા વિરલ જ જન્મે છે. આપણા દેશમાં તેઓ જન્મ્યા એ આપણું અહોભાગ્ય. •

---

* અંગ્રેજી અને મરાઠી ઉપરાંત એમને ગુજરાતી, ઉર્દૂ, ફારસી અને સંસ્કૃત ભાષાનું પણ ઉત્તમ જ્ઞાન હતું. વાચનનો એમનો શૉખ ઉત્કટ હતો. મુંબાઇ ઈલાકાની જૂનામાં જૂની પુનાની નેટિવ જનરલ લાયબ્રેરીની સ્થાપનામાં એમણે ખૂબ જહેમત વેઠેલી. વિદ્યાનો પ્રચાર દેશજનોમાં કરવાના તે એટલા ઉત્સાહી હતા કે પોતાનાં ૫૦૦૦ રૂપિયાનાં કિંમતી પુસ્તકો એકી વખતે મફત અર્પણ કરી દીધાં હતાં, અને ફક્ત ટપાલ ખર્ચ મોકલીને જેને જોઈએ તેને મંગાવી લેવા તેમણે જાહેર ખબર છપાવી હતી. આ ઉપરાંત જુદાંજુદાં પુસ્તકાલયોમાં તેમણે ઘણાં પુસ્તકો ભેટ આપ્યાં છે. ('બુદ્ધિપ્રકાશ' નવેમ્બર ૧૮૯૩).

• આ પરિચય લખતી વખતે 'શતપત્ર'નો ઘણો જ ઉપયોગ કર્યો છે.

નરભક્ષી સિમ્બા!



આ વાર્તામાં આવતા બંને સિંહના અવશેષો શિકાગોના 'ફીલ્ડ' મ્યૂઝિયમ માટે મિ. સ્ટૅન્લી ફીલ્ડે ખરીદી લીધેલા; તે મઢી તૈયાર કરી ત્યાં ગોઠવેલા છે, તેના ફોટોગ્રાફ ઉપરથી આ આલેખન આપેલું છે. કેશવાળી ન હોવા છતાં આ બંને પ્રાણી 'નર' છે. આફ્રિકામાં મોટી ભારે કેશવાળીવાળા તેમજ કેશવાળીના નામનિશાન વિનાના પણ પુખ્ત ઉમરના બંને પ્રકારના સિંહો એક જ પ્રદેશમાં એકસાથે રહેતા જોવામાં આવે છે.

લેફ્ટેનન્ટ કર્નલ જે. એચ પૅટર્સનના અંગ્રેજી પુસ્તક 'ધ મૅન-ઈટર્સ ઑવ ત્સાવો' ઉપરથી રૂપાંતર કરનાર

હરિનારાયણ આચાર્ય

[The Man-Eaters of Tsavo: ગોરા કાળા ઘઉંવર્ણા દોઢસો ઉપરાંત માણસોને ફાડી ખાનાર ત્સાવોના બે મનુષ્યભક્ષી સિંહોને લગતી છે. કર્નલ પૅટર્સનની આ પરાક્રમકથા, ત્સાવો સ્ટેશને નોકરી કરી આવેલા મારા ગામના એક યુવાન પાસેથી સને ૧૯૧૫ના ઉનાળાની રજાઓમાં મને વાંચવા મળેલી. એ જ વખતે એણે મારૂં મન હરી લીધું હતું. ત્યાર બાદ સને ૧૯૨૯-૩૦ના અરસામાં શ્રી રવિશંકર રાવળે 'કુમાર'ના વાચકોને આ રોમાંચક અનુભવોનો આસ્વાદ ચખાડવાની સૂચના કરી. ક્ષણિક ઉત્સાહના આવેશમાં મેં એ પુસ્તક ખરીદી પણ લીધું; પણ હમેશાં બનતું આવ્યું છે તેમ, મારા ઉત્સાહનો ઊભરો શમી જતાં એ વાત ઓળંભે પડી. તે આજે આટલે વરસે (સને ૧૯૪૩) 'કુમાર'ના વાચકો આગળ સાદર કરૂં છું. અઠ્ઠાવીસ વરસ સુધી જે પુસ્તકનું એકધારૂં આકર્ષણ રહે, કૉલેજ-જીવનના અધકચરા અનુભવ અને કલ્પનામય વાતાવરણમાં જેણે મોહ લગાડ્યા, તે આજે, પ્રાણિજીવનના દીર્ઘ અભ્યાસ અને અવલોકનોને અંતે પણ એટલું જ, બલ્કે વધુ પ્રમાણમાં આકર્ષણ કરે, એ એક જ વાત એ પુસ્તકની મહત્તાની સાક્ષી પૂરે છે. આ મહત્તા મારા એકલાના મનની નથી. દુનિયાના અનેક સમર્થ તજ્જ્ઞોએ પણ એ પુસ્તકનાં આવાં જ નિર્ભેળ ગુણગાન કર્યાં છે. ખ્યાતકીર્તિ થીઓડોર રૂઝવેલ્ટ અને અઠંગ શિકારી સેલસ જેવા એના પ્રશંસકાગ્રણીઓ છે.

આફ્રિકામાં શિકાર કરનારા તો અનેક નીકળ્યા છે. સેલસ, બેકર, રૂઝવેલ્ટ, ટગમોર, એકલે, મૅક્સવેલ અને જ્હૉન્સન દંપતી જેવા સમર્થ શિકારીઓની સાહસકથાઓ અને અજોડ અનુભવો આપણી સમક્ષ પડ્યાં છે. એમના અનુભવોની વિવિધતા તેમ સંખ્યા આગળ પૅટર્સનના અનુભવો અત્યંત પરિમિત ગણાય. છતાં ઉપર જણાવેલા લેખકોના ગ્રંથોનું મેં જાતે પરિશીલન કર્યું છે, એટલે હું કેવળ પરંપરાને અનુસરી અભિપ્રાય આપતો નથી. એ બધાએ કરતાં 'મૅન ઈટર્સ'નું આકર્ષણ વધુ રહે છે. એનું કારણ? કારણ દીવા જેવું છે. આ બધા નિષ્ણાત શિકારીઓ હતા. એમની પાસે અગણિત સાધન હતાં. અસંખ્ય માણસોનો સાથ હતો. અઢળક ધન ખરચીને તૈયારીઓ કરી કેવળ શિકારના ઉદ્દેશથી આફ્રિકા ખંડ એમણે ખૂંદ્યો હતો. જ્યાં સિંહ, હાથી, હીપો અને ગેંડાના ખાસ વસવાટ હોય એવે સ્થળે જ એ જતા. અનેક દિવસનો પડાવ નાખી શિકાર ખેલતા. એમાં અનેક વિકટ અને પ્રાણઘાતક પ્રસંગો પણ આવતા. એમનામાં વીરતા હતી, ઉત્સાહ હતો, દૃઢતા અને ધૈર્ય હતાં. પ્રાણ જાય એવે પ્રસંગે પણ એ પગ પાછો ધરતા નહિ. છતાં એમની વીરતાની વાતો પૅટર્સનના જૂજ અનુભવો આગળ ઝાંખી પડી જતી દેખાય છે. શાથી? પૅટર્સન સામાન્ય ઇજનેર હતો. રેલ્વેનો રસ્તો બાંધવાની નોકરી કરવા ઇંગ્લંડથી આફ્રિકા આવ્યો હતો. હજારો મજૂરો વચ્ચે એને રાતદિવસ કામ કરવાનું હતું. એમાંથી એને નવરાશ મળે એમ ન હતું. શિકાર કરવાની એની નેમ પણ ન હતી. બંદૂક ફોડતો તે કેવળ ખાવાનું મેળવવા પૂરતી જ. આવા મોળા જીવન દરમ્યાન અચાનક એને અત્યંત બુદ્ધિશાળી, ચાલાક, ભયંકર માણસખાઉ વિકરાળ સિંહોનો સામનો કરવો પડ્યો. હજારો અસહાય મજૂરોના પ્રાણસંરક્ષણની જવાબદારી અણધારી એને માથે આવી પડી. એ પ્રસંગે એણે એકલે હાથે જે પુરુષાર્થ કર્યો, સિંહોનો વધ કરી નિર્દોષ માનવોનો અકારણ હત્યાકાંડ થતો અટકાવ્યો, એ કથાની રોમાંચકતા જ એની મહત્તાની સાક્ષી છે. મારા તમારા જેવા શાંતિપ્રિય સામાન્ય પ્રાકૃતજનના જીવનમાં અકસ્માત આવી પડે એવી ઘટનાઓ વખતે પૅટર્સને દેખાડેલી વીરતા જ આપણને આકર્ષે છે. એમાં આપણે એક જાતનો સમભાવ અનુભવીએ છીએ. આવો અનુભવ ભલભલા અઠંગ શિકારીઓને પણ થતો નથી, છતાં રજ પણ અતિશયોક્તિ, આત્મશ્લાઘા કે ગર્વની માત્રા સિવાય આ બધા બનાવો, આપણા રોજના જીવનની સામાન્ય વાતો પેઠે, પૅટર્સને વર્ણવ્યા છે. એટલે જ એ વધુ હૃદયંગમ બની શક્યા છે. બંગાળના સુંદર વનના જલપ્રદેશમાંએક વાર વાઘનો અતિશય ઉપાડો

હતો. એમની વચ્ચે જઈ વસતિને રંજાડતા ચારસો જેટલા વાઘનું એકલે હાથે નિકંદન કરનાર શિકારીનાં સાહસકર્મો મેં સાંભળ્યાં છે; છતાં હું કબૂલ કરું છું કે મને એમાં પૅટર્સનના અનુભવ જેટલો રસ પડ્યો નથી. હું અને તમે. પૅટર્સનના જેવી સ્થિતિમાં મુકાઈએ તો શું કરીએ : એ વિચાર કરતાં આપણે આ તફાવત સમજી શકીએ છીએ. આ જ પૅટર્સનના પુસ્તકની મહત્તાની ચાવી છે. એથી જ હું આશા રાખું છું કે પૅટર્સનની આ પરાક્રમકથાઓએ જેવી રીતે સેલસ અને રૂઝવેલ્ટ જેવા અસંખ્ય સમર્થ અનુભવી પ્રાણિવિદોનાં મન હરી લીધાં છે, જેવી રીતે આજે શ્રી રવિશંકર રાવળ જેવા કલાસ્વામીને મુગ્ધ કર્યા છે અને જેવી રીતે મારા જેવા સામાન્ય વાચકોને પણ આકર્ષ્યા છે, એવી જ રીતે 'કુમાર'ના સહૃદય વાચકોને પણ એ આકર્ષશે.
—હ.]

૧ આસ્તાવિક

સને ૧૮૯૮ના માર્ચની પહેલી તારીખે બપોરે મેં આફ્રિકાના પૂર્વકિનારે મોમ્બાસા ટાપુમાં પગ મૂક્યો. એ વખતે યુગાન્ડા રેલવે બંધાતી હતી અને એના ઇજનેર તરીકે મારી નિમણૂક થવાથી એ સ્થાન સંભાળવાના હેતુથી જ હું પૂર્વ આફ્રિકામાં આવ્યો હતો. એટલે કિનારે ઊતરતાં જ રેલવેની હેડ ઑફિસ ક્યાં આવેલી છે, એની મેં કસ્ટમ ખાતામાં પૂછપરછ કરી. ત્યાંથી જાણ મળી કે રેલવેનું વડું મથક મોમ્બાસાથી બે-એક માઈલ છેટે કિલિન્દિની નામના ગામમાં હતું અને ટ્રામમાં ત્યાં જવાતું હતું. કિલિન્દિનીમાં પહોંચીને મેં રેલવેની ઑફિસમાં તપાસ કરી તો મને કહેવામાં આવ્યું કે મારે અંદરના પ્રદેશમાં રહેવાનું છે અને બે-એક દિવસમાં ચોક્કસ સૂચનાઓ આપવામાં આવશે. એટલે મેં રેલવેની પડખે જ તાડની છાયામાં મારો તંબૂ ઊભો કર્યો અને આ ટાપુ જોવામાં તથા જરૂરી ખાદ્ય પદાર્થો અને સાધનસામગ્રી ભેગી કરવામાં હું પડ્યો.

એમાં ને એમાં એક અઠવાડિયું વીતી ગયું. ત્યાં એક સવારે અચાનક કંપનીનો હુકમ આવ્યો કે મારે અહીંથી ૧૩૨ માઈલ દૂર આવેલા ત્સાવો નામના સ્થળે જવાનું છે અને ત્યાં સુધી પહોંચેલા રેલવે માર્ગને આગળ બાંધવાનું કામ ઉપાડી લેવાનું છે. એટલે બીજે દિવસે બાંધકામખાતાના વડા મિ. ઍન્ડર્સન અને રેલવેના મુખ્ય વૈદ્યકીય અધિકારી ડૉ. મૅક્કલૉક સાથે સ્પેશ્યલ ટ્રેનમાં હું નીકળ્યો. એ આખો પ્રદેશ મારે માટે તો સાવ અજાણ્યો હતો, એટલે મને આખી મુસાફરીમાં ખૂબ મજા પડી.

મોમ્બાસા ટાપુ અને આફ્રિકાની ભૂમિ વચ્ચે માકૂપાની ખાડી આવેલી છે. એના ઉપરના સૅલિસબરી પૂલ ઓળંગતાં જ રેલવે લાઈન રમણીય વનરાજિ વચ્ચે થઈને ૨૦ માઈલ સુધી ઊંચે ચડતી હતી. પાછળ નજર નાખતાં ઝાડી વચ્ચે અવારનવાર કિલિન્દિની અને મોમ્બાસાનાં મનોહર દૃશ્યો નજરે પડતાં હતાં. એની પાછળ આંખ પહોંચે ત્યાં લગી હિન્દી મહાસાગરનાં નીર ખુશનુમા સૂર્યપ્રકાશમાં ચમકતાં પથરાએલાં હતાં. આમ ઉપર ચડતાંચડતાં રાબાઈ પહાડની ટોચે પહોંચતાં અમે તાકના રણમાં પ્રવેશ કર્યો. જૂજ જૂજ ઝાળાં-ઝાંખરાં સિવાય બધે લાલ રેતીથી છવાએલો એ સુક્કોભંખ પ્રદેશ હતો. ત્યાં જંગલી પ્રાણીઓ ઠીકઠીક પ્રમાણમાં વસતાં હોવાનું મનાતું હતું. છતાં તેઓ નીચાં ઝાળાંમાં ભરાઈ બેસવાને લીધે અમને ચાલતી ગાડીમાંથી જોવાનું ખૂબ અઘરું હતું. જોકે થોડાંક તો નજરે પડ્યાં. કોઈકોઈ સ્થળે ત્યાંના આદિવાસીઓ વા ન્યાઇકા ('વેરાનનાં સંતાન') પણ જોવામાં આવ્યા.

દરિયાકિનારાથી ૮૦ માઈલ છેટે માકેન્ગૂ આવતાં રણ પૂરું થયું, છતાં જમીનમાં ફેર પડતો દેખાતો હોય તો તે માત્ર રેતીના બદલાતા રંગ પૂરતો જ. ત્યાંથી અમે વોઈ પહોંચ્યા. આટલી મુસાફરીમાં રેલવેનું મહત્ત્વનું મથક આ પહેલું જ આવેલું હોવાથી, ત્યાં ચાલતા બાંધકામને તપાસવા અમે થોડો વખત રોકાયા. ત્યાંથી મુસાફરી શરૂ થતાં જ થોડી વારમાં અમારું ધ્યાન ખેંચાયું કે અમારી આસપાસના પ્રદેશમાં એક જાતનો મનગમતો ફેરફાર થતો જાય છે. ન્ડાઇ નામના સ્થળથી તો રેલવે લાઈન કેટલાક માઈલ સુધી રમણીય જંગલો વચ્ચેથી જતી હતી. દક્ષિણે "વા તૈતા" લોકની નિવાસભૂમિ 'ન્ડાઇ' પર્વતમાળા દેખાતી હતી. જમણી તરફ ન્યંગુના ટેકરાઓની સીધી ધાર માઈલો લગી પથરાએલી ઊભી હતી. અહીંથી અમારો પ્રવાસ ધીમી ગતિએ થતો હતો, કારણ નવી બંધાતી રેલવેના બાંધકામને તપાસવા અમારે વારંવાર સ્થળે સ્થળે રોકાવું પડતું હતું. આમ રોકાતા રોકાતા આખરે દીવા ટાણે અમે અમારા નિર્ણિત સ્થળ ત્સાવોમાં આવી પહોંચ્યા. રાતની રાત મને ત્યાં ગાળવાની હતી. એટલે મારી પહેલાં આવી ગએલા કોઈ મુસાફરે બાંધેલા એક ખાલી ઝૂંપડામાં મેં પથારી કરાવી. ઝૂંપડું તાડનાં પાનનું બનાવેલું જીર્ણ દશામાં હતું. દરવાજા જેવું કાંઈ મળે જ નહિ. એની અંદર પ્રવાસખાટલામાં પડ્યાં પડ્યાં હું ભાંગેલા છાપરામાંથી ડોકિયાં કરતા તારા ગણી શકતો હતો. એ વખતે મને ખ્યાલ સરખો પણ ન હતો કે આ જ પ્રદેશમાં મારા માટે આકરા અનુભવોની પરંપરા તૈયાર ઊભી હતી. મને રજ પણ ખબર હત કે જે ઘડીએ એ ભાંગીતૂટી ઝૂંપડીમાંથી હું નિશ્ચિંત મને આકાશદર્શન કરી રહ્યો હતો એ જ વખતે બે ભૂખ્યા વિકરાળ વ્યાળ શિકારની શોધમાં મારી આસપાસના પ્રદેશમાં ભમી રહ્યા હતા, તો આંખનું મટકું પણ હું મારી શક્યો હત કે કેમ તેની મને આજે પણ શંકા આવે છે.

બીજે દિવસે સવારે મારા નવા નિવાસસ્થાનનો પરિચય કરવાની ઉત્કંઠામાં હું વહેલો ઊઠ્યો. ઝૂંપડી બહાર નીકળી જોઉં છું તો આસપાસ દુર્ગમ અરણ્યની ગીચ ઝાડી ફરી વળી હતી. પાસે આવેલી ટેકરી ઉપર ચડીને જોતાં નજર પહોંચે ત્યાં સુધીનો તમામ પ્રદેશ નાનાં ઝાડવાં અને કાંટાળાં ઝાળાંઝાંખરાથી છવાએલો હતો. ક્યાંયે ઉઘાડ હોય તો તે રેલવે લાઈન બાંધવા માટે સાફ કરેલી જંગલની સાંકડી પટ્ટી પૂરતો જ. અંત વગરનો ન્યાઈકા એટલે પર્ણહીન ફીકી છાલવાળા વામન વૃક્ષોનો આ વગડો કદરૂપો અને બળ્યોઝળ્યો દેખાતો હતો. વચ્ચે વચ્ચે સૂરજના તાપમાં શેકાએલા ઘેરા લાલ રંગના ટેકરા ડોકિયાં કરતા હતા અને એમની સૂકીભંખ દશાથી આ પ્રદેશની કુરૂપતામાં વધારો કરતા હતા. આઘે ઈશાન ખૂણામાં ન્યંગુ પર્વતની હારમાળા પથરાએલી હતી. દક્ષિણે આઘે કિલિમાન્જારો પર્વતનાં બરફથી આચ્છાદિત ઉત્તુંગ શિખરો દેખાતાં હતાં. એ સિવાય આ બળબળતા પ્રદેશમાં આંખ ઠારે એવું કંઈક હોય તો અમારા આંગણામાં આવેલી 'ત્સાવો' નદી હતી. એનાં શીતળ નીર બારે માસ ઝડપથી વહેતાં રહેતાં હતાં. આવી ઝડપ પૂર્વ આફ્રિકાના પ્રદેશ માટે અપવાદરૂપ જ ગણાય. એના કિનારે ઊગેલાં ઝાડની ઊંચી લીલી ઘટા આ સુકા પ્રદેશમાં આંખને ઠારનાર એકમાત્ર આકર્ષણ હતું.

દિવસ ચડતો હતો, એટલે આટલું પ્રાથમિક અવલોકન કરીને હું નીચે ઊતર્યો. ગઈ રાતવાળી ઝૂંપડીને પડખે જ પણ મજૂરોના વસવાટથી રાહેજ છેટે થોડું જંગલ સાફ કરીને મારો તંબૂ ઊભો કરી દીધો અને ગાંસડાંપોટલાં છોડી સરસામાન સરખો કરવાની ખટપટમાં પરોવાયો.

આ વખતે રેલવે લાઈન ત્સાવો નદીના પશ્ચિમ તટ સુધી આવી

પહોંચી હતી. હજારો હિંદી તેમજ બીજા મજૂરોનો વિશાળ પડાવ ત્યાં થયો હતો. રેલવેને આગળ ધપાવવાનું કામ ખૂબ ઝડપથી કરવાનું હોવાથી ત્સાવો નદી ઓળંગવા એક આડફેટ રસ્તો કાઢી કાચો પૂલ બાંધી લીધો હતો. મારૂં કામ આ સ્થળે પાકો પૂલ બાંધી એની બંને તરફ ત્રીસત્રીસ માઈલ લગી રેલવે લાઇનનું બાંધકામ પૂરૂં કરવાનું હતું. એટલે આ બધાં કરવાનાં કામની ચોક્કસ યોજના કરી, એ માટે જરૂરી સાધન, હથિયાર ને મજૂરો માટે કંપનીની મુખ્ય ઑફિસ કિલિન્દિનીને લખી નાખ્યું. થોડા વખતમાં માણસો ને માલસામાનનો પ્રવાહ ચાલુ પણ થઈ ગયો અને ઘણના ઘા, શાયડીના સૂસવાટા અને પત્થરફોડાના ધડાકાથી એ આખો પ્રદેશ સતત ગાજવા લાગ્યો.

૨ માણસખાઉનું પ્રથમ દર્શન

કમનસીબે આ સુખી અવસ્થા ઝાઝો વખત નભી નહિ અને અમારા કામમાં હૈયું હચમચાવી નાખતી અડચણ અચાનક આવી ઊભી. એક દિવસ કોણ જાણે ક્યાંયથી અત્યંત વિકરાળ, ખાઉધરા બે મનુષ્ય ભક્ષી સિંહોએ આ પ્રદેશમાં દેખાવ દીધો અને રેલવે તથા તેની સાથે સંબંધ રાખતા તમામ વ્યવહાર સામે ત્સાવો પ્રદેશમાં નવનવ મહિના ચાલેલા દારૂણ સંગ્રામનાં મૂળ રોપાયાં. એ સંગ્રામ એટલી પરાકાષ્ઠાએ પહોંચ્યો કે સને ૧૮૯૮ના ડીસેમ્બરમાં તો ત્રાસ, બીક અને હેબકના ભયંકર સામ્રાજ્યમાં રેલવેનું બાંધકામ ત્રણ અઠવાડિયાં પર્યંત સદંતર બંધ કરી નાખવામાં એ સફળ થએલા. શરૂઆતમાં તો માણસોને ઉપાડી જવામાં એ હમેશાં ફાવતા ન હતા; પણ વખતના વહેવા સાથે એમનો અંતરાય ઓછો થતો ગયો અને મનગમ્યો ભક્ષ મેળવવામાં ગમે તેવા ભયની સામે પણ એ થવા લાગ્યા. પછી તો એમનામાં એટલી તો લોકોત્તર ખંધાઈ આવી અને શિકાર પાછળ પડવામાં તથા સફાઇથી એને હાથ કરવામાં એમણે એટલી તો પ્રવીણતા મેળવી કે કારીગરો નિઃસંશય માનવા લાગ્યા કે એ પ્રાણીઓ ન હતાં પણ સિંહરૂપધારી સાક્ષાત સેતાન જ હતા. અત્યંત ગંભીર ભાવથી એમણે મને પણ ચેતવેલો કે એ પલીતોના શિકારનો પ્રયત્ન કરવો સર્વથા નિરર્થક હતો, કારણ એમના હૃદયમાં એ વાતે ઘર કર્યું હતું કે ત્સાવો પ્રદેશમાં તાજેતરમાં મરણ પામેલા ને અવગતે ગએલા બે દરબારોએ પોતાના પ્રદેશમાં બંધાતી રેલવે તરફ અણગમો દેખાડવાના ઉદ્દેશથી અને રેલવે કામ સદંતર અટકાવી દઇને એ રસ્તે પોતાને થયેલા અપમાનનો બદલો વાળવાના હેતુથી જ સિંહનું રૂપ ધારણ કર્યું હતું !

મને ત્સાવોમાં આવ્યાને થોડાક દિવસ થયા હશે ત્યાં આ સિંહ નજરે પડયાનું પ્રથમ મારા સાંભળવામાં આવ્યું. થોડા વખતમાં તો બેત્રણ મજૂરો અજબ રીતે અકસ્માત ગુમ થઇ ગયા, અને મારી પાસે વાત આવી કે તંબૂમાં પેસીને સિંહ એમને ઊંઘતા જ ઉઠાવી ગયા છે ! એ વખતે તો એ વાત મારા માનવામાં ન આવી અને મને થયું કે એ બીચારા એમના સોબતીઓના હાથે જ ખલાસ થયા હોવા જોઇએ. કારણ એ બંને કારીગર તરીકે હોશિયાર ને અત્યંત કરકસરિયા હતા, એટલે એમની પાસે ભેગી થએલી સારીજેવી મૂડી ખાતર કોઈ બદમાશોએ એમનું ખૂન કર્યું હોય એ સંભવિત હતું પણ મારી આ શંકા વહેલી પળે જ નિર્મૂળ થઈ ગઈ. ત્સાવો આવ્યે ત્રણેક અઠવાડિયાં થયાં હશે ત્યાં એક દિવસ પરોઢિયે મને ઊંઘમાંથી જગાડવામાં આવ્યો અને ખબર દીધી કે અંજનસિંઘ નામના મારા કદાવર શીખ જમાદારને એના તંબૂમાંથી સિંહ ઉપાડી ગયો છે અને ફાડી ખાધો છે !

સ્વાભાવિકરીતે જ એક પળનો પણ વિલંબ કર્યા સિવાય મેં એની તપાસ હાથ ધરી તો મારી ખાતરી થઈ કે ચોક્કસ સિંહ જ એને ઉપાડી ગયા હતા. આસપાસની રેતીમાં સિંહનાં પગલાં ચોખ્ખાં દેખાતાં હતાં. કમનસીબ જમાદારની પાનીઓના ઘસરડાના લીસોટા, સિંહ એને કઈ દિશામાં ખેંચી ગયો હતો એ દેખાડતા હતા. અંજનસિંઘની સાથે એના તંબૂમાં બીજા પાંચછ મજૂરો પણ સૂતા હતા, એમાંના એકે ગઇ રાતનો તમામ બનાવ પૂરેપૂરો જોયો હતો. એણે આબેહૂબ વર્ણવી બતાવ્યું તે પ્રમાણે, અરધી રાતે અચાનક એક સિંહે તંબૂના દરવાજામાં માથું ઘાલ્યું અને બારણાની આગળ જ સૂતેલા અંજનસિંઘને ડોકમાંથી પકડયો. ગળે ભીંસ આવતાં જ એ કમનસીબ શીખે 'છોડો' એવી રાડ પાડી અને સિંહની ગરદન ફરતી હાથની આંટી પાડી વળગી પડયો. પણ બીજીજ ક્ષણે તો એ ત્યાંથી અલોપ થઇ ગયો ! તંબૂ બહાર ચાલી રહેલો કમકમાટી ઉપજાવે એવો ભયંકર ધમધમાટ ફરજિયાત સાંભળતા અંજનસિંઘના સાથીઓ અસહાય દશામાં તંબૂમાં જ પડયા હતા. અંજનસિંઘ પણ સહેજે નહિ જ ખસ્યો હોય; પણ એનું બાપડાનું શું ગજું ? એક જણે ઠાવકું મોં રાખીને કહ્યું તેમ 'એ તો સિંહ સાથે બાથ ભીડતો હતો ને !'

આ હૃદયભેદક વાત સાંભળતાં જ હું સિંહની શોધમાં નીકળી પડયો. મારી સાથે કૅપ્ટન હૅસ્લૅમ હતો, જે એ અરસામાં ત્સાવોમાં રહેતો હતો અને થોડા દિવસમાં જ તે જાતે પણ સિંહનો કરૂણ ભોગ થઈ પડવાનો હતો. જે રસ્તે સિંહ ગયો હતો તેને અનુસરવાનું સહેલું હતું, કારણ ભોજન આરંભતાં પહેલાં એ રસ્તામાં વચ્ચેવચ્ચે જે કેટલીક જગ્યાએ વિસામો ખાવા રોકાયો હતો ત્યાં લોહીનાં ખાબોચિયાં ભરાયાં હતાં. એ સ્થળે એ, તાજું લોહી પીવાય એ હેતુથી, ચામડી ચાટી ઊઝરડી ખાવાની માણસખાઉની ટેવને અનુસર્યો હતો, એ સ્પષ્ટ દેખાતું હતું. (એમની આવી ટેવ વિષેની મારી માન્યતા, અરધાંપરધાં ખાધેલાં અને એમના પંજામાંથી છોડાવેલાં બે મડદાંના દેખાવના આધારે બંધાએલી છે.) જે જગ્યાએ સિંહે ભોજન કર્યું હતું ત્યાં પહોંચતાં જ અત્યંત ભયંકર દૃશ્ય અમારી નજરે પડયું. એ સ્થળે આસપાસની તમામ જગ્યા લોહીથી તરબોળ થઇ ગઇ હતી. માંસના લોચા અને હાડકાં ડેરઠેર વેરાએલાં પડયાં હતાં. કંઇ આખું હોય તો જમાદારનું એકલું માથું જ. સિંહે એને ઝાલ્યો એ વખતે એની લાંબી દંષ્ટ્રાથી પડેલાં કાણાં સિવાય માથાનાં તમામ અંગ અણીશુદ્ધ હતાં. આંખો ભય અને ત્રાસથી ફાટેલી તગતગતી હતી. અહીંતહીં જમીન ખૂબ ખોદાઈ ગઈ હતી અને બારીકાઇથી તપાસતાં જણાતું હતું કે મુડદું મેળવવા માટે બંને સિંહ વચ્ચે ભારે ખેંચાતૂશી થઈ હશે. મારી જિંદગીમાં મેં આવું ભયંકર દૃશ્ય કદી જોયું ન હતું. અહીંતહીંથી વીણીવીણીને મળ્યા એટલા અંજનસિંઘના શરીરના ટુકડા એકઠા કરી મેં પથ્થર હેઠળ દબાવ્યા અને આ બધો તમાશો જોઇ રહી હોય એવી ફાટેલી આંખોવાળું માથું, દાક્તર આગળ મરનારની ઓળખાણ કરાવવા, છાવણીમાં સાથે લઇ લીધું.

આમ મને એ માણસખાઉ સિંહોનો પ્રથમ પરિચય થયો. મેં ત્યાં ને ત્યાં જ પ્રતિજ્ઞા લીધી કે ગમે તે થાય, ગમે તેટલી યાતનાઓ ભોગવવી પડે, પણ એ ભયંકર પ્રાણીઓથી એ પ્રદેશને નરવો કર્યા વિના જંપવું નહિ. એ વેળા મને ભાગ્યે જ ખબર હતી કે મારા નસીબમાં શુંશું ભોગવવાનું લખ્યું હતું. બીચારા અંજનસિંઘ પેઠે હું પણ કેટલીક વખત એ સિંહના મોંમાં પડતાં પડતાં સહેજમાં બચી જવાનો હતો.

એ રાતે, સિંહ શિકારની શોધમાં ફરી પાછા એ જ સ્થળે આવશે એવી આશાથી હું જમાદારના તંબૂની પડખે આવેલા એક ઝાડ ઉપર ચડી બેઠો. વધારે બીકણ હતા એવા કેટલાક મજૂરો પણ મારી સાથે આવ્યા હતા અને મારી સાથે ઝાડમાં બેસવા દેવા કરગરતા હતા. બાકીના બધા પોતપોતાની ઝૂંપડીમાં જ રહ્યા હતા. જોકે એ રાતે

નરભક્ષી સિંહો ! (હરિનારાયણ આચાર્ય)

એક પણ દરવાજો ખુલ્લો નહોતો. હથિયારમાં તો મારી પાસે .૩૦૩ રાઇફલ અને ૧૨ નંબરની બે નળીની બંદૂક હતી, જેની એક નળીમાં નક્કર ગોળી અને બીજીમાં છરા ભરેલા હતા

આખી રાતનો ઉજાગરો કરવાના નિશ્ચયથી હું ઝાડ પર ઠરીઠામ બેઠો ન બેઠો, ત્યાં તો સિંહની નજદીક ને નજદીક આવતી ભયંકર ગર્જનાઓ સાંભળી એમાંના એકને તો ઠાર કરવાની મારી આશા જાગ્રત થઈ. પણ થોડી વારમાં તો ત્રાડો બંધ થઈ ગઈ ને એકાદ કલાક પૂરતી સર્વત્ર ભયંકર શાંતિ છવાઈ ગઈ સિંહ શિકાર પાછળ પડે છે તે અત્યંત ચુપકીદીથી, એટલે અચાનક એ શાંતિને ભેદતો અરધાક ગાઉ પરની છાવણીમાં ભારે કલબલાટ અને ભયંકર બૂમરાણ સંભળાવા લાગ્યું ત્યારે મને ભાન આવ્યું કે સિંહે ત્યાંથી શિકાર ઝડપ્યો છે અને એ રાતે ફરીથી એમને જોવાસાંભળવાની હવે રજ પણ આશા રહી નથી.

બીજે દિવસે સવારે તપાસ કરતાં જાણવામાં આવ્યું કે રાતે જ્યાંથી ચીસો આવતી સાંભળી હતી, એ રેલનાકાની છાવણીમાંના એક તંબૂમાં સિંહ પેસી ગયો હતો અને ભર ઊંઘમાં પડેલા એક મજૂરને ઉપાડી ગયો હતો. એટલે એક રાતનો આરામ લીધા બાદ બીજી રાતે એ તંબૂ પાસેના ઝાડમાં ચડી બેસવાનો મેં નિશ્ચય કર્યો. અંધારું થયા બાદ અરધો ગાઉ ચાલીને એ સ્થળે જવા મારું મન માનતું ન હતું, પણ મારી પાછળપાછળ ફાનસ લઈને એક માણસ ચાલતો હતો એટલે મારા જીવને થોડી નીરાંત હતી. ફાનસવાળો એક હાથમાં ફાનસ રાખી બીજા હાથે બકરું દોરતો ચાલતો હતો. ઝાડ પાસે પહોંચીને, માણસના શિકારને બદલે બકરાને પકડવા આવવા સિંહ લલચાય, એવી આશાથી, બકરાને ઝાડ સાથે બાંધીને હું ઝાડ પર ચડ્યો. પણ સ્થિર થઈ બેસું ત્યાં તો વરસાદ શરૂ થયો ને થોડી વારમાં તો પાણીમાં ભીંજાઈ તરબોળ થઈ ટાઢથી હું થરથરવા લાગ્યો. આવી કફોડી દશામાં એકાદ ભડાકો કરવાની આશાથી હું ઝાડમાં બેસી રહ્યો હતો. પણ અરધી રાત થતાં તો બૂમો, ચીસો ને છાતી ફાડી નાખે એવા વલોપાતના અવાજ સંભળાયા, અને મેં જાણ્યું કે મનુષ્યભક્ષકોએ ફરી એક વેળા મને થાપ આપી હતી અને બીજે જ કહીંથી એક વધુ માણસનો ભોગ લીધો હતો! એ વખતની મારી નિર્બળતા અને અસહાયપણાની લાગણી મને હજુ યે યાદ છે.

એ અરસામાં મજૂરોની છાવણીઓ છૂટીછવાઈ પથરાએલી પડી હતી, એટલે સિંહોને ઘૂસવા માટે ત્સાવો નદીની બંને તરફ આઠ આઠ માઈલનું મોકળું મેદાન પડ્યું હતું. દરરોજ રાતે એ જુદીજુદી છાવણીઓમાં છાપો મારવાની યુક્તિ સફળતાથી અજમાવતા હતા, એટલે એમનો અગાઉથી સામનો કરવાનું અશક્ય હતું. વધારામાં એ પણ અમારી દરેક યુક્તિ પ્રયુક્તિ તથા હીલચાલને અગાઉથી જ જાણી લેવાની લોકોત્તર અને અદ્‌ભુત શક્તિ ધરાવતા લાગતા હતા, જેને લીધે અમે ગમે તેટલા અનુકૂળ અને આકર્ષક સ્થળે એમની વાટ જોતા સંતાઈ બેઠા હોઈએ છતાં, પ્રત્યેક પ્રસંગે બરાબર એ જ સ્થળને એ આવેથી નમસ્કાર કરી જતા અને એ રાત પૂરતો શિકાર બીજી કોઈ છાવણીમાંથી મેળવી લેતા. દિવસે તો આસપાસ ફેલાએલા ગીચ જંગલમાં એમની પાછળ પડવાનું સાહસ અત્યંત ત્રાસદાયક અને કેવળ મૂર્ખાઈભર્યું હતું. આવા જંગલમાં શિકારને જ શિકારીની વિરુદ્ધ દરેક પ્રકાર અનુકૂળતા હતી, કારણ શિકારી ગમે તેટલો ચાલાક અને સાવધાન હો છતાં અણીની પળે એકાદ ડાંખળી કે પાંદડું પગ નીચે આવી જતાં એના અવાજથી શિકાર સાવધ થઈ જતો. છતાં કોઈક દિવસ પ એમના નિવાસની ગુફા શોધવાની આશા મેં છોડી દીધી ન હતી અ નવરાશનો બધોય વખત એની ભાળમાં જાળાંઝાંખરાંમાં રખડવા ગાળતો હતો. કેટલી યે વાર ખૂબ પરિભ્રમણને અંતે સિંહને નદી સુ અનુસરવામાં હું સફળ થતો, પરંતુ ત્યાંથી આગળ એમનાં પગ હમેશાં અદૃશ્ય થઈ જતાં; કારણ ગુફામાં જતી વખતે કેવળ પત્થર જમીન ઉપરનો રસ્તો પકડવાની એ હમેશાં સાવધાની રાખતા હતા

આ શરૂઆતના દિવસોમાં સંતોષની વાત માત્ર એટલી હતી શિકાર કરવામાં સિંહ હમેશાં સફળ થતા ન હતા. અમારી તંગ દશાએ હેરાન થએલી મનોવૃત્તિ પરનું દબાણ કંઈક હળવું કરનાર એકબે રમૂજ પ્રસંગ પણ બની ગયા. એક વખત મોડી રાતે એક હિંમતવાન વાણિયે ગધેડા ઉપર સવારી કરીને જતો હતો. ત્યાં અચાનક બાજુની ઝાડી માંથી સિંહે તરાપ મારી અને સવાર તથા વાહન બંનેને ભોંય ભેગા કરી દીધા ! ગધેડું તો પહેલી જ થાપે મરણોન્મુખ બન્યું પણ જેવો સિંહ વાણિયાને લેવા જાય તેવો જ, શા યે કારણથી એનો પંજો ગધેડાની પીઠ પર બાંધેલા બે ખાલી ડબ્બાના દોરડામાં ભરાઈ ગયો પગ પાછો ખેંચતાં ડબ્બા અથડાવાથી ખખડાટ થતાં જ સિંહ એટલો ગભરાયો કે ઊભી પૂંછડીએ નાસીને જંગલમાં ભરાઈ ગયો ! એથી વાણિયાનો જીવ હેઠો બેઠો; પણ રખે ફરી સિંહ આવે એમ ધારી એક ઝાડ પર ચડી ગયો ને આખી રાત ટાઢે થરથરતે ત્યાં જ બેસી રહ્યો.

આ બનાવ પછી થોડા દિવસે એક ગ્રીક વેપારી પણ આમ જ સહેજમાં બચી ગયો. એક રાતે એ તંબૂમાં નીરાંતે ઊંઘતો હતો, ત્યાં સિંહે પ્રવેશ કર્યો. પણ વેપારીને પકડવાને બદલે એણે ઓઢેલી રજાઈ મોંમાં આવી તે લઈને જ નાઠો ! ઊંઘના ભંગ અને થથરાટ સિવાય ગ્રીકને બીજો ઊઝરડો સરખો પણ પડ્યો ન હતો.

એક વખત વળી સિંહે એક રાવટી ઉપર તરાપ મારી અને છાપરામાંથી અંદર કૂદી પડ્યો. રાવટીમાં ચૌદ મજૂર સૂઈ ગયા હતા, એમાંના એકના ખભા પર સિંહનો પંજો પડ્યો અને એમાંથી માંસ ઊઝરડાઈ ગયું; પણ સિંહે તો મજૂરને પકડવાને બદલે તંબૂમાં પડેલા ચોખાના કોથળામાંથી એક કોથળો જ ઉપાડી લીધો અને નાઠો. પણ ભૂલ સમજાતાં રસ્તા વચ્ચે જ કોથળો નાખી દઈને પલાયન કરી ગયો.

પણ આ તો એમની કારકિર્દીના શરૂઆતના દિવસોની વાત થઈ. આગળ જતાં ચીરા નેમ પછી તો એમને ભડકાવનાર—બીવડાવનાર કશું જ નીકળતું ન હતું, અને માણસને ભક્ષ્ય તરીકે જોવા ટેવાએલા એ સિંહોને માણસજાતની શક્તિ પ્રત્યે અત્યંત બેદરકારી ઉપજી દેખાતી હતી. એક વખત કોઈને આંખમાં ઘાલ્યો કે પછી એને પકડવામાં કશા ય અંતરાયને એ ગણકારતા ન હતા. પછી ભલેને એ ઊંચી જાડી વાડને ઓથે કે બંધ બારણે તંબૂમાં ભરાઈ બેઠો હોય. બંદૂકના ભડાકા, બૂમરાણ, ઊંબાડિયાં : એ બધાંયને એકસરખા તિરસ્કારથી એ જોતા થઈ ગયા હતા.

ક્રમશઃ

અમરાવતીના વ્યાયામવર્ગો

દેશમાં હવે તો જાણીતા થએલા, વર્ષોવર્ષ ઉનાળામાં ભરાતા અમરાવતીના શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળના આ વર્ષના વ્યાયામવર્ગો અમરાવતી (વરાડ)માં તા. ૧થી ૩૧મી મે ૧૯૪૩ સુધી ભરાશે. તેમાં સામાન્ય વ્યાયામના વર્ગો ઉપરાંત, સ્વયંસેવક તાલીમ, એ. આર. પી. અને ફર્સ્ટ એઇડની તાલીમ તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટેની તથા સ્કાઉટિંગની તાલીમ ઉપરાંત સ્ત્રીઓને માટે ખાસ વર્ગો પણ રાખેલા છે. ભાગ લેવા ઇચ્છનારે ૨૫મી એપ્રિલ પહેલાં અરજી કરવી જોઈએ. વધુ વિગતો જાણવા ઈચ્છનારે ૦-૨-૬ની ટિકિટો મોકલી વિસ્તૃત જ્ઞાપનપત્ર મંગાવવું. પત્રવ્યવહારનું સરનામું: એચ. વી. દેશપાંડે, જનરલ સેક્રેટરી, શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ, અમરાવતી (વરાડ).

ગુજરાતના એક બાહુ જેવા, છતાં હજી અણજાણ રહેલા એ પ્રાંતની પ્રાચીન સાંસ્કૃતિક

કચ્છનાં કીર્તિમંદિરો

[૨] ભદ્રેશ્વર



ભદ્રેશ્વરમાંથી મળી આવતા પ્રાચીન 'ગધયા' સિક્કાની બંને બાજુ દર્શાવતું મૂળ કદનું આલેખન તેની કિનારો ચપટી નહિ પણ ગોળ હોય છે. (સ્કેચ • લેખક)

અરબી સમુદ્રની કચ્છકંઠારે મુંદ્રા અને અંજાર વચ્ચે, આધુનિક ગુજરાત પોતાની પુરાણી પરદેશી વસાહતો માટે જે ગૌરવ લઇ રહ્યું છે તેની સાક્ષી પૂરતું, જૂના ભદ્રાવતીના નામાવશેષ જેવું ભદ્રેશ્વર બંદર આજે પણ આપણને આકર્ષી રહે છે. મહાભારત–ભાગવતમાં યુવનાશ્વ રાજાની ભદ્રાવતી નગરી તરીકે જેનો ઉલ્લેખ થએલો છે એ જ આ પુરાણપ્રસિદ્ધ ભદ્રાવતી નગરી. ત્યાંના ધ્વંસાવશેષો, મંદિરો અને મસ્જિદોનાં ખંડિયેરો, તથા ત્યાંથી મળી આવતા પ્રાચીન અને વિશિષ્ઠ ગધેયા સિક્કાઓ, મૂર્તિઓ અને અન્ય અવશેષો પરથી સહેજે કોઇને પણ એ સ્થળની પુરાતનતાનો ખ્યાલ આવ્યા વિના ન રહે.

આ બધા અવશેષોમાંથી માત્ર વસહિ (વસહિકા?)નાં દેરાં નામે જાણીતું જૈન દેરાસર સારી સ્થિતિમાં છે. એટલે ઐતિહાસિક નજરે એ વસહિને અવલોકતાં ભદ્રેશ્વરના ઇતિહાસનો પણ આપણને કંઇક પરિચય થાય છે. એનું બાંધકામ જોતાં જણાઈ આવે કે એમાં સમયેસમયે અસંખ્ય ફેરફારો થતા આવ્યા છે. મંદિરના સ્થાપત્યનો નીચેનો ભાગ સૌથી પુરાણો છે. છતાં યે ત્યાં પુરાતત્ત્વની દૃષ્ટિએ બારમી સદીથી ખાસ પહેલાંનો એકે અવશેષ જોવા નથી મળતો. ઓગણીસમા સૈકાની શરૂઆતમાં અહીં વસતા મુનિશ્રી ખંતવિજયજીએ આ મંદિરને લગતી થોડી પુરાણી હકીકતોનું સંપાદન કરેલું. તેમના મત અનુસાર આ દહેરાં વીર સંવત ૨૧ (વિ. સં. પૂ. ૪૪૯)માં હરિવંશના ભદ્રાવતીવાળા સિદ્ધસેને બંધાવીને વસહિને અર્પણ કરેલાં. દાનજીરાજ એ વંશનો છેલ્લો રાજા થયો અને તેના સમય બાદ ત્યાં પુષ્કળ અંધાધૂંધી ચાલી. પછી આ રાજ્ય મુંજપુરના વનરાજ વાઘેલાએ હસ્તગત કર્યું. એ વંશમાં તેના ચોથા રાજા વઇસિદ્ધ ઉર્ફે વિજયરાવના વારામાં ફરી એ આખું રાજ્ય લુંટાઇ છિન્નભિન્ન થયું અને પાવરગઢના કાઠીઓ ભદ્રાવતીના માલેક થઇ બેઠા. કાઠીઓની સત્તા અહીં ૧૪૭ વર્ષ સુધી રહી. પછી પાટણના કનક ચાવડાએ સં. ૬૧૮માં ભદ્રાવતી લીધું અને સં. ૬૨૨માં[1] મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેમાં ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. કનકના વંશજો ઉપર મુસલમાનોની ચડાઈ થએલી. તેથી નબળા થતાં, તેનો પૌત્ર ભુવડ ગાદીએ આવ્યો તેને ભાનગઢના સોલંકીઓએ હરાવી ભદ્રાવતીનો કબજો મેળવ્યો. આ સોલંકીઓ જૈન ધર્માવલંબી હતા. તેમણે સં. ૭૯૮માં ભદ્રાવતીનું નામ ફેરવી ભદ્રેશ્વર કર્યું. એ વંશના છેલ્લા રાજા ભીમરાવને નવઘણ નામે પુત્ર થયો, જેના વખતમાં ફરી અરાજકતા પ્રવર્તી અને દેશ લુટારાઓથી અસ્તવ્યસ્ત થઈ ગયો. આથી નવઘણે પોતાનું સૈન્ય ટકાવી તેને મદદ કરનાર એક જૈન વેપારીને, પોતાને તે હમેશાં મદદ કરે એ શરતે, સંવત ૧૧૪૯માં ભદ્રેશ્વરનો વહિવટ સોંપ્યો. અને તે વેપારી પાસે ભદ્રેશ્વરનો કબજો સંવત ૧૧૮૯ સુધી રહ્યો.

રાજા અને વર્ષસંખ્યાને કોઈ પણ હિસાબે બંધબેસતી કરી દઇ યોજેલી અને ધાર્મિક નજરે ઘડાએલી ઉપરની અમુક નોધારી વિગતોમાં ઐતિહાસિક સત્ય ટકી શકતું નથી. તદુપરાંત બર્જેસના 'આર્કીઓલૉજિકલ સર્વે રીપોર્ટ' (૧૮૭૪–૭૫)માં અને 'બૉમ્બે ગૅઝેટીઅર'ની નોંધમાં લેવાએલી ઉપરમાંની કેટલીક ભદ્રેશ્વરને લગતી ઐતિહાસિક વિગત સિલસિલાબંધ છે કે નહિ તેની ચોકસાઇ સંપૂર્ણપણે પુરવાર કરવા પૂરતા વિશ્વસનીય આધારોનો અભાવ છે, એટલે 'વસહિ'નાં આ દહેરાં કેટલાં પ્રાચીન છે એ ખાતરીથી ન કહી શકાય.

પણ તે પછી મહાન પરોપકારી શાહસોદાગર જગડૂના[2] સમયથી ભદ્રેશ્વરના વસહિના મંદિરનો જે ઇતિહાસ ઉપલબ્ધ છે તેને માટે તો બે મત નથી. સં. ૧૩૧૫નો[3] જે ભયંકર દુકાળ પડયો ત્યારે રાજા તથા તેના સારા યે મુલકને અન્નવસ્ત્ર પૂરાં પાડી વાઘેલાઓ પાસેથી જગડૂશાહે વેરાવટને લીધે ભદ્રેશ્વર પોતાને કબજે રાખ્યું. એ સમયે એણે આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો કહેવાય છે અને તે સમયથી તે 'જગડૂશાહનાં વસહિનાં દહેરાં' નામે જાણીતાં થયાં. એ જીર્ણોદ્ધાર થવાથી મંદિરની ખાસ પ્રાચીનતાનો એકેએક અવશેષ લુપ્ત થયો છે. અત્યારનો મંદિરનો જે પ્લાન (પથારી નકશો) છે તે તો તેના વખતનો છે; અને મંદિરમાં તો ત્યાર પછી પણ જુદેજુદે સમયે ઉમેરા થયા જ કર્યા છે અને ત્રણેક વખત તો તેની મરામત થઇ જીર્ણોદ્ધાર થયો છે તથા સંવતના લેખ[4] નખાયા છે.

દાનવીર જગડૂશાહ નિર્વંશ કૈવલ્યપદને પામ્યો અને ભદ્રેશ્વર પાછું વાઘેલાઓને સુપ્રત થયું. બારમી અને તેરમી સદીમાં 'ભદ્રેશ્વરની યાત્રા'નો મહિમા અપાર હતો. એ સમયે તેની ગહત્તા તથા મહિમા અનેરાં હતાં અને એ ધામ એટલું જ લોકપ્રિય અને પ્રસિદ્ધ થએલું. કચ્છ ઉપરની સમાઓની ચડાઇ પછી જાડેજાઓના વારામાં જામ હાલાએ ભદ્રેશ્વરનો કબજો મેળવેલો અને સં. ૧૫૯૨માં જામ રાવળે તે હાથ કર્યું. સં. ૧૬૯૩માં મહોમદબેગડાની આગેવાની નીચે ચડી આવેલાં મુસલમાનોનાં ધાડાંથી એ લુંટાયું. એ રીતે સત્તરમી સદીના અંતમાં ત્યાં ઘણું ખંડન થએલું. ત્યારથી દેરાસરનો મહિમા પણ ઘટી જઈ તેની ઉપેક્ષા થવા લાગી. પછી તો તેના ને ભદ્રેશ્વરનાં બીજાં જૂનાં મંદિરોનાં ખંડિયેરોના પથ્થરો આશરે સં. ૧૮૧૦ની સાલથી છૂટથી ઠેઠ મુંદ્રા લગણ નવાં મકાનોનાં બાંધકામ માટે ઉપડવા લાગ્યા!

હાલના ભદ્રેશ્વર ગામની વાયવ્યમાં ફૂલસર નામે એક જૂનું તળાવ છે. તેમાં જે પ્રાચીન કૂવા ને વાવો છે, તેમાં કુમારપાળ મૂળરાજ અને કર્ણરાજાના સમયમાં ખણતર થઇ તેનો ઉદ્ધાર થએલો એવા ઉલ્લેખો મળે છે. તળાવની દક્ષિણે ભદ્રકાળીનું પુરાતન મંદિર છે, જેમાંથી અંજારની સ્થાપના થઇ ત્યારે ભદ્રકાળીની મૂર્તિને અંજાર પધરાવવામાં આવેલી. એ મંદિરનો પછીથી જીર્ણોદ્ધાર થઈ તેમાં આશાપુરાજીની સ્થાપના કરવામાં આવેલી છે. આ મંદિરનાં જૂનાં ખંડિયેરના મંડપનો જે ઉત્તરાદો અરધો ભાગ કાયમ છે તેના એક સ્તંભપર સં. ૧૧૫૮ વંચાય છે. અહીં પડેલા અનેક તોતીંગ પત્થરો વચ્ચે બીજા ઘણા ઢાલતરવાર, તીરકામઠાં અને એવાં હથિયારો ધરાવતા તથા ઘોડેસવારની અને બીજી અનેકવિધ આકૃતિઓ ધરાવતા

[1] દેરાસરમાંની ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીની મૂર્તિ પર કોરેલી સં. ૬૨૨ની સાલ સાથે બંધબેસતી થવા આ વાત યોજવામાં આવી છે. ડૉ. બર્જેસ માને છે કે મૂર્તિ પર કોરેલો એ સંવત ૧૬૨૨ હશે.

[2] આ જગડૂ દાતાની મૂર્તિ પોરબંદર પાસે ભીઆણીમાં હર્ષદ માતાના મંદિરમાં વિદ્યમાન છે. જગડૂનું જીવનચરિત રસમય છે.

[3] જુઓ: શુભશીલસંબંધ; ડૉ. ભાંડારકર પટ્ટાવલિ; જગડૂચરિત.

[4] આ લેખોમાં ક્યાંયે જગડૂનું નામ નથી, એટલે તે જગડૂએ બંધાવ્યા હોય તે શકમંદ છે. જગડૂએ જે કરાવ્યું તેનું વર્ણન જગડૂચરિતમાં છે.


સમૃદ્ધિનો પરિચય આપતી લેખમાળાનો આગળ હપતો

લેખક **રામસિંહજી રાઠોડ** ડી. ડી. આર.

પાળિયા છે; અને વિશાળકાય પુરુષની બેઠેલી મૂર્તિઆકારે એક આકૃતિ છે. આ પાળિયામાંના કેટલાકમાં 'સં. ૧૩૧૯ના મહા વદિ ૫ને સોમે' લખેલું વાંચી શકાય છે. ગુજરાતના ભીમદેવનો ચણાવેલો કિલ્લો પાર દેશના પીઠદેવે તોડ્યો[5] તે સમયનો આ સંવત હોય એમ લાગે છે. જગડૂશાએ વિશળદેવની મદદથી આ કિલ્લાનો પુનરોદ્ધાર કરેલો. ભદ્રકાળીના મંદિર પછવાડે કાલિકુંડ નામે એક પુરાણો કુંડ છે, તેના ચણતરમાં કેટલીક મૂર્તિઓ, સુશોભનો, બેએક શિલાલેખો અને જૂનાં મંદિરોના પથ્થરો ઘડીને બેસાડેલા જોવામાં આવે છે.

વસહિના દેરાસરના પાછળના ભાગમાં, જમીનમાં અર્ધું દટાએલું મોટી શિલાઓથી બાંધેલું એક મકાન છે. કેટલાક તેને જગડૂશાનું રેણાકનું મકાન માને છે અને અત્યારે તે સોળસ્તંભી મસ્જિદના નામે ઓળખાય છે. તેના સળંગ સ્તંભો, નીચે ચોરસ, વચ્ચે અષ્ટકોણ અને ઉપર ગોળ છે. આની નૈઋત્યે બીજી એક મસ્જિદ છે. તેનો દરવાજો પ્રથમ પૂર્વ તરફ હતો અને દરેક રીતે હિંદુ સ્થાપત્યની એની બાંધણી લાગે છે પણ પાછળથી તેનું પ્રવેશદ્વાર ઉત્તર તરફથી કરાવવામાં આવેલું છે. એના સ્તંભો, શિલ્પ વગેરે જૈન દહેરાંના શિલ્પને મળતાં આવતાં હોઈ એ પાછળથી મસ્જિદ તરીકે ફેરવાઈ હોય અથવા તો જગડૂશાએ બંધાવેલી એ ખીમલી મસ્જિદ[6] હોય. સર્વધર્મ સહિષ્ણુતાનો આ એક ઉત્તમ દૃષ્ટાંત છે. જગડૂશાહે પિતૃભાવે પોતાની બધી વસતિને સમભાવપૂર્વક રાખેલી એમ આથી સાબિત થાય છે. આ મસ્જિદથી થોડે દૂર લાલશાહ બાઝપીરની દરગાહ છે. આ મસ્જિદોના ચાંપણા ઉપર, દીવાલોમાં અને કેટલીએક કબરો પર કોરેલા કૂફી અક્ષરોના અરબ્બી લેખ છે. આની પશ્ચિમે 'અલાઉદ્દીનની મસ્જિદ' તરીકે ઓળખાતી મસ્જિદ અને તેને પડખે પંજોર પીરની જગ્યા છે. આ બધાં સ્થાનકો બારીકાઈથી જોતાં મુસલમાનોના આ શહેર પર થએલા હુમલાઓને લગતી લોકોક્તિની સત્યતા સમજાય છે. જૈન પ્રબંધોમાં ભદ્રેશ્વરને લગતાં ઘણાં લખાણો નીકળે છે. તેમાં રાજા અક્કડ ચાવડાના વારામાં ઈરાનથી બે ફોજ આવી હતી ત્યારે તેમને હરાવી બાબશા સરદાર અને બીજા કેટલા યે યવનોને માર્યા હતા એવી નોંધ છે. છેવટે બે અવલિયા ભાઇ બ્હેને અક્કડને જીતી યવનોનું જોર વધાર્યું અને ઉપરોક્ત મસ્જિદો બનાવડાવી. 'અક્કડનો બાપ ભુવડ' એમ ઉક્તિ છે એટલે એ અક્કડ વનરાજ પછી થયો હશે. વીરધવળ પ્રબંધમાં 'વીરધવળે ભદ્રેસર વેલાકુળ (બંદર) લીધું' લખ્યું છે તે આ જ ભદ્રેશ્વર. ભદ્રેશ્વરના ઇતિહાસને લગતી આ અને આવી વિગતોનું હજુ પણ બારીકાઈથી સંશોધન કરીને જૈન પ્રબંધો તેમજ બીજેથી આવા ઐતિહાસિક મહદ્ ધામના ઇતિહાસની હકીકત સંગ્રહિત થવાની આવશ્યક્તા છે.

વસહિના દેરાસરમાં મૂળ દરવાજામાંથી પ્રવેશતાં સામે જ ચોકમાં મંદિરને ફરતી 'નવી ફૅશન'ની, આંખ આંજી નાખે એવા આકરા રંગોમાં રંગેલાં પ્રવેશદ્વારો સહિતની, નાની દીવાલ દેખાય છે. એ પ્રવેશદ્વાર પરનાં, વિવિધ વાજિંત્રો વગાડતા જૂથના પૂતળાં, અને ત્યાંથી આગળ આરસના સુંદર શિલાતળ પરથી ચાલતાં મુખ્ય મંદિરના દ્વાર પર બેસાડેલાં એવાં જ મસ્તકો, તેમજ ચીનાઈ માટીના આધુનિક ટાઇલ્સ ગોઠવેલી ભીંતો જોતાં એક પ્રકારની સૂગ ચડે છે અને અક્ષમ્ય એવી આ વર્ણસંકરતા જોતાં ગ્લાનિ થાય છે તથા આપણી રસવૃત્તિને આઘાત પહોંચે છે. પણ પછી જાણીને સંતોષ થાય છે કે એ મસ્તકો તે મંદિરોનો જીર્ણોદ્ધાર થયો તે સમયના ત્યાંના કાર્ય-




ઉપર : ભદ્રેશ્વરમાં આવેલાં જગડુશાએ બંધાવેલા વસહિનાં દહેરાં; વચ્ચે : વસહિનાં દહેરાંનાં શિખર; નીચે : વસહિ દહેરાંના નિજમંદિર પરનું શિલ્પ (ફોટો · લેખક)

કરોનાં તથા સહાનુભૂતિ દેખાડી મંદિરને જોવા આવેલા કૅપ્ટન મૅકમર્ડો અને મિસિસ મૅકમર્ડોનાં શિલ્પમાં કોરેલાં મસ્તકો છે. અને હવે આવ્યા તો મંદિરનો અંદરનો ભાગ પણ જરા જોઇ ત્યાંથી વળવાની ઈચ્છા થાય છે. પણ મુખ્ય મંદિરના પ્રવેશદ્વારમાં આવતાં સ્તબ્ધ થઇ આપણે થોભી જઇએ છીએ. અહીં જ આપણને આ મંદિરની ભવ્યતા અને ઉત્તમ માંડણીનું ભાન થાય છે. અહીંથી નાની દેરીઓની ભમતી, અને પછીના ખુલ્લા ચોકની વચ્ચે આવેલા નિજ મંદિરના ગભારામાંની, સ્તંભોની એકની અંદર એક એમ ગોઠવાઈ રહેલી બનતી દેખાતી બારીઓ વચ્ચે, ઉપરના ઊંડાણમાં, ચોવીસમા તીર્થંકર મહાતીર્થ ભગવાન મહાવીર સ્વામીની કરુણાજુ મૂર્તિ જણાય છે. જેમનામાં શ્રદ્ધા છે, ભક્તિ છે, તેમને ઉન્નત ભાવમય બનાવી, અને બીજાઓને પણ મલિનતામાંથી જીવનની ઉચ્ચ ભૂમિકા પર જવા માર્મિક સૂચન કરતી, એ સોપાનશ્રેણિ પર થઇ ઊંચે ચડવા પ્રેરતી મહાપ્રભુની એ પ્રતિમા અજબ આકર્ષણ કરે છે. અહીંથી સડસડાટ ઊંચે ચડી મુખ્ય મંદિરમાં આપણે પહોંચીએ છીએ એટલે ત્યાંનું નિર્મળ વાતાવરણ આહ્લાદક લાગે છે; અને ત્યાંની શોભા તથા આકર્ષણ સાત્ત્વિક ભાવો પ્રેરે છે. મંદિરની પ્રદક્ષિણા કરતાં 'નવી ફૅશન'ના 'રીપેર'થી બચેલા થોડા સ્તંભો પરની અસ્તવ્યસ્ત રહેલી

---

૫ જગડૂચરિત : સર્ગ ૫ ૬ જગડૂચરિત : સર્ગ ૬



ભદ્રેશ્વરના પુરાતન અવશેષો : (૧) જાુડીઆ કે દુદીઆ વાવ; (૨) ખીમલી કે જગડુશાનો અર્ધ દટાએલો મહેલ. (ફોટો • લેખક)

કોતરણી અને મંદિરને ફરતી થોડી શિલ્પસમૃદ્ધિમાંની યક્ષિણીઓ ને પૂતળીઓ આકૃતિઓ તથા કંદોરા ને કિનારીઓ પરની માનવી અને પ્રાણી આકૃતિઓ ભાવમય તથા પ્રેરક લાગે છે. અહીંથી જ આપણને મંદિરની માંડણીની ભવ્યતા, બાંધણીની કલામયતા, સ્તંભોની હારોની યોજના, મુખ્ય મંદિરને ફરતો થોડો ખુલ્લો ચોક, નાની દેરીઓ અને તેની પડાળીઓ તથા મંદિરના સામેના પ્રવેશદ્વાર પરના પ્રાર્થનામંડપના આયોજનની ઉત્કૃષ્ટતા સમજાય છે. બીજા માળના આ પ્રાર્થના મંડપમાંથી, સામે ગભારામાં સપ્રમાણ ગોઠવાઈ સંપૂર્ણપણે દેખાતી મુખ્ય મંદિરમાંની મૂર્તિનાં દર્શન, તળિયેથી થાય છે તેવી જ રીતે અહીં પ્રવેશદ્વાર પરના આ બીજા માળથી પણ થાય છે. અહીંના સ્થાપત્યની આ વિશિષ્ટતા છે.

આ મંદિરની માંડણી આબુ ઉપરનાં દેલવાડાનાં જૈન મંદિરો સાથે સરખાવી શકાય. આ દેરાસરમાં જાુદેજાુદે સ્થળે સ્તંભો વગેરે પર સંવત ૧૨૨૩–૩૨–૩૫ તથા સં. ૧૩૨૩ અને ૧૩૫૮ના શિલાલેખો આવેલા છે. એ ઘણાખરા ઘસાઈ ગએલા છે અને તેમનો અર્થ બરાબર કળી શકતો નથી. પણ જાુદીજાુદી વ્યક્તિઓએ બંધાવી અર્પણ કરેલા ભાગોના એ સ્મરણલેખો હોય એવું જણાય છે. દહેરાંની પાછલી પરસાળમાં એક લાંબો શિલાલેખ છે તેમાંથી 'સં. ૧૧૩૪ના વૈશાખ સુદ્દ પૂર્ણિમા' એટલું ઉકેલી શકાય છે અને બીજાું થોડું એવું વંચાય છે કે શ્રીમાળ ગચ્છના જૈને દહેરૂં રાગરાવ્યું તથા કંઈ ભેટ કરી હતી. મંદિરમાંની પાર્શ્વનાથ અને શાંતિનાથની મૂર્તિઓ પર સં. ૧૨૩૨ની સાલો નોંધેલી છે. સં. ૧૯૫૦ના વૈશાખ માસમાં બાવન દહેરાંની પુનઃસ્થાપના થઇ ત્યારે મૂળ મંદિરમાંની મહાવીર ભગવાનની ડાબી બાજુએ ઉપરોક્ત શામળા પાર્શ્વનાથની જે મૂર્તિ હતી તેને દેરીઓની ભમતીમાં પાછળની વચ્ચેની દેરીમાં પધરાવવામાં આવી.



ભદ્રેશ્વરમાંથી મળેલા જાુદાજાુદા પાળિયાઓનાં આલેખન છેલ્લામાં સિંહ સાથે લડતો મનુષ્ય દેખાય છે (સ્કેચ-લેખક)

નૈઋત્ય ખૂણાની છેલ્લી દેરીઓમાં ભોંયરૂં હતું તે ઘણા વખતથી હવે બંધ કરવામાં આવ્યું છે. ધાડાં સમયે મૂર્તિઓના રક્ષણ અર્થે તેનો ઉપયોગ થતો. આ દહેરૂં ઉત્તરાભિમુખ છે.[૭] જૂનાં ખોદકામમાં ઘણા વખત પહેલાં ત્યાંથી મળી આવેલી વિષ્ણુની મૂર્તિ અને મંદિરની સામે વાડીમાંના કૂવામાંથી ૪૦ વર્ષ પહેલાં મળી આવેલા હાથીદાંતના ભાગો વગેરે પરથી એવું પણ માનવું થાય છે કે મૂળ એ જૈન મંદિર ન યે હોય; અને જગડૂશાહે બંધાવેલું એ જૈન મંદિર પણ બીજાું એમ જગડૂચરિત પરથી જાણવા મળે છે. અત્યારે તો દેરીઓની ભમતીમાંની દેરીઓ, છત્રીઓ અને મુખ્ય મંદિર મળી બાવન દહેરાં છે અને તેમાં ચોવીસે દિગંબર જિનેશ્વરો યોગાસન વાળી સમાધિમાં શાંત બેઠા છે અને મનુષ્યમાંથી દેવત્વ પામવા ભાવુક જનોને પ્રેરે છે.

આ દેરાસરની પૂર્વે દુદાશાનું શિવાલય હતું એમ તેનો એક ઘુમ્મટ કાયમ છે તેથી સમજાય છે. ત્યાંથી થોડે દૂર દુદાશાની બંધાવેલી એક જૂની સોલાર વાવ છે, જે અમદાવાદની દાદા હરિ અને અડાલજની વાવોનું સ્મરણ કરાવે ખરી ! આ વાવમાં ચાર માળ તો દેખાય છે અને બાકીનો ભાગ પુરાઇ ગએલો છે. વાવની કેટલીક શિલાઓ પણ બીજા બાંધકામ માટે ઉપડી ગએલી છે. આ વાવના ઓતરંગની એક શિલા ૧૭ ફૂટ ૭ ઈંચ લાંબી અને બબ્બે ફૂટ પહોળી તથા જાડી છે. કિંવદંતી એવી છે કે વસહિનાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયો એ વારામાં જ એક મેઘવાળે વસહિના દેરાસર પર થએલા ખર્ચ કરતાં એક દોકડો વધુ ખર્ચ કરી એ બંધાવી હતી. સાત તો એને માળ હતા અને એનું સ્થાપત્ય અનેરૂં હતું. પણ ઉપરની વાતમાંથી એ તથ્ય તો તરી જ આવે છે કે મંદિર કરતાં પણ શીતળ મીઠું જળ આપતી એ વાવની મહત્તા વધુ હતી અને તે બંધાવ્યાનું પુણ્ય અમાપ હતું. પણ આપણે એ પુણ્યકામોને સાચવી જાળવવા જેટલી લાયકાત પણ ક્યાં ધરાવીએ છીએ?

ભદ્રેશ્વરના પ્રાચીન ભંગારમાં ઘણાયે ઐતિહાસિક અવશેષો જ્યાં ત્યાં રઝળતા મળી આવે તેમ છે અને પુરાતત્ત્વની દૃષ્ટિએ શાસ્ત્રીય રીતે ખોદકામ થાય, તો સંભવ છે કે ત્યાંથી આપણી કોઈ અનન્ય સંસ્કૃતિના ધ્વંસાવશેષો પણ મળી રહે. આ સ્થળે મોટું મહારાજ્ય હશે તે ત્યાંથી મળી આવતી મૂર્તિઓ તથા શિલ્પ, એ સમયના સિક્કાઓ અને પાળિયા પરથી સહેજે કળી શકાય તેમ છે. ભદ્રેશ્વરના પાળિયા તપાસતાં ભદ્રકાળીના મંદિરની પશ્ચિમે એક ઘણો વિશિષ્ટ અને વિરલ એવો પાળિયો મને મળી આવેલો. એ પાળિયામાં સિંહ સાથે બાથંબાથ લડતી એક પુરુષ આકૃતિ બતાવેલી છે. જૂના વખતમાં મહારાજ્યોમાં ગુનેગારોને એ રીતે સિંહો પાસે ભક્ષ્ય તરીકે ધરી

(અનુસંધાન આગળ પાન ૫૦મે)

૭ જૈન મંદિરો ઘણુંખરૂં એમ હોતાં નથી.

આપણી હવામાં રહેલું હેલિયમ એક અદ્ભુત દ્રવ્ય

ઈ. ૧૯૧૭ની સાલ હતી. પ્રથમ યુરોપીય મહાયુદ્ધના એ દિવસો. આકાશમાં વિમાનોનો ગણગણાટ ત્યારે રોજનો ક્રમ થઈ પડ્યો હતો. એ વખતે એક જર્મન ઝેપ્લીનનો એક અમેરિકન પાયલટને ભેટો થયો. પેલા પાયલટે તેના પર ગોળીઓ વરસાવવી શરૂ કરી. એને આશા હતી કે હમણાં એ ઝેપ્લીન સળગી ઊઠશે ને પોતાની કામગીરી સફળ નીવડશે. પરંતુ ઝેપ્લીન તો એ વરસાદની જરાયે પરવા કર્યા વગર આગળ ધપ્યે જ ગયું! પાયલટનું ભેજું એ કોયડો ન ઉકેલી શક્યું.

એણે પોતાને મથકે પહોંચી જાહેરાત કરી કે જર્મની પાસે ન સળગી ઊઠે એવાં વિમાન છે, ને સાબિતિમાં પોતાનો કિસ્સો અથેતિ કહી સંભળાવ્યો. એ રહસ્ય આણઉકેલ્યું રહે એ યુદ્ધરત સઘળાં રાષ્ટ્રો માટે જોખમકારક હતું. છેવટે સર રિચાર્ડ થ્રેલ્ફૉલે મનોમંથન આદરી શોધી કાઢ્યું કે એ કરામત, એ વેળા દુષ્પ્રાપ્ય રહેલા 'હેલિયમ' નામના વાયુને જ આભારી હતી.

પછી તો તમામ રાષ્ટ્રો એ અદ્ભુત વાયુને હાથ કરવા પાછળ મંડ્યાં. જે. સી. મૅકલૅનને કૅનેડામાં અને ડી. એફ. મૅકફાર્લેન તથા એચ. પી. કેડીએ યુનાઇટેડ સ્ટેટ્સમાં એ માટે તેલક્ષેત્રોની મોજણી કરવા માંડી. એમાં અમેરિકા વિશેષ સફળ થયું. ત્યાંના કોલોરાડો, યુટાહ, ટેક્સાસ વગેરે પ્રાંતોમાં એણે જંગી પ્લાન્ટ ઊભા કરી દીધા અને જબરાં 'કૉમ્પ્રેશર્સ'ની મદદથી એણે હેલિયમનો એટલો તો વિપુલ જથ્થો પ્રાપ્ત કર્યો કે ઈ. ૧૯૧૨માં આખી દુનિયા પાસે માત્ર પંદર ઘનફૂટનો જ જે સંચય હતો તે ૧૯૨૦ સુધીમાં એણે લાખો ઘનફૂટ પર પહોંચાડી દીધો!

જોકે રશિયા તથા કૅનેડાના ઑન્ટારિયો તથા આલ્બર્ટા પ્રાન્તોમાંથી પણ હેલિયમ મળી આવે છે, પણ યુનાઇટેડ સ્ટેટ્સના ઉત્પાદનના પ્રમાણમાં તેનું પ્રમાણ નહિ જેવું જ લેખાય. યુનાઇટેડ સ્ટેટ્સના એકલા ફૉર્ટ વર્થનો જ પ્લાન્ટ કલાકે હજારો ઘનફૂટનું ઉત્પાદન આપે છે.

આ પરથી એમ નથી સમજી લેવાનું કે હેલિયમની ભાળ માત્ર મહાયુદ્ધના અરસામાં જ હાથ લાગી. ઈ. ૧૮૬૮માં હિંદમાં સૂર્યગ્રહણનું નિરીક્ષણ કરવા આવેલા કેટલાક ખગોળશાસ્ત્રીઓએ રંગપટદર્શકવડે સૂર્યનું બહિરાવરણ (chromosphere) તપાસતાં એક પીળી ચકચકિત રેખા તેમાં તરી આવતી જણાઈ આવી. અને એ નવા મળેલા તત્ત્વનું હેલિયમ (ગ્રીક શબ્દ હેલિયાસ=સૂર્ય ઉપરથી) નામ પાડ્યું.

ત્યાર પછી બીજાં છ વર્ષ એમ ને એમ વીતી ગયાં. સૂર્યની પેઠે કેટલાક તારાઓ અને નિહારિકાઓમાં પણ તે રહ્યું હોવા સિવાય હેલિયમ સંબંધે કશી વિશેષ માહિતી એ દરમિયાન બહાર ન આવી. પરંતુ ઈ. ૧૮૯૪માં સર વિલિયમ રામ્સેએ શોધી કાઢ્યું કે પૃથ્વી પર પણ એ ચોક્કસ અસ્તિત્વ ધરાવે છે. આ જાહેરાતથી વિજ્ઞાનીઓને નવી ચાનક મળી, અને આજે તો ખનિજદ્રવ્ય ધરાવતા ઝરા, કુદરતી વાયુઓ, વિશિષ્ટ ખડકો ને સમુદ્રો સુદ્ધાં હેલિયમના ઉત્પાદન માટે અજમાવવામાં આવે છે. આપણા દેશમાં ત્રાવણકોર રાજ્યની 'મોનેઝાઈટ' રેતીમાંથી પણ એ વાયુ નીકળે છે.

હેલિયમની મોટામાં મોટી ઉપયોગિતા એ કે વિમાની વ્યવહારમાં એણે અભૂતપૂર્વ સરળતા આણી દીધી છે. વિમાનોના 'ગૅસ બૅગ્સ' માં હાઇડ્રોજનને બદલે તેનો થવા માંડેલો ઉપયોગ આશીર્વાદ સમો નીવડ્યો છે, કારણ, હાઇડ્રોજન એ પૃથ્વી પરનો સૌથી પ્રબળ જ્વાલાગ્રાહી પદાર્થ હોઈ, કોઈ પણ પળે તેને સળગી ઊઠતાં વાર લાગતી નથી; જ્યારે હેલિયમ માટે એ જાતની કશી આશંકાને સ્થાન રહેતું

કુમાર કાર્યાલયને લિમિટેડ કરવાની, ગયા અંકમાં આપેલી યોજનામાં સાથ આપવા ઇચ્છનારાઓએ ભરી મોકલવાનું ફૉર્મ અહીં આપ્યું છે. અહીંથી તે ન કાપવા ઇચ્છનારાઓ તેની નકલ પણ મોકલી શકશે. એ યોજનાની વિગતો માટે જાન્યુઆરીનો અંક જુઓ.

[ખાનગી]

તા. ....

શ્રી ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી તથા **શ્રી રવિશંકર મ. રાવળ**

કુમાર કાર્યાલય, રાયપુર, અમદાવાદ

વિ. આપ હાલના કુમાર કાર્યાલયને જૉઈન્ટ સ્ટૉક કંપનીના રૂપમાં ફેરવી નાખી, તેના, દર રૂ. ૨૦) વીસનો એક એવા લિમિટેડ લાયેબિલિટીના શેરો કાઢવાના છો, એમ સમજીને લખવાનું કે આપ જે કંપની ઊભી કરવાના છો તેમાં અમો શેર નંગ .... અંકે .... રાખવા માગીએ છીએ. તો કંપની રજિસ્ટર થયેથી અમારી માગણી મુજબના શેરો અમારા તરફથી લેવા માટે જરૂરી વ્યવસ્થા કરવા આપને વિનતિ છે.

અરજી સાથે આપવાના દર શેર દીઠ રૂ. ૧૦ (દસ) લેખે રૂ. .... અંકે રૂપિયા .... આ સાથે મોકલ્યા છે. લિ.

(સહી)

પૂરૂં નામ: .... ધંધો: ....

સરનામું: ....

નથી. આપણે તો વરસે દિવસે માંડ એક ઘનફૂટ હેલિયમ શ્વાસમાં લઈએ છીએ, જ્યારે એક વિમાન ભરવા ૮૦ લાખ ઘનફૂટની જરૂર પડે!

વળી, બીજા વાયુઓની માફક જલદી ન ઠરી જવાનો ગુણ પણ હેલિયમની ઉપયોગિતામાં ઉમેરો કરે છે. ઈ. ૧૯૦૮ સુધી તો વૈજ્ઞાનિક દુનિયા એમ જ માની બેઠેલી કે તે ઠરી જ શકે નહિ. પરંતુ ડચ વિજ્ઞાની પ્રોફેસર કૅમર્લિન ઓનીસે આખરે શૂન્યથી યે સાડા ચાર અંશ નીચે તેનું શીતભવન સાબિત કરી બતાવી એ મહાપ્રયાસના બદલામાં નોબેલ પુરસ્કાર મેળવ્યો.

હેલિયમનું શીતભવન થતાં તે દુનિયાનો ઠંડામાં ઠંડો પ્રવાહી બને છે. તેના આ ગુણને લીધે તો બાયર્ડની દક્ષિણ ધ્રુવની ચડાઇ માટે તેને ખાસ પસંદગી આપવામાં આવેલી. એ દક્ષિણ ધ્રુવના શૈત્યનું તો પૂછવું જ શું? પારો યે જ્યાં ઠરીને એવો બની જાય છે કે તેને હથોડા તરીકે વાપરી શકાય, ત્યાં હેલિયમ સાંગોપાંગ પાર ઊતર્યું હતું!

વળી બીજા કોઈ પણ વાયુ કરતાં પાણીમાં ઓગળવો તે અઘરો હોઈ, દરિયામાં ડૂબકી મારનારાઓને હવે હવાને બદલે ઑક્સિજન અને હેલિયમનું મિશ્રણ જ આપવામાં આવે છે.

પણ એટલેથી જ હેલિયમનો મહિમા અટકતો નથી. બીજા પણ અનેક ઉપયોગો તેના શોધાયા છે. વિદ્યુત્તરંગોને એક જ દિશામાં વહેવડાવવાના તેના ગુણને લઈ તેનો રેડિયો ટ્યૂબ્ઝ અને ગ્લો ટ્યૂબ્ઝમાં ઉપયોગ થવા માંડ્યો છે. કપડાં સૂકવવામાં યે તે વપરાય છે અને છોડવાઓને સૂકવવા માટે તો તે અમોઘ શસ્ત્ર ગણાય છે. વળી હજામતના સાબુ અને કોલ્ડ ક્રીમમાં પણ એણે તાજેતરમાં જ પોતાનો ફાળો નોંધાવ્યો છે.

હવાથી ત્રીજા જ ભાગનું વજન ધરાવતો, નાઇટ્રોજનથી યે સાતમા ભાગનો હલકો આ વાયુ રોગોની સારવારમાં પણ પોતાનો ફાળો નોંધાવવામાં પાછળ નથી પડ્યો. ખાસ કરીને શ્વાસોચ્છ્વાસમાં કષ્ટ આપતા દમ તથા શ્વાસનળીના રોગ પર તે ખૂબ ફાયદાકારક નીવડ્યો છે.

આપણે જોઈ ગયા તેમ અત્યારે તો હેલિયમનો મોટો જથ્થો અમેરિકાના હાથમાં જ છે. આજે તો તે યુદ્ધકાર્યમાં જ વપરાય છે. લડાઇ પહેલાં લગભગ ૨૦૦ ઘનફૂટ ધરાવતાં સિલિન્ડરો રૂપે ત્યાંની સરકાર હેલિયમનું વેચાણ કરતી હતી અને એવા એક સિલિન્ડરની કીમત ૧૦થી ૧૫ ડૉલર થતી.

આ સિવાયની પણ હેલિયમની બીજી અનેક ગુણવત્તાઓ નજીકના જ ભવિષ્યમાં કદાચ બહાર આવે તો નવાઇ નહિ, કારણ એટલી બધી ગુણવત્તાઓથી તે ભરપૂર છે.

'अनिकेत'

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: લાયક ચિત્રને અભાવે મોકૂફ; બીજું ઈનામ: 'મિત્રતા'–શુકદેવ ભચેચ (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'પ્રણય આરાધના'–ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ); નોંધપાત્ર: (૧) 'પ્રતિબિંબ'–ચીમન મેવાડા, કલોલ; (૨) 'સૂર્યાસ્ત'–ઉસમાનભાઇ મન્સૂરી, કલોલ; (૩) 'આતુરતા' શુકદેવ ભચેચ; (૪) 'સ્નાન'–કિશોર ભચેચ, અમદાવાદ.

હાલના સંજોગોને વશવર્તીને હરીફોની સંખ્યામાં સ્વાભાવિક રીતે ઓટ તો આવ્યો છે; છતાં આ વિષયનો જેને રંગ લાગ્યો છે તેઓ તેને ચાલુ રાખવા પોતાના ગજા પ્રમાણે ખર્ચ પણ કરે છે, વખત પણ કાઢે છે, અને ફિલ્મ, પેપર, ડેવલપર વગેરેની આજની કાતિલ તંગીના સમયમાં એ સાધનો પણ મેળવી લે છે. આ રીતે કરકસર ને ખંતથી એ શોખ નિભાવી રાખનારાઓના પ્રયત્નો સ્તુતિપાત્ર છે.

આ વિભાગમાં અગાઉ ઘણીવાર કહેવાઇ ગએલી એક વાતની ફરી ટકોર કરવાની રહે છે કે ચિત્રોનાં નામ પાડવામાં પણ ચિત્ર પાડવા જેટલી જ કળા રહેલી છે. કેવું નામ પાડવું તે વિષે સૂઝ ન પડતી હોવાને કારણે હરીફો ઘણીવાર ગમે તે નામ ઓળવી દે છે, અથવા તો ત્રણચાર નામનો હારડો લખી મોકલે છે. ચિત્રનું નામ વિષયને અનુરૂપ ન હોય એ કલાની દૃષ્ટિએ ખામી છે અને ચિત્રના ગુણને પણ હાનિકર્તા નીવડે છે. કેટલીકવાર સારું ચિત્ર તેને બરોબર બંધબેસતા ઉચિત નામ સાથે રજૂ થવાથી જોનારના મન પર તીવ્ર છાપ પાડી દઇ પોતાનું સ્થાન તેના હૃદયમાં મેળવી લે છે. ચિત્રમાં રહેલો સંદેશ ઉચિત રીતે દર્શાવી ન શકે તેવું નામ નિરર્થક છે.

ભાઇ શુકદેવ ભચેચે પોતાના ચિત્રને આપેલાં નામોમાંથી 'મિત્રતા' માટે શોધી લેવું પડ્યું છે. બાળકના મનમાં પ્રાણી પ્રત્યે રહેલી સ્વાભાવિક પ્રીતિ દર્શાવતા એમના ચિત્રનાં તેજછાયા અનુકૂળ છે, પ્રિન્ટિંગ પણ સારું છે, પણ ચિત્રમાંની વધુપડતી વસ્તુઓ પર રચના કૌશલ્યથી કાબૂ મેળવાયો નથી. જમણી બાજુના કુરકુરિયાનું બહાર નજર કરતું ડોકું જોનારની આંખને પણ પોતાની સાથે ચિત્રમાંથી બહાર ખેંચી જાય છે, ને એ રીતે રસભંગ કરે છે. વચલા કુરકુરિયાનું માથું આગલાના માથા તથા બાળકના હાથ સાથે મળી જઇને ચિત્રના વચલા ભાગમાં ન સમજાય તેવો ગોટાળો રચાઇ ગયો છે, એ પાડનારની ખામી દર્શાવે છે. બાળકો ને પ્રાણીનાં ચિત્રો લેવામાં ધીરજ અને ચાંપ દાબવાની અનુકૂળ તક ઝડપવાની આવડત જોઇએ.

ભાઈ ચંદુલાલ ભટ્ટના ચિત્ર 'પ્રણય-આરાધના'નું નામ પણ ઉપલી જ ટીકાને પાત્ર છે ચિત્રનું રહસ્ય, નથી ચિત્ર સમજાવતું કે નથી નામ સમજાવતું. બાકી પક્ષીનાં પીંછાંની કમાનદાર રેખાઓ યોગ્ય એક્સ્પોઝરથી એ ચિત્રમાં પકડી છે. પ્રિન્ટની ડાબી બાજુ લગભગ અરધો ઇંચ અને નીચેના ભાગમાં ૦। ઇંચ વધારવાથી સંયોજન સુધરશે. ભાઈ ચીમન મેવાડાના 'પ્રતિબિંબ'ના પ્રિન્ટની ટૅકનીક સારી છે, પાણીમાં પડતા પડછાયાનું સૌંદર્ય સારું ઝડપાયું છે, પણ પાત્રની પસંદગી ઉચિત નથી. ભાઈ મન્સૂરીના 'સૂર્યાસ્ત'માં બંને પાત્રો હાથની આંગળી ઊંચી કરે છે તે નિરર્થક લાગે છે. કોઈપણ એક પાત્ર આંગળી વડે બીજાને બતાવતું હોય એ ભાવ વધુ સારો લાગત. આવાં ચિત્રો લેવા માટે નેગેટિવનું એક્સ્પોઝર પ્રમાણ કરતાં ઓછું જ અપાય છે; અને ઝાંખું પીળું ફિલ્ટર ન વાપર્યું હોય તો પણ હાલની પૅન્ક્રોમૅટિક ફિલ્મોમાં હવે વાદળાં સારીરીતે આવી શકે છે.

ભાઈ શુકદેવ ભચેચના બીજા ચિત્ર 'આતુરતા'માં સૂર્યપ્રકાશથી પડતી દરવાજાની આકૃતિની સરસ છટા બતાવી છે; પણ દરવાજાની આકૃતિમાં ભળી જતી બાળકના ચહેરા તથા હાથની ગોઠવણ બરોબર નથી. ભાઈ કિશોર ભચેચનું 'સ્નાન' ચિત્ર ઉચિત સ્થળેથી લેવાયું છે, પણ લેવનો હેતુ માર્યો ગયો છે. વિગતો સાચવવા માટે ડાયાફ્રામનું માપ તથા ફોકસ અને શટરની ઝડપ સાચવી શકાયાં નથી. ચિત્રમાં ક્ષિતિજરેખા વાંકી હોય એ શિખાઉપણાનો પ્રાથમિક દોષ એમાં આવવા દીધો છે. કૅમેરા વાંકો રહેતાં ક્વચિત્ એ દોષ આવી જાય તો ટ્રિમિંગ કરીને સુધારી લઇ શકાય છે. ચિત્રમાં પાણી અને આકાશના ભાગ જોઇએ તેવા ઉતારી શકાયા નથી

બી. બી. કુનીબહાર



સંસારનાં શહેરો


૩૯–ટ્યૂનિસ

આફ્રિકા ખંડને ઇશાન ખૂણે પ્રાચીન રોમન સામ્રાજ્યનું જબ્બર હરીફ કાર્થેજ જ્યાં આવેલું તે તમામ પ્રદેશને આવરી લેતું ટ્યૂનિશિયાનું કેન્દ્ર સંસ્થાન અને તેનું પાટનગર ટ્યૂનિસ આજના યુદ્ધનું ક્ષેત્ર બનીને ધ્યાન ખેંચી રહ્યું છે.

ભૂમધ્ય સમુદ્રના પશ્ચિમ તરફના વિભાગના ઉંબર પર તે આવેલું હોવાથી, કાર્થેજનું કિસ્મત ઘડનાર બધાજ લાભ ટ્યૂનિસને પણ મળ્યા છે. ભૂમધ્યમાંથી લંબાતા ટ્યૂનિસના અખાતની નૈઋત્યે ભૂમિખંડ પર, એક વિશાળ સરોવરને પશ્ચિમ કાંઠે ટ્યૂનિસ વસેલું છે, અને દરિયાથી તે સરોવર સુધી ૧૦ કીલોમીટર લાંબી એક ઊંડી નહેર ખોદીને દરિયા સાથે તેનો સબંધ જોડી તેને બંદર બનાવવામાં આવ્યું છે. મોટે ભાગે ડુંગરાળ એ મુલકમાં, સરોવર તરફ ઢળતી બે ટેકરીઓની વચ્ચેના ઢાળ પર ટ્યૂનિસ બે જુદાં-જુદાં ગામ રૂપે વસેલું છે. ટેકરીઓ ઉપર જૂનું, દેશીઓની વસાહતવાળું ગામ છે, જ્યારે યુરોપિયન વસાહત તેની નીચાણમાં સરોવરકાંઠે આવેલી છે. તેની બાંધણી આધુનિક બાંધણીનાં ક્રમબદ્ધ મકાનો વાળી નગરરચનાથી કરેલી છે અને સીધા કાટખૂણે કપાતા તેના હારબંધ રસ્તાઓ પર બેંકો, થીએટરો, દેવળો, રેસીડેન્સી, કચેરીઓ, હૉટેલો વગેરે આવેલાં છે. શહેરના મધ્ય ભાગે આવેલો ઍવન્યુ દ ફ્રાન્સ સૌથી વધુ હલચલવાળો માર્ગ છે. તે લા પોર્ટ દ ફ્રાન્સ નામના બંદરે જઇ અટકે છે, જ્યાંથી જૂના નવા સમસ્ત ટ્યૂનિસનો વ્યવહાર ચલાવતી ટ્રામવેના માર્ગો ફૂટે છે.

જૂનું ગામ ત્રણ વિભાગમાં વહેંચાએલું છે. મદીના નામના મધ્યભાગમાં પુરાણી વસાહતો છે; ઉત્તરના બાબ સૂઈકા નામના પરામાં યહુદીઓ રહે છે અને દક્ષિણનું પરું બાબ જઝીરા છે જૂના શહેરને કોટ પણ છે. પોતાની પુરાતન મસ્જિદો માટે આ શહેર પ્રખ્યાત છે. જેમાંની અત્યંત જૂની જામે ઝિતુના (ઓબરોટ–વૃક્ષની મસ્જિદ)માં ઈ. ૭૩૨માં સ્થપાએલી પ્રાચીન મુસ્લિમ વિદ્યાપીઠ છે ઉપરાંત મસ્જિદે કસ્બા (૧૩મી સદી) અને સીદી મહરેઝ (૧૭મી સદી) એ બે ખાસ વિખ્યાત છે જોકે કાહેરો કે બગદાદ સમાં ભવ્ય સ્થાપત્ય કે કુમાશદાર શિલ્પની ઝાંખી અહીં ન થાય, પણ પોતાની વિશિષ્ટ બાંધણીને લીધે જાણીતા ગંઅલા, લેસ જેવા કોતરકામવાળા સમચોરસ લાગતા, અહીંની મસ્જિદોના અષ્ટકોણ મિનારાઓનું દૃશ્ય આહ્લાદક હોય છે નમાઝ વખતની મુઅઝ્ઝિનની બાંગ એ આહ્લાદકતામાં ઓર વધારો કરે છે. ટ્યૂનિશિયાના બેનો પ્રાચીન રાજપ્રાસાદ પણ આંખ ઠારે એવો છે. બેના ભવ્ય દરબાર જ્યાં ભરાતો એ વિશાળ ખંડમાં તો આજે તેના પૂર્વજોનાં ચિત્રો સાથે ફ્રાન્સના રાજાઓનાં ચિત્રો ટાંગેલાં છે. એની નજદીકમાંજ બાર્દો અથવા પહેલાંનું જનાનખાનું આવેલું છે. પરંતુ એ બંને કરતાં ખાસ પ્રેક્ષણીય તો ત્યાંનું મોરિસ્ક પદ્ધતિનું આલાવી મ્યુઝિયમ છે જેમાંનો વિશિષ્ટ સંગ્રહ આજે પણ આગંતુકને પુરાણાં પ્યૂનીક કે રોમન સામ્રાજ્યનાં સ્વપ્નાંમાં લીન કરી દે છે.

શહેરને અગ્નિખૂણે ૩૮ માઈલ દૂર ઝઘવાનમાં રોમન સમયના એક મોટા સુંદર જલાગારના અવશેષો છે અને ત્યાંથી કાર્થેજ સુધીનો વાદી મિલાઈનની ખીણનો આખો



હારબંધ રસ્તાઓ અને આધુનિક મકાનો વાળી યુરોપિયન વસાહતનું વિહંગદૃશ્ય

રસ્તો પથરની સેંકડો કમાનો અને પ્રાચીન અવશેષોથી ભરેલો છે.

ઝેતુના મસ્જિદની પાછળના ભાગમાં, આ તરફની ખાસ વિશિષ્ટ શૈલી, મથાળે કમાનો અગર પાટિયાંનાં છાપરાં ઢાંકેલી, સાંકડી ગલીઓ જેવી બજારો આવેલી છે, જેમાં ફક્ત પગે ચાલનારાઓ જ ફરી શકે. દરેક ધંધા અને કારીગરો અહીં જુદાજુદા લત્તાઓ આવેલા છે. તેની પહેલી બજારો કેરો કે ...



નકશીકામવાળા વિશિષ્ટ ચોરસ મિનાર વાળી ટ્યૂનિસની મસ્જિદો દર્શાવતું જૂનું નગર

સલેમની યાદ આપે એવી છે. સુંદર માટી-કામ, પિત્તળની કારીગરી, અત્તર, ગાલીચા, ચામડાનો સામાન, તેમજ આ મુલકની જાણીતી અખરોટ, બદામ વગેરે સુકામેવાથી ભરચક જણાતી એ બજારો ગુલાબ ને કબાબની વાસથી મહેકી રહે છે. લગભગ બે લાખની વસતિવાળા આ શહેરમાં ૮૨ હજાર મુસ્લિમ, ૨૫ હજાર યહૂદી અને ૮૦ હજાર યુરોપિયનો વસે છે.

ટ્યૂનિસથી વીસેક મિનિટને રસ્તે રોમ સામેનું યુદ્ધ જારી રાખવાના શપથ લેનાર હાનીબાલનું કાર્થેજ નગર આવેલું. આજે પણ એનાં પુરાણાં રોમન જળાશયો સાગરને અભિમુખ આવેલું નાટ્યગૃહ અને અન્ય અવશેષો, પ્રાચીન જાહોજલાલીના ભવ્ય ભૂતકાળની કરુણ સ્મૃતિ તાજી કરે છે.

ઇ.સ. પૂર્વે ૭મી સદીમાં ટાયરમાંથી હિજરત કરી ગએલાઓ તથા ફીનીશિયન લોકોએ મળીને કાર્થેજ વસાવ્યું. કાર્થેજિયન સમયમાં પણ ટ્યૂનિસ હતું તો ખરું જ, પણ તેનું મહત્ત્વ મુસ્લિમ છત પછી વધ્યું. ઈ. ૧૨૭૦માં સેન્ટ લૂઈએ તેના પર હલ્લો કર્યો ને તેના કિલ્લા આગળ મરાયો. ૧૫૩૩ માં ફેરૂદીન બારબારૂસેએ તે જીત્યું. ૧૫૩૫ માં સ્પૅનના ચાર્લ્સ પાંચમાએ તેનો કબજો લીધો, પણ ૧૫૬૯માં સ્પેનિશોને હાંકી કાઢવામાં આવ્યા. ૧૫૭૩માં તેમણે તે ફરી જીત્યું, પણ ૧૫૭૪માં તુર્કોને સોંપી દીધું, ને ત્યારથી તેનું વ્યક્તિત્વ ખીલ્યું. અંતે ઈ. ૧૮૮૧માં ફ્રેન્ચ કાફલો તેને ઘેરી વળ્યો અને એ વરસના મેની ૧૨મી તારીખે થએલી સંધિની રૂએ ફ્રેન્ચ રક્ષણ તળે એ પ્રાંત મુકાયો ત્યારથી ત્યાં ફ્રેંચ હકૂમત છે.

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: હરિપ્રસાદ રતનજી મહેતા (નંદવાણા શેરી) વાંકાનેર

969 Park Avenue
North Bergen (New Jersy) U.S.A.
૧૦મી મે, ૧૯૩૯

પ્રિય હરિપ્રસાદ,

ગયા ઑગસ્ટમાં તમે યુનાઇટેડ સ્ટેટસના વીહૉકેનના રિચાર્ડ વુગેલ ઉપર પત્ર લખેલો. રિચાર્ડને દુનિયાના જુદાજુદા દેશોનાં વીસેક જેટલાં કુમાર-કુમારીઓ સાથે ચાલુ પત્રવ્યવહાર રહ્યા જ કરે છે, એટલે તમને ઉત્તર આપવાનો સમય તે મેળવી શક્યો નહિ. આથી, મેં કોઈ પરદેશી પત્રમિત્રનું સરનામું તેની પાસે માગ્યું ત્યાં લગી તમારો પત્ર તેના ટેબલમાં અનુત્તર પડી રહેલો.

મને લાગે છે કે પહેલાં તો હું તમને મારી ઓળખાણ આપીને મારા કુટુંબની તથા અહીંના રીતરિવાજની થોડી વાતો કહું તો ઠીક. હું હજુ પૂરાં સોળ વરસનો યે નથી. મારી ઊંચાઈ ૫ ફૂટ ૬ ઇંચ છે, અને વજન ૧૨૪ રતલ. મારા વાળ સોનેરી છે અને લીલા તથા આસમાનીના મિશ્રિત રંગની આંખો છે. અમારા નૉર્થ બર્ગેન ગામમાં હાઈ-સ્કૂલ નહિ હોવાથી હું વીહાકલીન હાઈસ્કૂલમાં જાઉં છું અને ૧૧મા ગ્રેડમાં (જેને તમે હિંદમાં ૧૧મું સ્ટાન્ડર્ડ કહો છો) ભણું છું.

મારા ફુરસદી શોખ અનેક છે, અને અમારો શાળાનો સમય ઘણો ટૂંકો (સવારના ૮થી બપોરના ૧૨ાા, ને પછી આખું બપોર છુટ્ટી) હોવાથી તેની પાછળ ગાળવા વખત પણ ઘણો મળી રહે છે. લગભગ બે હજાર બસો જાતની ટિકિટો મારા સંગ્રહમાં છે. ગયે ઉનાળે મારા ઘર નીચેના ભોંયરામાં મેં મારે હાથે ફોટોગ્રાફીની ડાર્ક-રૂમ બાંધી છે ને ત્યાં હું મારી ફિલ્મો ધોઉં છું. મારી પાસે વેલ્ટીની કૅમેરા છે. તમે એનું નામ સાંભળ્યું છે? રમતગમતમાં મને રસ તો બધી જ બાબતોમાં પડે છે, પણ કહેતાં શરમાઉં છું કે આખરે તો બહુ થોડી રમતોમાં આવી શકું. મને લાગે છે કે મારું ટેનિસ ઠીકઠીક સારું છે ને બેઈઝબૉલ પિંગપૉંગ તેમજ તરવામાં યે ઠીકઠીક ગણાઉં. તમે હિંદમાં સામાન્યરીતે કઇ રમતો રમો છો?

મારે એક જ બહેન છે. દસ વરસની છે, ગ્રામ સ્કૂલમાં જાય છે અને નામ છે કલેઇન. પણ મને નથી લાગતું કે મેં તેને તેની આખી જિંદગીમાં એક કરતાં વધુ વાર એ નામે બોલાવી હોય. હમેશાં તેને માત્ર 'બહેન' જ કહું છું. મારી બા ને બાપા અનુક્રમે ૩૮ ને ૪૦ વર્ષનાં છે. મારા બાપા અહીંની એક વિખ્યાત વીમાકંપનીનું કામકાજ કરે છે.

તમારો કાગળ બહુ રસમય હતો. તમે અંગ્રેજી કેટલાક વખતથી શીખો છો? માતૃભાષા અંગ્રેજી ન હોય એવાને માટે એની ભાષા, વ્યાકરણ, વાક્યરચના વગેરે ઘણાં સરસ ગણાય.

તમારા કાગળ પરથી હું સમજી શક્યો કે તમને કુદરતનો ને ખાસ કરીને પક્ષીઓનો બહુ શોખ લાગે છે. મેં પણ આ વરસે મારી નજરે ચડતાં પક્ષીઓનાં નામ યાદ રાખવાનો તથા તેની જાતો ગણવાનો યત્ન કરવા માંડ્યાં છે. અહીંનું સર્વસામાન્ય અને રોજ ટોળાબંધ નજરે પડતું પંખી તે 'ઇંગ્લિશ સ્પૅરો'. એપ્રિલથી અહીં ન્યૂજર્સીમાં 'રૉબિન' પણ આવવા માંડ્યાં છે ને ચોમેર ઠીકઠીક નજરે પડે છે. 'સ્ટાર્લિંગ' તો આ પ્રદેશનાં જ કાયમી વાસી છે. લક્કડખોદની એક 'ફ્લિકી' નામની જાત તો અહીં ઉત્તર પ્રદેશમાં માત્ર ગરમ ઋતુમાં જ આવે છે. મારા ઘરની પાસે જ આગ-ઉપવન છે, જેના તળાવમાં મૅલાર્ડ બતકોનાં ટોળાંનાં ટોળાં ફરે છે. અમેરિકન 'ગોલ્ડ ફિન્ચ' નામનું એક નાનું નાજુક પંખી ઊડવે બહુ વેગવાન હોય છે. એ અમારા ન્યૂજર્સીનું પ્રાંતીય પંખી ગણાય છે. ઉપરાંત, આ વરસે મેં એક કાગડો, નાનકડાં 'ચીકાદી' અને દમામદાર્યાં 'બ્લ્યૂ-જે' પણ જોયાં. આ બધાંનાં, તથા બીજાં જે અમેરિકન પંખીઓનાં મળી શક્યાં તેનાં ચિત્રો આ પત્ર સાથે તમને બીડું છું. તમારા ગરમ દેશનાં પંખીઓ જેવાં ભભકરંગી એ હશે કે કેમ તે તો કોણ જાણે; પણ તમને જો એ ગમશે તો હું આવતા પત્રમાં બીજાં વધુ મોકલીશ. મને આશા છે કે આ લાંબા કાગળ જોડે હું જે થોડી ટિકિટો મોકલું છું તે પણ તમને ગમશે. તમારા તરફની જે કાંઈ ટિકિટો તમે મોકલશો તેને હું બહુ મૂલવીશ.

મારા આ પહેલા કાગળમાં તો મારી અંગત હકીકતો જ લખી છે. પણ તમારા તરફથી મારા દેશ વિષે-તેના રીતરિવાજ, રાજ-પદ્ધતિ, ઉપજ-નિકાસ, ખનીજદ્રવ્યો, રાજકારણ વગેરે વિષે-જે કાંઈ પ્રશ્નો આવશે તેના બહુ ખુશીથી હું ઉત્તર આપીશ.


આવતા પત્ર જોડે હું મારી છબિ મોકલીશ,-હાલ તરત મારી પાસે એકે નથી. તમે પણ તમારા ઉત્તર સાથે તમારી છબિ મોકલવા કૃપા કરશો. મને આશા છે કે ભવિષ્યમાં આપણે કદિક મળીએ ત્યાં સુધી આપણો આ પત્રવ્યવહાર ચાલુ રહ્યા જ કરશે.

હૃદયપૂર્વક-તમારો અમેરિકન મિત્ર
નૉર્મન

કોણ ચડે?

એક બાળવાર્તા

—મોટાંઓને ય માટે



નદીનો કાંઠો. કાંઠે પીપળાનું ઝાડ. તેના પર કાગડાનો માળો. સાંજ થાય ને કાગડી આવે. માળામાં બેસે. કાગડો આવે ને પાસેની ડાળ પર બેસી જાય. રાત આખી નીરાંતે ઊંઘે. સવાર થાય ને ઊડી જાય. આમ ઘણાં વરસોથી કાગડો ને કાગડી પીપળા પર રહે છે.

એક દિવસની વાત. કાગડો ને કાગડી બેઠાં છે. આથમણી દિશામાં હજી રતૂમડાં વાદળાં અંધારાથી અંજાયાં નથી. દૂર દૂર મારગે ધૂળના ગોટા ઊડતા દેખાય છે. કોઈ કોઈ ખેડૂત હજી મોડો મોડો ઘર ભણી સાંતીડું લઈ બળદ દોડાવતો જાય છે. એવામાં કાગડો ને કાગડી બેઠાં હતાં ત્યાં ચીચી, કીવ કિવ્વ, કિવ્વ એવો અવાજ સંભળાયો.

કાગડો કહે, 'આ શું?'

કાગડી કહે, 'પીપળાના થડમાંથી અવાજ આવ્યો.'

કાગડો કહે, 'પણ આપણા સિવાય આ પીપળા પર બીજું કોઇ પંખી તો રહેતું નથી. આ બચ્ચાં કોનાં બોલ્યાં?'

ત્યાં તો ફડ ફડ ફડાટ કરતો થડમાંથી એક પોપટ નીકળ્યો અને કાગડાની સામે ડાળી ઉપર આવીને બેઠો. કાગડો ને કાગડી નવાઈથી તેની સામે જોઈ રહ્યાં.

પોપટ બોલ્યો, 'ભાઈ કાગડા, મને માફ કરજે. હું તારો પરોણો છું.'

કાગડો કહે, 'પરોણો યે ઠીક અને લાકડી યે ઠીક; પણ તું આ થડમાંથી ક્યાંથી નીકળ્યો?'

પોપટ કહે, 'ભાઇ, મારી પોપટી વિંયાવાની થઈ હતી. આટલામાં કોઈ ઝાડ એવું ન મળે. પેલું વડનું ઝાડ છે, પણ તે જુવાન છે. તેમાં બખોલ થાય નહિ. બાવળ તો ઘણા છે, પણ તેમાં મારી ચાંચ ખૂંચે નહિ. આ પીપળાનું ઝાડ ઘરડું જોયું. વળી બખોલ કોતરાય એવી પોલ જોઈ. મારી પોપટીએ પણ કહ્યું કે આ જ જગ્યા સારી છે. બખોલ કરવાનો વિચાર કર્યો, પણ તમારો માળો જોયો. વિચાર્યું કે જાણી જશે તો કાગડાભાઇ બખોલ કોતરવા નહિ દે; ને બખોલ કોતરવા દેશે તો ઇંડાં રહેવા નહિ દે. એટલે એક ઉપાય ખોળી કાઢ્યો. તમે બંને ચણ લેવા જાઓ એટલે પાછળથી આવીને અમે બંને થોડો થોડો વખત બખોલ કોતરીએ. આમ દિવસ તો ઝાઝા થયા, પણ બખોલ કોતરી ઇંડાં મૂક્યાં, સેવ્યાં અને આજ તેનાં બચ્ચાં પણ બોલતાં થયાં. પણ આ બધું તમારાથી છાનું કર્યું. હવે છાનું કેમ રખાય? માટે તમારો પરોણો થયો છું.'

કાગડી હસી પડી. બોલી કે 'ભાઈ, એમ કાંઈ અમારી કાગડાની જાત બધે પાપ જ કરતી હશે? ઘણી વાર કોયલનાં ઇંડાંને હું ઓળખી જાઉં છું તો ય સેવીને બચ્ચાં કરી ઉડાડી મૂકું છું.'

કાગડો કહે, 'મેં તો હવે ઇંડાં નહિ ફોડવાનું નીમ લીધું છે. અને તમે ભલે આવ્યા. એકથી બે ભલા. આવડા મોટા ઝાડમાં આપણાં બે ઘર હોય તો જરા રોનક તો રહે! માટે તમે લહેરથી રહો.'

પછી તો દિવસ પર દિવસ જવા માંડયા. કાગડા ને પોપટને થઈ ભાઇબંધી. રોજ ચણ લેવા જાય અને ઊડતા આવે ને વાતે ચડે. કાગડો કહે કે 'ભાઈ, બહુ રૂપ સારાં નહિ. કોઈ દિવસ માર્યા જઇએ. અને તેમાં યે તમારે પોપટને તો રૂપ તોબા થઈ પડે છે. એ રૂપાળા વાનથી અને બોલીથી જીવનભર પાંજરાના બંદી થવું પડે છે. પણ એ ય ખરૂં કે બહુ રૂપાળા તે બહુ બેવકૂફ પણ હોય છે. નહિ તો વળી પાંખવાળું પંખી માણસના હાથે પકડાય? ઊડીને ગમે ત્યાંથી છટકે.'

પોપટ કહે, 'ભાઈ, એ તો બધી વાતો આવડે. બીજાની ખોડ કાઢવી સૌને સહેલી છે. તમે રૂપાળા હોત અને લોકોને ગમતા હોત તો તમે ય પીંજરાના વાસી થયા હોત.'

કાગડો કહે, 'એ વાતનાં થોથાં. કાગડાનો બચ્ચો કોઇનો પકડાયો પકડાય નહિ. અને કાગડો માણસના હાથે પકડાય તો તો થઈ રહ્યું. તો તો જગતમાં ચતુરાઇનો અંત આવી ગયો.'

પોપટ કહે, 'ભાઈ, બહુ શેખી સારી નહિ. માણસમાં યે ઘણા ચતુર હોય છે. વાઘ ને હાથી જેવાને પકડી લે છે. માટે માણસોની જાતથી તો ચેતતા ગમે તેટલા ચાલીએ તો ય પકડાઈ જઇએ.'

કાગડો તો હસવા જ માંડ્યો. તેણે કહ્યું કે માણસની જાતનો દાદો આવે તો ય કાગડો છેતરાય નહિ.

થોડા દિવસ વીતી ગયા. એક દિવસ કાગડાને પાંખમાં કાંટો ભરાઈ ગયો હતો, તેથી તે સાથે ગયો નહિ પોપટ એકલો ચણ લેવા ગયો.

બપોર થયા અને સાંજ થઈ. કાગડો તો પોપટની રાહ જોઇ રહ્યો છે. અંધારૂં થઈ ગયું તો ય પોપટ આવ્યો નહિ. પોપટી ચિંતા કરવા માંડી. બંને રાહ જોઈ જોઇને થાકી ગયાં.

પોપટી કહે, 'શું થયું હશે? પોપટ કેમ નહિ આવ્યો હોય?'

કાગડીએ આશ્વાસન આપ્યું, 'ગમે તેમ થયું, પણ ક્યાંક રોકાઈ ગયો લાગે છે. હવે તો અંધારૂં થઈ ગયું છે.'

ત્રણે મોડી રાત સુધી જાગ્યાં, અને પોપટ આવ્યો નહિ એની ચિંતામાં ને ચિંતામાં ઊંઘી ગયાં. સવાર થયું. પોપટી જાગી. કાગડાને કહે, 'ભાઇ હું તો જાઉં છું. બધે ફરીશ ને પોપટને ગોતીશ.' એમ કહીને પોપટી ઊડી ગઈ.

કાગડાની પાંખમાંથી કાગડીએ કાંટો કાઢી નાખ્યો હતો અને થોડું થોડું દુખતું હતું, તો ય એ તો પોપટને શોધવા ઊડી નીકળ્યો. વન જોયાં, ઝાડી જોઈ, ગામ જોયાં, ખેતર જોયાં, નદી ને તળાવ, કૂવા ને વાવ બધે જોઈ વળ્યો. ક્યાંય પોપટનો પત્તો લાગ્યો નહિ. કાગડો વિચારમાં પડી ગયો કે પોપટને થયું શું? ડૂબી ગયો હોય તો નદીમાં હોય. કૂવામાં પડ્યો હોય તો ઉપર તરતો હોય. ઝાડ ઉપર હોય તો બધાં વન જોયાં. ક્યાંય નથી. હવે ક્યાં ગોતવો?

થાકીને કાગડો સાંજે માળામાં આવ્યો. પોપટી પણ આવી. પોપટી રૂએ ને બળાપો કરે. કાગડી ને કાગડો તેને ધીરજ આપે. પણ પોપટી રોતી બંધ થાય નહિ.

કાગડો કહે: 'કાલે હું પાતાળમાં હશે તો ત્યાંથી અને આકાશમાં હશે તો ત્યાંથી ગોતી લાવીશ. તમે ચિંતા ન કરો.'

બીજો દિવસ થયો. કાગડાએ પોતાના ભાઈબંધોને એકઠા કર્યાં. બધાને કહ્યું કે તમે સૌ જુદીજુદી દિશામાં જાઓ અને મારા ભાઈબંધ પોપટનો પત્તો લઈ આવો.

કાગડા તો ઊપડ્યા. ચારે દિશામાં ફરી વળ્યા. ખૂણેખૂણો જોયો.

ઝાડ ને ઝાડી, નદી ને કૂવા બધું જોયું. ઉત્તર દિશામાં એક કાગડો ગએલો, તેણે બધાં ગામમાં જોવા માંડ્યું. ઊડતો જાય અને જે ગામ મારગમાં આવે તેમાં જોતો જાય. એમ કરતાં બપોર થઇ ગયા. એક ગામમાં જઇ પહોંચ્યો. બધાં ઘર જોતો એક વાણિયાના ઘર પર જઇ બેઠો. ત્યાં 'ટચુવ ટચુવ, ટો ટો, ટચુવ ટચુવ' એવો અવાજ સંભળાયો. કાગડો ફડાક કરતો ઘરની થાંભલીના દીપકડા પર જઈ બેઠો જુએ તો સામે એક પાંજરૂં લટકે છે, અને તેમાં એક પોપટ બેઠો છે.

કાગડો કહે, 'કાં પોપટભાઇ, કે'દિકના પુરાયા છો ?'

પોપટ કહે, 'ભાઇ, હજી પરમ દિવસે જ આ વાણિયાએ ચણ નાખીને મને લલચાવી પકડી લીધો.'

કાગડો કહે, 'ઓ હો, ત્યારે તો તમે પેલા પીપળા પર રહો છો તે જ ને ?'

પોપટ કહે, 'હા ભાઈ, હા. મારો ભાઈબંધ કાગડો ત્યાં રહે છે. તેને મહેરબાની કરી આ સમાચાર આપશો ?'

કાગડો કહે, 'અરે ભાઇ, તેણે જ મને ગોતવા મોકલ્યો છે. હમણાં જ જાઉં છું અને સમાચાર આપું છું.'

કાગડો તો સરરરર સર કરતો ઊડી ઝપાટાબંધ પીપળે આવ્યો. સાંજ થઇ ગઇ હતી. તેણે કાગડાને ને પોપટીને બધા સમાચાર કહ્યા.

સવાર થતાં જ કાગડો ઊડ્યો ને ઝપાટાભેર પેલે ગામ પહોંચ્યો. વાણિયાનું ઘર ગોતી કાઢ્યું. નાટ ઉપર જઇને બેઠો. સામે જ પોપટનું પાંજરૂં લટકતું હતું. કાગડાને જોતાં જ પોપટ ફટફડી ઊઠ્યો. તેની આંખમાં આંસુ આવી ગયાં અને પોકેપોક મૂકીને રોવા માંડ્યો.

ત્યાં તો ઘરમાંથી મોટો સાદ આવ્યો, 'એલા બચુ, બચુ; દોટ દોડ, જો તો પેલો પોપટ કેમ બરાડા પાડે છે ?'

'એ હા, જોઉં છું બાપા.' એમ કહેતો બચુ દોડ્યો.

આવીને જુએ તો સામે કાગડાને જોયો. દોડતો ઘરમાં ગયો અને તેના બાપાને કહ્યું, 'બાપા, બાપા, એક કાગડો આવ્યો છે તેથી પોપટ બૂમો પાડે છે.'

વાણિયો ઝટ દઇને ઘરમાંથી બહાર નીકળ્યો. કાગડાને સામે બેઠેલો જોયો. બીજું તો કંઈ મળ્યું નહિ, પણ બચુને રમવાનો દંડો હતો તે લઇને તડીંગ કરતો કાગડાને માર્યો. કાગડો ચટ દઈને ઊડી ગયો.

વાણિયો હસી પડ્યો કે 'લે સાળા, ખાવા આવ્ય, ખાવા આવ્ય! બિચારા પોપટને પલાળેલી દાળ મૂકી છે, તે ભાઇને ખાવી છે!'

આમ કહી પોપટના પાંજરા પાસે ગયો. પુચકારીને કહ્યું, 'લે મોતીરામ ખા. લુચ્ચા કાગડાને કાઢી મૂક્યો, હવે તું તારે ખા.'

ત્યાં તો વાણિયણ બહાર નીકળી. બોલી કે 'શું હતું ? કેમ મોતીરામ બૂમો પાડતા હતા ?'

'વાણિયો કહે, જો તો ખરી ? મોતીરામ કેવો ચતુર છે ? પેલો કાગડો આવીને બેઠો કે તરત માંડ્યાં બૂમો પાડવા.'

વાણિયણ બોલી, 'બિચારો બૂમો તો પાડે જ ને ! કાગડાની જાત. બિચારાને ચાંચો ય મારે અને ખાવાનું ય ખાઈ જાય. તમને બોલાવવા બૂમો પાડેલી.'

એમ કહી પુચકારતી વાણિયણ પોપટના પાંજરા પાસે આવી. ત્યાં તો વાણિયાએ તેને જોરથી ધક્કો માર્યો. વાણિયણ ઊક ખાઇને એક તરફ ઢળી ગઈ. બરાડો પાડીને બોલી, 'આવું તે શું કરતા હશો ?'

વાણિયો કહે, 'પણ જોતી નથી, આ પગ તળે કીડી ચગદાતી હતી તે ? મરી ગઇ હોત તો ? પજુસણનાં બધાં તપ એળે જાત ને?'

વાણિયો અને વાણિયણ ઘરમાં ગયાં એટલે કાગડો પાછો આવીને થાંભલીને ટીંબડે બેઠો. પોપટની આંખોમાંથી આંસુની ધાર ચાલી નીકળી. એ જોઈ કાગડો કહે, 'તમે ગમે તેમ તો યે પોપટ. હવે રોવાથી શો લાભ ? પુરાયા તે પુરાયા. ખાઓ, પીઓ ને મોજ કરો અને છૂટવાનો લાગ ગોતતા રહો.'

પોપટ કહે, 'પણ ભાઈ, આ પાંજરામાં પુરાઈ રહેવું નથી ગમતું. કંઈ ન બોલું તો દાતણ લઇને છોકરાં ઘોંકા મારે છે. એની પીડાથી હું રોઈ પડું એટલે બધાં હસે છે અને કહે છે કે આહા ! કેવું સરસ બોલે છે !'

કાગડો કહે, 'ભાઈ, એ તો માણસની જાત છે. પોતાના સુખ માટે બીજાંને મારી ખાય તો ય એને ધરમ કહે ! પણ તું ગભરાઈશ નહિ.'

આમ વાતો કરે છે, ત્યાં તો વાણિયાની દીકરી જોઈ ગઈ. તેણે બૂમ પાડી, 'બાપા બાપા, પેલો કાગડો પોપટનું ખાવાનું લઈ જાય.'

વાણિયો દોડતો આવ્યો. પણ કાગડો તો ચટપ દઈને ઊડી ગયો.

આમ, રોજ કાગડો આવે છે ને પોપટની સાથે વાતો કરે છે. વાતો કરતાં વાણિયાના ઘરનું કોઈ જોઈ જાય કે તરત કાગડાને મારવા દોડે. પણ કાગડો લાગમાં આવે નહિ. એમ કેટલાક દિવસો વીત્યા.

એક દિવસ પોપટે કંઈક ખાવાનું હશે તે પાંજરા બહાર કાઢી દીધું. તે લઇને કાગડો ખાવા માંડ્યો. વાણિયો તે જોઈ ગયો. તેણે વિચાર કર્યો કે આ લુચ્ચો કાગડો મારા પોપટને ખાવા દેતો નથી. ગમે તેમ કરીને પણ તેને પકડી પાડવો જોઇએ.

પણ કાગડો પકડાય કેમ? ઘણીઘણી યુક્તિ વિચારી જોઈ. એક વાત તેને સાંભરી. બસ, તે જ રીતે કાગડાને પકડવાનો વિચાર કર્યો.

મોંમાં ભર્યું દહીં. પછી લાંબો થઇને વાણિયો ફળીમાં સૂઇ ગયો. જાણે કે મડદું હોય તેવી રીતે. વખત થયો એટલે કાગડો આવ્યો. જોયું તો પોપટ ખાઇપીને ઊંઘતો હતો ફળીમાં જોયું તો મડદા જેવું પડેલું દેખાયું. વળી મોઢામાં હતું દહીં. કાગડો કહે ભારે લહેર થઈ. પણ એ જીવતું તો નહિ હોય ને? લાવ જરા જોઈ લઉં. એમ ધારી તેણે વાણિયાના પગ પાસે જઈ ધીમેથી ચાંચ મારી. પાછો હઠીને જોઈ રહ્યો. વાણિયો હાલ્યો ય નહિ અને ચાલ્યો ય નહિ. કાગડો વળી વધારે નજીક ગયો અને પીંડીમાં જોરથી ચાંચ મારી જોઇ. તો યે વાણિયો હાલ્યોફૂલ્યો નહિ. કાગડે વિચાર્યું કે લાગે છે તો મડદું જ. પછી ધીમેથી બે ત્રણ વખત માથા ઉપર ઊડીને માથાને પાંખો મારી જોઈ. તોય વાણિયો ન હાલ્યો. કાગડાને વિશ્વાસ બેઠો કે છે તો મડદું જ. એટલે ધીમેથી કપાળ પર બેસી ગયો. વળી જરા જોરથી નાક પર ચાંચ ઘસી જોઈ. વાણિયો બોલે જ શાનો ? કાગડાને પાકી ખાતરી થઈ કે આ મડદું જ છે !

ધીમેથી વાણિયાના મોંમાં ચાંચ નાખી અને દહીં લીધું. દહીં મીઠું લાગ્યું. વળી જરા ઊંડી ચાંચ નાખીને દહીં ખાધું. ફરીને એથી યે વધારે ઊંડી ચાંચ નાખી, એટલે વાણિયે ચપ દઇને દાંત વચ્ચે ચાંચને પકડી લીધી ! કાગડો ફડફડાટ કરી ઊડી જવા મથ્યો, પણ ઉડાયું નહિ. ચાંચ બરાબર પકડાઇ ગઈ. વાણિયે ઝટપ કરતાં કાગડાને બે હાથે જોરથી પકડી લીધો. બીજું પાંજરૂં તૈયાર જ હતું. તેમાં કાગડાને પૂરી દીધો અને પાંજરૂં પોપટના પાંજરા સામે લટકાવી દીધું.

પોપટ કહે, 'કાં કાગડાભાઇ ! તમે તો કહેતા હતા ને, કે અમે પોપટ જ ભોળા કે માણસના હાથે પકડાઈ જઇએ. પણ આ તમે કેમ પાંજરે પુરાયા?'

કાગડો કહે, 'ભાઈ, અમે માણસનો તો વિશ્વાસ જ ન કરીએ. તેમાં યે માણસની જાતમાં વાણિયો ચતુર. તેનો તો વિશ્વાસ કરીએ જ નહિ. એમ જીવતા વાણિયાનો વિશ્વાસ ન કરાય એ તો મને ખબર જ હતી; પણ આ મરેલા વાણિયાના મડદાનો ય વિશ્વાસ ન કરાય એની મને ખબર નહોતી !'

જીવરામ જોષી

પંચતંત્રની વાર્તાઓ

—પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા—

એવામાં બ્રાહ્મણ ભિક્ષા લઈને આવ્યો અને બ્રાહ્મણી કહે, 'અરેરે, તમને ભિક્ષાનો લોભ લાગ્યો ને તમે મારું કહ્યું કર્યું નહિ, એનું આ કડવું ફળ આવ્યું. અથવા આ ઠીક કહ્યું છે:

અતિલોભ ન કર્તવ્ય લોભ તેમ ન છોડવો ।
અતિલોભાભિભૂતોને ભમે છે ચક્ર મસ્તકે ॥'

બ્રાહ્મણ કહે, 'એ કેમ?' બ્રાહ્મણી કહે:

કથા ૨

એક ઠેકાણે ચાર બ્રાહ્મણપુત્ર મિત્રો રહેતા હતા. એમણે વિચાર કર્યો, 'ધિક્ આ દરિદ્રતાને. વાઘસનાથ વનમાં વલ્કલ પહેરી ઘાસ-પથારીએ સૂઈ રહેવું સારું, પણ સગાં વચ્ચે ધનહીન થઈને રહેવું સારું નહિ. એટલે ધન સારૂ આપણે ક્યાંક ચાલો.' એમ કરીને એ તો નિકળી પડયા.

એમ કરતાં કરતાં એ અવન્તી આવ્યા, સિપ્રામાં ન્હાયા, અને મહાકાલને પગે લાગીને બહાર નિકળ્યા ત્યાં ભૈરવાનન્દ નામે યોગી સામો મળ્યો એને મઠે ગયા. ભૈરવાનન્દે એને ચાર દીવી આપી, ને કહ્યું, 'હિમાલયની દિશાએ જાઓ; ત્યાં ગયા પછી જ્યાં દીવી પડે ત્યાં ખોદવાથી તમને અચૂક ધનભંડાર મળશે.'

આમ કરતાં એક જણના હાથમાંથી દીવી પડી ત્યાં ખોદ્યું તો તાંબું નિકળ્યું એટલે તે બોલ્યો: 'અહો, સ્વેચ્છાએ તાંબું લ્યો.' બીજા કહે, 'અરે મૂઢ, તાંબાને શું કરે? એનાથી દાળદર ન ફીટે; એટલે ઊઠ, આગળ જઈએ.' તે બોલ્યો, 'આપ જાઓ, મારે આગળ નથી આવવું.' એમ કહી જોઈએ એટલું તાંબું લઈને પહેલો પાછો વળ્યો.

ત્રણ જણ આગળ ચાલ્યા. થોડેક ગયા ત્યાં અગ્રેસરની દીવી પડી, ત્યાં ખોદ્યું તો રૂપું નીકળ્યું. એટલે તે હર્ષથી બોલ્યો, 'અરે, ઇચ્છાનુસાર રૂપું ઉપાડો. આગળ ન જવું.' બીજા બે બોલ્યા, 'પાછળ તાંબું હતું, આગળ રૂપું આવ્યું; એટલે હવે પછી પૃથ્વી સુવર્ણમયી હશે. રૂપું બહુ હોય તો ય એનાથી દાળદર ન ફીટે, એટલે અમે બે આગળ જશું.' એમ કહીને બે ય આગળ ચાલ્યા, અને બીજો યથાશક્તિ રૂપું લઈને પાછો વળ્યો.

બે જણ ચાલ્યા ત્યાં એકની પાછી દીવી પડી, અને એણે હરખીને ખોદ્યું તો સુવર્ણભૂમિ જોઈ અને બીજાને કહ્યું, 'સ્વેચ્છાએ સોનું લ્યો. સોનાથી ઉત્તમ બીજું કાંઇ નહિ હોય.' ચોથો કહે, 'તું કાંઈ જાણતો નથી. પહેલાં તાંબું, પછી રૂપું, પછી સોનું આવ્યું એટલે આનાથી આગળ રત્ન હશે, જે એક મળે તો ય બેડો પાર થઈ જાય. એટલે ઊઠ, આપણે આગળ ચાલો. ભારભૂત સોનું બહુ હોય તો ય શું?' તે બોલ્યો, 'તું જા. હું અહિં તારી વાટ જોઉં છું.'

ચોથો જણ આમતેમ ભમે છે ત્યાં તેણે લોહીલોહાણ શરીરવાળા ને માથે ભમતા ચક્રવાળા એક પુરુષને જોયો, ને એને કહ્યું,



આમતેમ ભમે છે ત્યાં તેણે લોહીલોહાણ શરીરવાળા ને માથે ભમતા ચક્રવાળા એક પુરુષને જોયો.

'તમે કોણ છો? તમારે માથે આ ચક્ર કેમ ભમે છે? અહિં ક્યાંય પાણી છે કે?' આમ બોલે છે ત્યાં એ ચક્ર ઓલાના માથા ઉપરથી ઉતરીને બ્રાહ્મણને માથે ચડયું, એટલે તે બોલ્યો, 'ભદ્ર, આ શું?' ઓલો કહે, 'મારે માથે પણ એમ જ ચડયું હતું.' બ્રાહ્મણ કહે, 'મને બહુ વેદના થાય છે. આ હવે કેદી ઉતરે?' તે કહે, 'વળી કોઇ સાધક દીવો લઇને તારી જોડે વાત કરશે, ત્યારે ચક્ર એને માથે ચડશે.' બ્રાહ્મણ કહે, 'તને અહિં કેટલો સમય થયો?' તેણે કહ્યું, 'હમણા ધરણી ઉપર કયો રાજા છે?' બ્રાહ્મણ કહે 'વીણાવત્સરાજ.' તે બોલ્યો, 'કાળસંખ્યા હું ન જાણું, પણ રામ રાજા હતા ત્યારે હું અહિં દીવો લઇને આવ્યો હતો.' બ્રાહ્મણે પૂછયું, 'તમે ભોજન-જલનું કેમ કરતા?' તે કહે, 'ચક્રધારી ભૂખતરષનિદ્રા વિના કેવળ વેદના જ ભોગવે છે, એટલે હવે આજ્ઞા હોય તો ઘેર જાઉં.' એમ કરીને એ ગયો.

ચોથાને આવતાં વિલંબ થયો, એટલે સુવર્ણસિદ્ધિ એને ગોતતો એનાં પગલાંની પંક્તિએ ચાલતો ચાલતો ગયો. તો એને માથે ચક્ર ભમતું જોયું ને પૂછયું, 'ભદ્ર, આ શું?' તે કહે, 'કરમ.' એમ કરીને આગે બધો વૃત્તાન્ત કહ્યો, એ સાંભળીને સુવર્ણસિદ્ધિ કહે, 'મેં તને બહુ વાર્યો, પણ મારું તેં સાંભળ્યું નહિ. હવે શું બને? તું વિદ્વાન ને કુલીન પણ બુદ્ધિરહિત છો. અથવા આ ઠીક કહ્યું છે:

બુદ્ધિ સારી નહિ વિદ્યા વિદ્યાથી બુદ્ધિ ઉત્તમ।
બુદ્ધિહીન મરે છે જો જેમ તે સિંહકારક ॥

ચક્રધર કહે, 'એ કેમ?' સુવર્ણસિદ્ધિ બોલ્યો:

કથા ૩

એક ઠેકાણે ચાર બ્રાહ્મણપુત્ર મિત્રો રહેતા હતા. તેમાં ત્રણ શાસ્ત્રપારંગત પરંતુ બુદ્ધિરહિત હતા, અને એક બુદ્ધિમાન પણ શાસ્ત્રવિમુખ હતો. તે મિત્રોએ મન્ત્રણા કરી, 'દેશાન્તર જઈ રાજાને પ્રસન્ન કરી ધનપ્રાપ્તિ ન કરિએ તો વિદ્યામાં શું સાર? એટલે ચાલો પૂર્વદેશ'

એમ કરીને થોડેક ગયા ત્યાં એક કહે, 'અહો આપણામાં એક ચોથો મૂઢ છે, કેવળ બુદ્ધિમાન જ છે. પણ રાજાની કૃપા વિદ્યા વિના બુદ્ધિથી નથી મળતી, એટલે હું આને મારી કમાણી આપીશ નહિ; ભલે એ ઘેર જાય.' બીજો કહે, 'અહો, આપણે નાનાથી ભેળા રમ્યા છીએ. એટલે એમ કરવું ઠીક નહિ. એ ભલે આવે, ને આપણી કમાણીનો સમભાગી થાય.'

આમ ચાલ્યા જાય છે ત્યાં વનમાં મરેલા સિંહનાં હાડકાં જોવામાં આવ્યાં. એટલે એક કહે, 'આજ, વિદ્યાની કસોટી કરિએ. આ કાંઈક પ્રાણી મરેલું છે એને વિદ્યાપ્રભાવથી જીવતું કરિએ. હું હાડકાં ગોઠવું છું.' એમ કરીને એણે હાડકાંનો સંચય કર્યો. બીજાએ ચામડું, માંસ, લોહી જોડયાં. અને ત્રીજો જીવ મૂકવા જાય છે ત્યાં સુબુદ્ધિ કહે, 'થોડીક વાર ખમ. આ સિંહ નિપજે છે. એને જીવતો કરીશ તો બધાયને મારશે.' એ સાંભળીને પેલો કહે, 'ધિક્, મૂર્ખ, મારી વિદ્યાને હું અફળ નહિ કરું.' એટલે સુબુદ્ધિ કહે, 'તો હું ઝાડ ઉપર ચડી જાઉં એટલી વાર ખમ' એમ એ ઝાડે ચડયા પછી ઓલાએ સિંહને સજીવન કર્યો તેણે ત્રણેયને મારી નાખ્યા. અને સુબુદ્ધિ ઝાડથી ઉતરી ઘેર ગયો. એટલે હું કહું છું 'બુદ્ધિ સારી નહિ વિદ્યા' ઇતિ. (ચાલુ)

દેસાઇ વાલજી ગોવિન્દજી

કચ્છનાં કીર્તિમંદિરો . . . (અનુસંધાન પાછળના પાન ૪૨થી)

દેવામાં આવતા. પણ તેમ હોય તો તેનો કોઇ પાળિયો ન કરે; એટલે આ તો કોઈ મર્દ મલ્લ સિંહ સાથે કુશ્તી કરતાં ખપી ગયો હશે તેનો પાળિયો હોય તેમ જણાય છે. મોટા રાજ્યદરબારોમાં જ એ શોખ પોષાતો. આ વસ્તુ ભદ્રેશ્વરનું મહારાજ્ય હતું તેના પ્રમાણ તરીકે ઘટાવી શકાય. ભદ્રેશ્વરની ભીતરમાં આવી વસ્તુઓનો ભંડોળ અભ્યાસીઓને આમંત્રતો પડયો છે. અને દરિયા કિનારે આવેલ નાળેશ્વર કે ચોખંડા મહાદેવના મંદિરના ઓટલામાં ચણી લેવામાં આવેલા, સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળના પાછલા સમયનો,—જે વખતે દાદાક નામે[૮] 'નાગર મહામાત્યપદે હતા તે સમયનો–સં. ૧૧૯૫નો શિલાલેખ ઉકેલતાં સુધીમાં કરવા પડતા રખડપાટોમાં પુરાતત્ત્વના શોખીન અને અભ્યાસીની ઊંડી રસદૃષ્ટિ કેળવાય છે. આ શિલાલેખ દુદીઆવાળા દેરામાંથી અહીં લાવ્યાનું કહેવાયું. આ મંદિરમાં, ઊભેલા ગણપતિની પૂરા માપની એક મૂર્તિ છે. આપણા પ્રતાપી ભૂતકાળનું અહીં પણ ગૌરવદર્શન થાય છે અને સ્વદેશાભિમાનની વૃત્તિ જાગૃત થાય છે.

અમદાવાદથી યાત્રાએ આવેલા મારા જૈન મિત્રો સહિત ભદ્રેશ્વરમાં રખડતાં અમે છેવટે ત્યાંના સમુદ્રકિનારે પહોંચ્યા. દરિયાનો ઘૂઘવાટ અને ઉછળતાં મોજાં, વાદળિયો દિવસ અને દૂરદૂર નાંગરેલાં વાઘેરોનાં બેચાર ખખડધજ વહાણો, એ બધાંથી થતી વાતાવરણની જમાવટમાં મન ભદ્રાવતીની પુરાણી ભવ્યતાનું સ્વપ્ન અનુભવવા લાગ્યું; અને તે દિવસે તેના ધ્વંસાવશેષોની ખાકનો પરિમલ પણ મુબારક લાગ્યો. ફરીને વળતાં ત્યાંના પાણીભર્યા તળાવકાંઠે આવ્યા. તળાવ વચ્ચેના આકર્ષક બે લખોટા, ઘાટ અને તે ઉપરનાં વૃક્ષોની ઘટા તથા મંદિરોનાં, પાણીમાં પડતાં પ્રતિબિંબો સંધ્યાના રાતા રંગમાં એટલાં મનોહર જણાયાં કે ત્યાંની પાળ પર બેઠા વિના અમારાથી રહેવાયું નહિ. અહીં વિચારોએ ખૂબ દોડંદોડા કરી મૂકી. અંધારું થયું. મન અને શરીરે થાકેલા છેવટે અમે ફરી દેરાસરના સુઘડ અને ભક્તિભાવભર્યાં વાતાવરણમાં પ્રવેશ્યા. પ્રજાજીવનની શુદ્ધિ કરીને જનસમુદાયના સાંસારિક જીવનને ઉન્નત કરે એ ભાવનાથી થએલાં અને સદાચારમાં રહેવાનું જ્યાંથી બળ મળે એવાં આ મંદિરો સંસ્કૃતિને જાગતી રાખવા તથા જીવનનાં ઝરણ વહેતાં રાખવા કેટલાં અગત્યનાં છે એ તે દિવસે સમજાયું. અને પવનના સૂસવાટા સાથે ફરકતી ધ્વજાઓ નીચેની ઘંટડીઓના રણકાર તથા મંદિરમાં થતી સંધ્યાઆરતી ને ઘંટારવમાંથી સર્વાનન્દસૂરિના શબ્દો પ્રતિધ્વનિત થતા લાગ્યા:

महा पुरन्ध्री कर दर्पणाभं ॥ महेभ्यलोकैः परिभासमानम्
अस्तीह भद्रेश्वर नामधेयं ॥ पुरवरं कच्छ कृतैक शोभम् ॥

(અર્થ: મોટા પરિવારવાળી સૌભાગ્યવતી સ્ત્રીના હાથમાંના અરીસા સરખું, ધનાઢ્ય લોકોથી શોભતું, કચ્છ દેશને શોભાવનારૂં, આ પૃથ્વીને વિષે ભદ્રેશ્વર નામે ઉત્તમ પુર છે. —જગડૂચરિત-દ્વિતીયસર્ગ).

(ચાલુ)

૮ કચ્છમાં હજુ પણ પહોંચવાળા માણસને 'દાદાક છે' (ધાધાક અય) એમ કહે છે અને અહીં લાટના યોદ્ધાઓનું પરિબળ પ્રવર્તતું હશે તેના સૂચન તરીકે પ્રતિભાશાળી પૂરા પુરુષને 'લાટ માણસ છે' (લાટ માડુ લગેતો) કહે છે; એમ જન સમાજની લોકભાષામાં કહેતી તરીકે છપાઈ ગએલી વસ્તુથી આ વાતને અનુમોદન મળે છે.

પોતાની પાસે કશું ન હોવા માટે ખિન્ન રહેનાર માણસ કરતાં પોતાની પાસે હોય તે માટે પ્રસન્ન રહેનાર માણસ વધારે ડાહ્યો છે.
કાગડાઓ તો માત્ર મુરદાંની આંખો ફોલી ખાય છે, પણ ખુશામદ તો જીવતાંની આંખો ફોલી ખાય છે.



માધુકરી

આજ સંસ્કૃતિઓનાં ત્રિશળો ઊંડે, ખંડખંડનાં ખડ્ગોએ ખંડો ઢળ્યા,
દિનનાં નયનોને માથે રજની, મેઘ-મેઘની ભમ્મરે મેઘ ઊભા;
સરિતે સરિતે બે આરા આથડે, મહાજ્વાળામુખી જાગે ભડભડિયો,
આભે અંધારનાં બાંધ્યાં તોરણિયાં. ધૂમકેતુ પછાડે છે પુચ્છડિયો;
જ્યંહીં સાગર ઢોળાય સાગરમાં, જુગજુગ માંહી જુગ ઢળે છે જ્યંહીં
જ્યંહીં પૃથ્વીની પાળ પડે જળમાં, મહા આભમાં આભ સમાય જ્યંહીં;
મનુવંશ વિગાસણ તીરે મૂકી, ભરીને ઇતિહાસની વિશ્વવહી,
રણઘોર ચઢે ઘૂમતો નભમાં. હરિ ! કાળની નોબત બાજી રહી.

('પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ'માંથી)

—કવિ નાનાલાલ

ગોપાળરાવ હરિ દેશમુખ

[આ અંકમાં આપેલા મુખ્ય જીવનચરિત્રના નાયક ગોપાળ હરિ દેશમુખનું નામ ગુજરાતી વાચકોને આજ સુધી લગભગ અપરિચિત રહ્યું છે; પણ અમદાવાદમાં તે બધું મળીને બાર વર્ષ રહી ગયા અને એ શહેરની તથા તે દ્વારા ગુજરાતની એમણે સારી સેવા કરી છે. સ્વ. નરસિંહરાવ દિવેટિયાએ પોતાના 'સ્મરણમુકુર'માં એમનું સ્વાનુભવ-રસિક નિકટવર્તી દર્શન કરાવ્યું છે તે પણ આ અંકના ચરિત્ર સાથે વાંચવાની ભલામણ કરી એમાંનો થોડો ભાગ અહીં આપીએ છીએ.—સં૦]

ગોપાળરાવના નામથી આ જમાનાના ઘણા લોકો અજાણ્યા જ હશે. માટે કાંઈક એમનું ઓળખાણ કરાવવાની જરૂર છે. એ દક્ષિણી હતા છતાં ગુજરાતી હતા. દક્ષિણમાં આરમ્ભકાળમાં જીવન ગાળી ઉત્તર કાળમાં અમદાવાદની સ્મૉલ કૉઝ કોર્ટના જજ તરીકે ગોપાળરાવે લાંબી અને લોકપ્રિયતા સંપાદન કરનારી કારકિર્દી ભોગવી હતી. ગુજરાતીભાષા પણ માતૃભાષા જેવી સરલતાથી બોલતા હતા. પ્રાર્થના-સમાજ મંદિરમાં વ્યાખ્યાન કરવાને ઊભેલા ગોપાળરાવની મૂર્તિ અત્યારે પ્રત્યક્ષ દેખું છું. દક્ષણી પાઘડી, કાંઈક વાંકી પહેરેલી, તે નીચે આડી રેખાઓવાળું કપાળ, કાંઈક ઊંચી જતી ભમ્મરો, વિચાર તથા વાણીને સ્વવશ રાખી સ્વેચ્છાથી રમાડવાની શક્તિ પ્રકટ કરતી મુખ-ચર્યા, આ સર્વ તદ્રૂપ મારાં નયન આગળ આલેખાય છે. શ્રોતામંડળ તરફ લક્ષ જ ના હોય તેમ, પોતે જાણે સ્વગત જ વાક્યો ઉચ્ચારતા હોય તેમ, અથવા તો મંદિરના ખંડમાં માંડેલી ખુરશીઓ જોડે વાતો કરતા હોય તેમ, વિચારમાળા—વાણીની કડકાકડકા ગોઠવેલી દોરીમાં મણકા પરોવેલી માળા—ફેરવ્યે જતા ગોપાળરાવને નહોતી વિષયની ખોટ, નહોતી રચનાની કળાની જરૂર, કે નહોતી આલંકારિક વાણીની અપેક્ષા. એમના જ્ઞાનકોશમાં ભરતખંડના ધર્મ-ઇતિહાસની સામગ્રી એટલી ભરપૂર હતી કે ગમે તે વખતવગર તૈયારીએ વ્યાખ્યાન કરી શકે.

નડિયાદમાં પોતાના સરકારી કામને સંબંધે ગોપાળરાવ મહિનામાં એક વાર જતા હતા. એવા એક પ્રસંગે નડિયાદમાં પોતાને ઉતારે ગોપાળરાવ પૂજન કરવા બેઠા હતા, તે વખતે ઘી વેચનારો આવ્યો. ઘી તોળવા માંડ્યું. ખાલી તપેલીની ધડી બાંધવા માટે સામાં કાટલાં વેચનારે મૂક્યાં, તેમાં અમુક વજનમાં કાટલાંની ખોટ પડી. વેચનારો આમતેમ કાંકરો પથરો શોધવા માટે ફાંફાં મારવા લાગ્યો. તરત ગોપાળરાવે પૂજાના દેવોમાંથી શાલિગ્રામ ઉપાડી ધડીનાં કાટલાં ભેગો મૂક્યો! ગોપાળરાવને મન મૂર્તિ અને પથરા સર્વે સરખાં જ હતાં. આખો વિશ્વયંત્ર એમને મન એક રમૂજ આપનાર રમકડું હોય એમ એમના મનની વૃત્તિસ્થિતિ લાગતી હતી. મનુજસમૂહનાં વિચાર, વર્તન, પ્રયાસ, સફળતા, સુખદુઃખ, સર્વ બનાવો એમના પગ તળે થઈ ચાલ્યા જતા પ્રવાહ રૂપ હોઈ, એ પ્રવાહથી પોતે અસ્પૃષ્ટ હોય, છતાં એ સર્વ તમાશામાં રમૂજ સાથે સમભાવનું પણ મિશ્રણ પોતે કરતા હોય એમ, એમના હોઠના વાંકા વળેલા એક ખૂણામાં રમી રહેલું સ્મિત બતાવી દેતું હતું.

ગોપાળરાવનો સાદો સરળ સ્વભાવ, સામાન્ય જન તરફ અના-ડમ્બર સમભાવવાળું વર્તન, વગેરે ગુણો એમને જનસમુદાયમાં અત્યંત પ્રિય બનાવનારા હતા. સવારમાં રોજ એક શુક્રવારીઆ ટટ્ટુ ઉપર બેસીને અમદાવાદ શહેરની બહાર આવેલાં મહાદેવની ધર્મશાળા વગેરે સ્થાનકોમાં જઈ સાધુ, બાવા, વેરાગીઓ વગેરે જોડે અનેક પ્રકારની વાતો કરતા ગોપાળરાવ; પાછા ઘેર આવતે ટટ્ટુની જોડે ચાલનારો છોકરો નોકર થાકી જાય એટલે પોતાની પાછળ ટટ્ટુ ઉપર એને બેસાડીને ઘેર લાવનાર ગોપાળરાવ; પ્હો ફાટતે નદીમાં સ્નાન કરવા ગએલા હોય ત્યારે બ્રાહ્મણો, બૈરાં, છોકરાં બધાં સાથે સમાન ભાવે વાતોના ગપાટા મારતા ગોપાળરાવ; અને સ્મૉલ કૉઝકોર્ટમાં ન્યાયાસન ઉપર બેઠેલા, હુકમનામું લખવાને હાથમાં લીધેલી કલમ જબરદસ્તીથી પકડી રાખનારા, 'અરે સાહેબ! આ શો જુલમ કરો છો?' એમ બોલી ઘોંઘાટ વડે કોર્ટને શોરબજાર બનાવી દેનારા વકીલો તરફ શાન્ત, અક્ષુબ્ધ વૃત્તિથી સ્મિત કરી સ્થિર નયને જોઈ રહેતા ગોપાળ-રાવ;—આ બધા ગોપાળરાવ અનેક છતાં એક, ને એક છતાં અનેક હતા.

એક દિવસ મારા પિતા રાવસાહેબને ઓટલે પાટ ઉપર બેઠા હતા. એમનું મકાન ભદ્રકાળીની પૂર્વે આવેલા મેદાનમાં હાલ મિડલ સ્કૂલ છે તે મકાનની સામે હતું. રાવસાહેબની બેઠક ઓટલા ઉપર કે બહાર પાટ ઉપર બહુધા રહેતી. મારા પિતાએ પીવાનું પાણી

માગ્યું. નોકરચાકર તો ઘરમાં દૂર હશે. તરત જ રાવસાહેબે રસ્તે જતી એક બાઇને બૂમ પાડી, 'વીજળી ! જરા અંદર જઇને પીવાનું પાણી લોટો ભરીને લાવો ને.' આ વીજળી એમની નદીએ નિત્ય સ્નાન વખતની બ્હેનપણી હતી. ભદ્રકાળીનાં દર્શન કરીને આવતી હતી. વીજળી પાણી લાવી ઇત્યાદિ થઈ ગયું. વીજળીને આમ જોઇને મારા પિતાને નવાઈ લાગી કે આપણા પુરોહિત ગોવિંદજી પંડ્યાની સ્ત્રી અહીં આમ પરિચિત કેવી! સારાંશ કે 'રાવસાહેબનું મિત્રમંડળ વિવિધ, વિસ્તીર્ણ અને વ્યાપક હતું. આ રીતના, એમના સાદા જીવનમાં મેળવેલા જનસમુદાયના પરિચયથી ગોપાળરાવ માનવલક્ષણાદિના સૂક્ષ્મ ને ઊંડા અભ્યાસી થયા હતા. અને એ અભ્યાસ એમણે ખાસ લક્ષ્ય તરીકે સ્થાપીને નહોતો કર્યો; એ તો એમના જીવનમાં, શ્વાસોચ્છ્વાસ જેવી જ, ઇચ્છાથી અપ્રેરિત ક્રિયા હતી.

એકંદરે બિન-જવાબદારીથી જીવનના સર્વે પ્રસંગોને જોનારા ફિલસૂફ ગોપાળરાવ હતા. એમની એ વૃત્તિ નાનામોટા અનેક પ્રસંગોમાં-ઘણે અંશે નાના પ્રસંગોમાં-પ્રકટ થઇને રમૂજ જ ઉત્પન્ન કરતી. અમદાવાદમાં એકવાર ડિસ્ટ્રિક્ટ જજ ગોપાળરાવને મળવા આવ્યા; તો ઘરમાં ખુરશી ના જડી એટલે એક પટારા ઉપર જજને બેસાડ્યા અને તે જાણે એમના હૃદયને લગારે સ્પર્શ ના કરે એવી વૃત્તિથી!

મારા પિતા એકવાર એમને ઘેર ગયા, તેવેળા પોતે એકલાએકલા જામફળ કાપીને ખાતા હતા, તે એકલા જ ખાધે ગયા! મારા પિતાએ મેળે તાસકમાંથી લઇને ખાધું, તો તે ખાતે આનંદ કે વિષાદ રાવસાહેબના હૃદયને ના મળે. એ જામફળમાં નાખવા માટે મરી તથા મીઠું બે ડબ્બીઓમાં હતાં; પણ મરી ભરેલી ડબ્બી ઉપર ચિઠ્ઠી ચોડેલી તે પર 'મીઠું' એમ નામ હતું; અને મીઠાની ડબ્બી ઉપર 'મરી'. મારા પિતા કહે: 'રાવસાહેબ, આમ કેમ?' તો માત્ર રમૂજથી સ્મિત કરીને રાવસાહેબ ચૂપ રહ્યા.

ગોપાળરાવે ગુજરાતમાં લાંબો વખત નોકરી કરી,-તળ અમદાવાદમાં જ. તે સમયમાં અમદાવાદના નગરજીવન, સમાજજીવન ઈત્યાદિમાં ચેતનાનું બળ અસાધારણ હતું. એ બળને પ્રેરનાર, વધારનાર મંડળમાં અગ્રસ્થાન ગોપાળરાવનું હતું. 'સ્વદેશી'ના સંચલનને લોકો આધુનિક નવીન પ્રવૃત્તિ સમજતા હશે; પરંતુ 'દેશી કારીગરીને ઉત્તેજન' એ ગરીબ નામથી ગોપાળરાવના સમયમાં જે પ્રવાહ ચાલ્યો હતો તેને આજની પ્રવૃત્તિના મૂળ બીજ તરીકે જ ગણવો પડશે. એ વિષયો ઉપર વ્યાખ્યાનો ઉત્સાહભેર અપાતાં હતાં, તેમાં અગ્રસ્થાને એક દક્ષિણી વ્યાખ્યાનકાર હતો; અને એને અમદાવાદમાં લાવવામાં સાધનભૂત આપણા 'રાવસાહેબ' જ હતા.

રાવસાહેબની સાદાઇ દંભજનિત નહોતી. પરંતુ કોઈ પણ ખૂણે ભોળપણનો દોષ એમના સ્વભાવમાં પ્રવેશ પામ્યો ન હતો. જગત તરફ રમૂજની દૃષ્ટિ નાખનારી ગૂઢ હસતી આંખો અને હોઠનો એક ખૂણો વાંકો વળી અંદર પ્રગટ—અપ્રગટ રમતું સ્મિત, એ મુખ્ય મુદ્રાઓથી અંકિત એમની મુખરેખા જોનારને જણાય એમ હતું કે રાવસાહેબ, 'પહોંચેલી બુટ્ટી'ની સંજ્ઞા જેને અપાય એ નમૂનાના 'જમાના ખાધેલા, જગતને જીતેલા, જગતથી ના જીતાએલા, અલૌકિક પુરુષ હતા. આ લક્ષણના પ્રમાણ તરીકે એક બીના નોંધવા જેવી છે. પોતાની આરંભની પ્રવૃત્તિમાં લશ્કર જોડે રહી, સિપાહી લોકોને ધીરધાર કરી, અનેક પ્રસંગોના લાભ મળતાં ધનવાન બનેલા બહેચર લશ્કરી નામથી ઓળખાતા બહેચરદાસ અંબાઈદાસને ગોપાળરાવ જોડે કાંઈક ગાઢમૈત્રી—આભાસમૈત્રીનું બંધન ઉત્પન્ન થયું હતું. એક વખત ગોપાળરાવની કોર્ટમાં બહેચરદાસને, પોતાના નાતીલાઓ સાથેના કલહને અંગે વાદી તરીકે ઊભા રહેવાનો પ્રસંગ આવ્યો. બહેચરદાસે તો નક્કી જાણેલું કે રાવસાહેબ મારા મિત્ર, એટલે મને જીતાડશે જ. પણ રાવસાહેબે-'પહોંચેલી બુટ્ટી'એ-જુદો જ ખેલ રચ્યો. બહેચરદાસ હારે એવો પ્રસંગ હતો. અપજશ પોતે લેવો નહોતો. તેથી એ કામની સુનાવણીને દિવસે ગોપાળરાવે ભોળાનાથ, મહીપતરામ વગેરે કેટલાક મિત્રોને ચિઠ્ઠીઓ લખી જણાવ્યું કે આજ કડવા કણબીની નાતનો એક બહુ જ રસ પડે એવો કેસ ચાલનાર છે, તે જોવા આવશો. આ જાળમાં કોણકોણ સપડાયા ને કોણ બચ્યા તે આજ મને યાદ નથી. પણ જે સપડાયા, તેમને ગોપાળરાવે કેસનો નિવેડો લાવવા માટે લવાદ બનાવી દીધા! અને પંચનો ઠરાવ અંતે બહેચરદાસ વિરુદ્ધ થયો!

એ વખતના અમદાવાદ શહેરનો મત હ્યો તો સાદાઇ, ગરીબો ઉપર શુદ્ધ પ્રેમભાવ, નિરભિમાન વૃત્તિ, લોકહિતસાધના ઈત્યાદિ સાચા ગુણો માટે રાવસાહેબને બહુધા સર્વાનુમતે ઈનામ મળે એમ હતું. અભિમાન એ શી વસ્તુ છે એ જ એમને કલ્પનામાં આવતું નહિ હોય. અકૃત્રિમ નિરભિમાનપણું એમના જીવનમાં ઓતપ્રોત હતું.... અત્યારે સ્મરણપટમાં એ રસમયમૂર્તિ, સાદાઇના અવતાર રૂપ, તીક્ષ્ણ બુદ્ધિના તેજથી તેજસ્વી, સદા આનંદભરી, કોરાઈ રહી છે. તે ઉપર માન, સ્નેહ, આદર ઈત્યાદિ ભાવોની રંગચ્છાયા પડતાં એ સજીવ થઇ હૃદયને અપૂર્વ ઉલ્લાસ આપે છે. અત્યારે નગરજીવનમાં અમદાવાદને જીવતું રાખનારી એક પણ એવી સમર્થ, વિલક્ષણ મૂર્તિ કોઇ બતાવશો?

—નરસિંહરાવ ભોળાનાથ

બર્મા રોડ

છાપાંના વાંચનારાઓને બહુ પરિચિત, અને બ્રહ્મદેશના આક્રમણ વખતે જાપાનીઓએ કબજે કરેલો આ માર્ગ એશિયાની અટારી જેવા ગણાતા તિબેટન પ્રદેશને વીંધીને ૮૦૦ માઇલ સુધી લંબાએલો છે. એનો અરધો ભાગ ચીનાઓએ પેકીંગ—માંડલે વચ્ચેના પ્રાચીન રેશમના વેપારી માર્ગના અવશેષો પર સોળ જ માસમાં બાંધેલો. ભીષણ પર્વતો, તમ્મર આવે એવી ખીણો, તુફાની વેગભર્યાં પર્વતી ઝરણો અને ઘાડાં જંગલો પર તોળાઇને જતા આ માર્ગ પર ત્રણસો તો પૂલો બાંધવા પડ્યા છે, જેમાંના બે ઝુલતા પૂલ છે.

પંખીની આર્તવી યાત્રાઓ

આ લખી રહ્યો છું એ વખતે સામા આમલીની ટોચે બેઠેલો ચાતક મંદ સ્વરે ગાઈ રહ્યો છે. ભર ચોમાસે તો એ, ઝડીઓ પડતી હોય, પંખી માત્ર ભીણાઇ ગયાં હોય ત્યારે પાણીની ધારાઓમાં તરતો મ્હાલતો, આ ઝાડથી પેલે ઝાડ ઊડતો ગાતો, એના બુલંદ કંઠથી વાતાવરણ ભરી નાખતો દેખાતો. વતનથી આવ્યે એને બહુ વખત થયો. હવે તો એને પાછા ફરવાની ઘડીઓ ગણાઈ રહી છે. એના જતાં પહેલાં દીવાળીઘોડા આવી ગયા છે. પણ ખરાં આવનારાં તો હજુ હવે આવશે. ડીસેમ્બર થતાં તો બધાં આવી ગયાં હશે. આવીને બે ચાર માસ રહેશે, અને ચોમાસું બેસતાં પહેલાં તો વતનની છૂંકે ભરાવા પાછાં પણ નીકળી ગયાં હશે.

દર વરસે આવવાજવાની આ ઘટમાળ અચૂક ચાલ્યા જ કરે છે આપણે ભાગ્યે જ એને જોઇએ છીએ, જાણીએ છીએ, વિચારીએ છીએ; પણ ઋતુચક્ર સમું પંખીઓની યાત્રાનું આ ચક્ર પણ વણથંભ્યું ચાલતું જ રહે છે. અનેક યુગોથી એ ચાલતું આવ્યું છે, ચાલ્યે જાય છે, ચાલતું રહેશે. કયા અપ્રતિમ બળનાં પ્રેર્યાં એ નિવાસસ્થાન છોડી, હજારો યોજનના પ્રવાસ ખેડી, જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતાં આવી યાત્રાઓ કરી રહ્યાં છે?

આપાત્રે સ્હેજે સમજી શકીએ છીએ કે પોતાનું નિવાસસ્થાન

ભયમાં આવી પડે, આહારની તંગી નડે, સંતાનોત્પત્તિને અનુકૂળ સંજોગો ન હોય, અર્થાત જીવનની અનેકવિધ જરૂરિયાતોમાં અંતરાય આવે ત્યારે પ્રાણિમાત્ર એક સ્થાન તજીને બીજું વધારે અનુકૂળ સ્થાન શોધે છે. મેદાનમાં વસનારાં પંખી પહાડની ભેખડોની સંરક્ષિત ઓથે માળા બાંધવા જાય એ સ્વાભાવિક છે. ઉનાળામાં રેતાળ પ્રદેશની ધીખતી ધરા તજીને, લીલી કુંજોમાં ભરાઇ બેસતાં પંખીઓની મનોદશા પણ આપણે સમજી શકીએ છીએ. પરંતુ સાઇબીરિયા જેવા અતિ દૂરના પ્રદેશમાંથી નીકળી, હજારો માઇલનાં અંતર કાપી, વચ્ચે આવતાં અનુકૂળ સ્થળો છોડી દઈ, ભારતવર્ષનાં નદનદીસરોવરનો આશ્રય શોધવા પ્રતિવર્ષ શિયાળામાં ઊતરી આવતી આડચો વગેરેના ઉન્માદનો એમ સહેજે ખુલાસો થઇ શકતો નથી. આ સમસ્યાનો ઉકેલ કરવા વિદ્વાનો ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે, પણ એ સમસ્યા હજુ અણઉકેલી જ રહી છે. ક્યારે એની ઇતિશ્રી લખાશે એ પણ અનિશ્ચિત છે.

આપણે ભલે તેનો ઉકેલ ન કરી શકીએ, પરંતુ ઋતુએ ઋતુએ આપણે ત્યાં કોણ આવ્યું, કોણ ક્યારે ગયું, એની ભાળ તો આપણે સહેજે રાખી શકીએ. આવા અવલોકનની આપણે ત્યાં પૂરી તક છે. વસંતનો દૂત મનાતો કૉયલ, ગુજરાત કાઠિયાવાડ અને કચ્છમાં કયાં સ્થળે બારે માસ રહે છે અને કયાં ઓછો સમય, એની પૂરી ભાળ આપણને મળતી નથી. એ જ રીતે વૈયાનો નિવાસકાળ હજુ અનિશ્ચિત છે. આવું જ અજ્ઞાન સફેદ છાતીવાળા કોશિયા, શાહી બુલબુલ, હંસ, આડચો અને દીવાળીઘોડાના સંબંધમાં પ્રવર્તે છે.

અને આવાં અવલોકનની કિંમત પણ ઓછી નથી. થોડાંક પંખીઓ બાદ કરીએ તો સમગ્ર ભારતવર્ષમાં યાયાવર પંખીઓના આવવા-જવાના સમય, એમના પ્રવાસમાર્ગો વગેરે વિષે ભાગ્યે જ સપ્રમાણ માહિતી મળે છે. એ પરિસ્થિતિમાં નાનામાં નાના ગામડાનો રહેનાર પંખીપ્રેમી પણ પોતાના સીમાડા પર દર શિયાળે ફરી વળતાં યાયાવર પંખીઓનાં મોજાંનાં ભરતીઓટનો સમય સહજ પ્રયત્ને અવલોકી નોંધી શકે છે.

ભારતવર્ષમાં આવનારાં પરદેશી પંખીઓ વિષે આવું અજ્ઞાન પ્રવર્તે છે, પરંતુ યુરોપ-અમેરિકાની પરિસ્થિતિ જુદી છે. ત્યાંના પ્રકૃતિવિદોના તેમજ સરકારી સંસ્થાઓનાં સતત અવલોકન ને સંશોધનના પરિણામે, ત્યાં અનેક જાતનાં યાયાવર પંખીઓની યાત્રાઓ અને નિવાસસ્થાન તેમજ યાત્રાના રાજમાર્ગો, વગેરેની ચોક્કસ વિશ્વસનીય માહિતી ભેગી કરવામાં આવી છે. એના આધારે, પૃથ્વી પર સૌથી લાંબી યાત્રા કરનાર પંખી 'આર્કટિક ટર્ન' નામનું જણાયું છે. પ્રતિવર્ષ એ પંખી, ઉત્તર ધ્રુવની સમીપ, લાબ્રાડોરના પૂર્વ કિનારેથી પ્રસ્થાન શરૂ કરે છે અને ત્રણ મહિનાના અંતે, ૧૧૦૦૦ માઈલ ઊડીને, આફ્રિકા ખંડના અગ્નિ કોણના પ્રદેશમાં આવી પહોંચે છે. પાછું ફરતી વખતે એ આડા માર્ગે ચડે છે અને એ રીતે આવતાંજતાં ૨૫૦૦૦ માઈલ દર વરસે નિયમિત કાપે છે. આ યાત્રા દરમ્યાન વચ્ચે દરિયો આવે છે ત્યાં એનાથી હેઠળ ઊતરાતું નથી અને ચોવીસે કલાક ભૂખતરસ વેઠીને સતત ઊડતા રહેવું પડે છે. આવું વણથંભ્યે એકધારું અંતર એ ૧૫૦૦ થી ૨૦૦૦ માઇલ જેટલું ઊડી જાય છે!

પંખીની ગતિ

પણ આંખનું મટકું પણ માર્યા સિવાય, આહારનો એક કણ કે પાણીનું ટીપું પણ લીધા સિવાય, આવી એકધારી સળંગ ઊડવાની શક્તિમાં તો 'ગોલ્ડન પ્લોવર' નામનું અમેરિકન પંખી મોખરે આવે છે. એનો સળંગ પ્રવાસ ૨૪૦૦ માઈલનો નોંધાયો છે. સામાન્ય રીતે યાયાવર પંખીઓ, સૂર્યાસ્ત ને સૂર્યોદયની વચ્ચે, ૨૦૦-૬૦૦ માઇલ દરરોજના કાપે છે. જ્યાં ટૂંકાં અંતર કાપવાનાં હોય છે ત્યાં અનેક પંખી વણથોભ્યે લાંબું અંતર ઊડી શકે છે. અમેરિકામાં 'હમી બર્ડ' નામનાં નાજુક પંખી ભાગ્યે જ દોઢ બે ઇંચથી મોટાં હોય છે, છતાં એ સહેજે ૫૦૦ માઈલ જેટલું અંતર વગર અટકયે ઊડી જઇ શકે છે.

આવી લાંબી કે વણથંભ્યે ઊડવાની યાત્રાઓમાં પંખીની સાધારણ ગતિ કલાકના ૨૫-૩૦ માઈલની હોય છે. એ રીતે તો મોટા ભાગનાં પંખીઓ ભાગ્યે જ ૪૦-૪૫ માઇલ કરતાં વધુ ઝડપે એકધારું લાંબું અંતર કાપી શકે છે; જોકે પ્રસંગ આવ્યે દરેક પંખી અસાધારણ ઝડપ પણ કેળવી શકે છે. આપણાં મંદિર મસ્જિદ અને ખંડિયેરોમાં રહેતાં અબાબીલ (સ્વિફ્ટ) સહેજે કલાકના ૧૦૦ માઇલની ઝડપે કલાકો સુધી ઊડી શકે છે. તેમાં ય બાજ જેવાં પંખી જ્યારે શિકાર ઉપર પડે છે, તે વખતનો એમનો તીર જેવો ચંડવેગ ૧૬૫ થી ૧૮૦ માઇલનો નોંધાયો છે.

પંખીઓની ગતિનો અનુભવ આપણે રેલવે ગાડીમાં કે મોટરમાં મુસાફરી કરતી વખતે સહેજે કરી શકીએ છીએ. પેટ્રોલ સુલભ હતું ત્યારે આવી જ રીતે હું મારી મોટર સાઈકલની ઝડપથી પંખીઓની ઝડપનો તાગ લેવાનો અનેક પ્રયોગ કરતો હતો. એ રસ્તે હું આપણાં પીળક, તેતર, કાબરો, દીવાળીઘોડા, કાગડા, કૉયલ વગેરે વિવિધ પંખીઓની ગતિ વિષે મહત્ત્વની માહિતી ભેગી કરી શકયો છું.

('આપણે આંગણે ઊડનારાં'ની પ્રસ્તાવનામાંથી) — 'વનેચર'

વિજ્ઞાનથી પર રહસ્યો

હિંદને જમણે ખભે આવેલો દેશ તિબ્બત (ટિબેટ) આજ સુધી પણ એક રહસ્યભૂમિ જ રહેલો છે. ત્યાંના લોકોની યોગસાધના તથા મંત્ર, તંત્ર અને યંત્ર વિષયક શ્રદ્ધા ને સાધના પર દેશીવિદેશી અનેક પ્રવાસીઓએ પુષ્કળ સાહિત્ય લખ્યું છે, જેમાંથી આજના વિજ્ઞાનને ક્ષોભકારક એવી નીચેની માહિતી ખાસ કુતૂહલપ્રેરક જણાશે.:

ઇ. સ. ૧૯૪૦ના 'બિહાર ઓરિસ્સા રીસર્ચ જર્નલ'માં શ્રી બી. દ. અવર્ણેએ એક લેખ લખ્યો છે. તેમાં જણાવ્યું છે કે, યંત્રોની સહાય વિના સામાન્ય માણસો ન ઉપાડી શકે એવા ભારે વજનદાર પત્થરો ત્યાંના લોકો સહેજમાં ઉચકી શકે છે. લેખકે પોતે તિબ્બતમાં બેસીને એ લેખમાંની હકીકતો એકત્ર કરી છે. તેમના કહેવા પ્રમાણે ૨૯ શેર વજનનો એક પત્થર પડેલો, તે પર એક લામાએ તાંબાના તારની એક કૂંચી વડે મધ તેલ જેવો પદાર્થ એક કઠોરીમાંથી છાંટયો અને પાંચ મિનિટ બાદ લેખકે એ પત્થર ઉપાડયો ત્યારે તેનું વજન માંડ શેરેકનું જણાયું. એને આશ્ચર્યચકિત જોઇને લામાએ હસતાં હસતાં કહ્યું, 'હવે અમારી વાતોમાં તમને વિશ્વાસ આવશે. બે કલાક પછી એ પત્થરનું વજન પાછું પહેલાંના જેટલું થઇ જશે.' એનું કારણ પૂછતાં તેણે જણાવ્યું, કે 'થોડા સમય માટે પૃથ્વીને એમાં સુવાડી દેવામાં આવી હતી.' એટલેકે પૃથ્વીની ગુરુત્વાકર્ષણશક્તિને નષ્ટ કરી દેવામાં આવી હતી.

એકવાર એ લેખકે જોયું કે ૮ ઇંચ લાંબી ને ૨ ઇંચ પહોળી ધાતુની એક નળીનું એક બાજુનું ઢાંકણું ખોલીને એક લામા પોતાના કાન સાથે તે લગાડી રહ્યો હતો. પળેક રહીને એણે બીજી બાજુનું ઢાંકણું ખોલી, તેને મોં સાથે લગાડીને બેચાર વાક્ય ધીમેથી કહ્યાં. શ્રી અવર્ણેને આનું કારણ આપતાં તેણે જણાવ્યું, 'હું બસો માઇલ પરના મારા એક જુવાન લામા મિત્ર જોડે વાત કરી રહ્યો હતો.' આ યંત્ર ત્યાં 'ગુપ્તદૂત' નામે ઓળખાય છે અને સંપર્ક સાધનારી બન્ને વ્યક્તિઓ પાસે તે હોવું જોઇએ. કેટલીક ધાતુઓ તથા વનસ્પતિઓ વડે એ નળીઓ બનાવવામાં આવે છે.

પૂલ બાંધવાનો પણ એક વિચિત્ર પ્રકાર ત્યાં પ્રચલિત છે. કોઇ વૃક્ષની જડનો નાના દડા જેવડો એક ગોળો કશાક રાસાયનિક પદાર્થોમાં ૨૪ કલાક સુધી ભીંજવી રાખવામાં આવ્યો હતો, અને ત્યાર બાદ ૩૦ ફૂટની પહોળાઇનો પટ ધરાવતા એક નાળાને કિનારે એક એક ફૂટની ઊંડાઇએ તેને દાટી દેવામાં આવેલો. બે દિવસ બાદ તેમાંથી અનેક વેલો ફૂટી નીકળી અને આસપાસનું સઘળું પોતામાં જકડી લેતી વધવા માંડી. પાણીથી છ છ ઇંચ દૂર કિનારા પર શણનાં દોરડાં બાંધી દેવામાં આવ્યાં અને આ વેલો તે પર ચડાવી દેવામાં આવી. એ દોરડાંની સહાયથી બેત્રણ દિવસમાં એ સામે કિનારે પહોંચી ગઈ, અને ખૂબ વિસ્તરી ગઈ. એક અઠવાડિયામાં તો ૪ ફૂટ પહોળો એક ઝૂલતો પૂલ તૈયાર થઇ ગયો! દોરડાંને એ વેલો ખાઇ જાય છે અને કેવળ પોતાને જ આધારે સ્થિત રહે છે. એગનું મૂળ સલામત હોય છે ત્યાંસુધી પૂલને કશો ભય નથી રહેતો. પૂલને નષ્ટ કરવો હોય તો 'એકોનાઈટ' (વછનાગ)માં ભીંજવેલું એક તીર એ વેલાના મૂળમાં ખોસી દેવાથી ૨૦ મિનિટમાં સઘળી વેલો સુકાઇને ખરી પડે છે. આ વેલ ત્યાં 'સાવા' નામે ઓળખાય છે.

એક વખત શ્રી અવર્ણ ખોખૂન પર્વતની કંદરાઓ જોવા ગયેલા. ૧૮,૦૦૦ ફૂટ ઊંચે આવેલી એ કંદરાઓમાં પ્રકાશનું ક્યાં યે નામ નહોતું. પરંતુ એક કંદરામાં પ્રવેશતાં એમના સાથીદારે આશરે ૯ ઇંચની ગોળાઇની એક ઝાલર ઉઠાવી, જેની સાથે લાકડની એક નાની મોગરી બાંધેલી હતી. ઝાલર તાંબાની બનેલી હોય એમ લાગતું હતું. એ ખૂબ ચકચકિત હતી અને તેની કિનાર ચાંદીના તારની ગંથેલી હતી. એ ઝાલર પર મોગરીનો ટકોરો થતાં જ એક સાથે છ સ્થાને ઝાંખા લીલા રંગની રોશની પ્રકાશી ઊઠી. મિનિટેક તે ઝાંખી રહી, પરંતુ પછી તો એવા દરેક સ્થાને ૫૦૦ મીણબત્તીઓ જેટલો પ્રકાશ ઝગી ઊઠ્યો. તપાસ કરતાં જણાયું કે જમીનથી છ ફૂટ ઊંચે વીસ વીસ ફૂટને અંતરે દીવાલોમાં આવેલી લાકડાની ખીંટીઓ સાથે ટાંગેલી કોઈ ચીજમાંથી એ પ્રકાશ પ્રસરતો હતો. એ જ રીતે કંદરામાં થઇને એક સરોવર પાસે પહોંચતાં ત્યાં પણ બે વાર ટકોરા મારવાથી પચાસસાઠ સ્થળે પ્રકાશ ઝગમગી ઊઠ્યો. આનો ખુલાસો એમના સાથીદારે એ આપેલો કે ઝાલર પરના અવાજથી વાયુમાં જે સ્પંદનશક્તિ ઉત્પન્ન થાય છે તે દ્વારા એક જાતના ચકચકિત પત્થરોમાં પ્રકાશ પ્રગટ થાય છે. સ્પંદનશક્તિના બળ અનુસાર એ પ્રકાશ ઓછોવત્તો રહે છે. જો ધાતુની મોગરીથી ઝાલર વગાડવામાં આવે તો પ્રકાશ એટલો તીવ્ર ઝબકી ઊઠે કે આંખ તેને સહન ન કરી શકે

બૌદ્ધ સાહિત્યમાં ભગવાન બુદ્ધની ચિકિત્સા કરનાર જીવક નામના વૈદ્ય વિષે લખાયું છે કે તેની પાસે એક અદ્ભુત લાકડી હતી. એ લાકડીનો શરીરને સ્પર્શ થતાં જ શરીરનાં અંદરનાં અંગો બહારથી જોઈ શકાતાં હતાં. ઈસુના ૬૦૦ વર્ષ પહેલાંની આ વાતને હિંદમાં એક્સ રે પદ્ધતિના વિકાસના પ્રમાણ તરીકે ન લઈ શકાય? આપણા પ્રાચીન સાહિત્યમાંથી એવાં બીજાં પણ આજના વિજ્ઞાનને આશ્ચર્યકારક પ્રમાણો કદાચ મળી આવે; પરંતુ એની લુપ્ત થયેલી પરંપરા તિબ્બતનાં પ્રમાણો જેટલો વિશ્વાસ કદાચ ન પ્રેરી શકે. (પ્રજાબંધુ)

ચીના અને જાપાની વચ્ચેનો ભેદ

એ બંને પ્રજા એકબીજાને એટલી તો મળતી છે કે ભલભલા નિષ્ણાતો અને માનવવંશશાસ્ત્રીઓ પણ ગોથું ખાઈ જાય છે, તો સામાન્ય માણસનું શું ગજું? પણ નીચેના થોડા નિયમો (જોકે એ પણ નિદાન ભરોસાપાત્ર નથી) ખપ લાગે એવા છે:

ચીનાઓ ક્વચિત ઊંચા હોય છે (સરેરાશઃ ૫ ફૂટ ૫ ઇંચ); જાપાનીઓ હમેશાં ઠીંગણા (સરેરાશઃ ૫ ફૂટ ૨॥ ઇંચ). અને ઠીંગણા ચીનાઓ તથા જાપાનીઓ વચ્ચેનો ભેદ એ કે જાપાનીઓ જરા વધુ ગંઠેલા અને પહોળા નિતંબવાળા હોય છે.

કુસ્તી કરનારા મલ્લો સિવાય જાપાની ભાગ્યે જ જાડા તગડા હોય; અને ઘરડા થતા જાય તેમ સુકાઇને પાતળા થતા જાય. ચીનાઓ જરાકે સુખી હોય તો સ્થૂલ બનવા માંડે. ચીનમાં તો જાડા હોવું એ સુખી ઘરના હોવાનું સારૂં ચિહ્ન મનાય છે.

ચીનાઓને જાપાનીઓ જેટલા વાળ ઊગતા નથી. ભાર પડે એવી મૂછો પણ ભાગ્યેજ હોય છે. અને ચીનાઓ ઘણે ભાગે કચકડાની જાડી ફ્રેમનાં ચશ્માં પહેરતા નથી. આંખો તો, જોકે, ઉપલું પોપચું ભારે હોવાથી બંનેની ઝીણી હોય છે; પણ જાપાનીની વધારે બીડાએલી જણાય.

જેઓ એ બંને પ્રજાના સારા પરિચયમાં હોય છે તેઓ તો ચહેરાના ભાવ પરથી જ તેમનો ભેદ પરખી કાઢે છે. ચીનો જરા નમ્ર મધુર, માયાળુ ને નિખાલસ લાગે; જાપાની વધારે નિશ્ચલ, મતાગ્રહી અને ગર્વિષ્ઠ લાગે.

કેટલાક ઊંચા ખાનદાનના જાપાનીઓને ગરુડ જેવાં અણિયાળાં નાક ને લંબગોળ ચહેરા હોય છે ને ઝીણી આંખો સિવાય બીજી મુખરેખા પશ્ચિમી કૉકેશિયન જેવી જણાય છે. વાતચિતમાં જાપાનીઓ થોથવાય છે; ખડખડાટ અને ઘણી વાર કવખતે હસી પડે છે.

જાપાનીઓ અક્કડ ને પાની પછાડતા ચાલે છે; ચીનાઓની ચાલ નરમ સરળ ને કેટલીક વાર રગશિયા કે લથરપથર હોય છે.

સરોવર પર ચાલી શકાય છે-કિકુયુ લેઈક

નાઇરોબીથી રેલવેના દોઢ કલાકના રસ્તે કિકુયુ કરીને એક નાનું સ્ટેશન છે. તેની બાજુમાં એક જમીનની નીચે સરોવર છે. તેના પાણી ઉપર બે બે ફૂટ ઊંચું ઘાસ ઊગી ગયું છે અને તે ઘાસ પર માણસ ચાલે છે છતાં તેના પગ પાણીવાળા થતા નથી, અથવા અંદર ખૂંચી જતા પણ નથી. આપણા ઘરના લોઢાના સ્પ્રિંગવાળા ખાટલા પર ચાલીએ અને આપણે ઝોલા ખાતા હોઇએ તેવું એ બધું ઝૂલતું લાગે છે. મોટામોટા જંગલી પાડા અને ગાયો આ તરતા ઘાસ પર જરા પણ ભય વગર ચરે છે. આ તળાવને કિકુયુ લેઇક કહે છે અને દૂરદૂરથી ઘણાં માણસો તે જોવા આવે છે. —શશિકાન્ત ગજ્જડિયા

ચીનની કાગળની છત્રીઓ

ચીનમાં કાગળની છત્રીઓની એટલી અસંખ્યાત જાતો થાય છે કે ગરીબમાં ગરીબ વાપરી શકે તેવી સાદી રંગીન છત્રીથી માંડીને અમીરી ખાનદાનોને વાપરવા માટેની, હાથે ચીતરેલી ચિકટ કાગળની બહુમૂલી છત્રીઓ ત્યાં બને છે. તેમાં વપરાતો કાગળ બે પ્રકારનો હોય છેઃ સસ્તી જાત માટે સુતરાઉ ચીંથરાંમાંથી બનતો કાગળ, અને મોંઘી છત્રીઓ માટે મલબેરી ઝાડની છાલનો કાગળ. તેને વૉટરપ્રુફ કરવા માટે એક જાતનો રોગાન તે પર ચોપડવામાં આવે છે જે સણનાં બીનું તેલ, કૉટનનું તેલ, સ્ટર્કયુલિયા અને થોડા ગૂંદાના મિશ્રણને સારી પેઠે હલાવી, ઘાટું થાય ત્યાં સુધી ઉકાળીને તૈયાર કરવામાં આવે છે.

મહીડા કુમાર નરેન્દ્રસિંહ સાહિત્યોત્કર્ષ ચન્દ્રક

સુરતની નર્મદ સાહિત્ય સભાને માંડવા-ચાંદોદવાળા મહીડા કુમાર નરેન્દ્રસિંહજીએ ભેટ આપેલ 'સાહિત્યોત્કર્ષ ચન્દ્રક' નર્મદ સાહિત્ય સભાની ચોથી વાર્ષિક સાહિત્ય પરીક્ષામાં 'ઉત્તમા'માં સૌથી વધારે ગુણ મેળવી પસાર થનાર સુરતના શ્રી કાન્તિલાલ છગનલાલ શાહને મળ્યો છે.

આ માસ ઈતિહાસમાં

ફેબ્રુઆરી

વર્ષના બીજા બધા મહિનાઓ કરતાં દિવસની સંખ્યામાં વિચિત્ર રીતે જુદો પડતો, ૨૮ દિવસનો (અને દર ચોથે વર્ષે 'લીપ ઇયર'માં ૨૯ દિવસ ધરાવતો) આ મહિનો, મૂળ રોમુલિયન પંચાંગમાં ન હતો. ઇ.સ. પૂર્વે ૭૧૩માં ન્યૂમાના રાજ્ય અમલમાં જૂની વર્ષગણત્રી મુજબના દસ મહિનામાં બે નવા મહિના ઉમેરવામાં આવ્યા : વર્ષની શરૂઆતમાં જાન્યુઆરી, ને વર્ષને છેડે ફેબ્રુઆરી. પણ પછી, ઈ. પૂર્વે ૪૫૨માં ફેબ્રુઆરીને જાન્યુઆરી પછી લઇ જવામાં આવ્યો.

તા. ૩ અંગ્રેજોએ પહેલવહેલો હિંદને કિનારે પગ મૂક્યો, ૧૬૧૩.

તા. ૪ ઍની બેસંટે સ્થાપેલી બનારસની સેન્ટ્રલ હિંદુ કૉલેજના નાના વૃક્ષની હિંદુ વિશ્વવિદ્યાલયના વિશાળ અશ્વત્થના રૂપમાં પંડિત મદનમોહન માલવિયાના મહાપ્રયાસથી સ્થાપના થઇ, ૧૯૨૫.

તા. ૭ અંગ્રેજી સાહિત્યમાં કાયમી આંક મૂકી જનાર, વિક્ટોરિયન યુગના શ્રેષ્ઠ નવલકથાકાર ચાલ્સૅ ડિકન્સનો જન્મ ૧૮૧૨.

તા. ૧૧ અભિનંદન શ્રેષ્ઠી અને રાષ્ટ્રસેવક જમનાલાલજી બજાજનું અવસાન, ૧૯૪૨.

તા. ૧૪ મુઘલ વિજેતાઓની ઈસ્લામી સંસ્કૃતિને હિંદના ધાવણવંડે પોષી તેને હિંદની બનાવનાર અકબર તખ્તનશીન થયો, ૧૫૫૬.

તા. ૧૫ બીજા વિશ્વયુદ્ધમાં સીંગાપુરનું પતન, ૧૯૪૨.

તા. ૨૧ જગનામી હીરો 'કોહીનૂર' હિંદની રાષ્ટ્રલક્ષ્મીમાંથી સરકી અંગ્રેજોને હાથ ગયો, ઇ. ૧૮૪૯.

તા. ૨૨ અમેરિકન સ્વાતંત્ર્યના પિતા અને અમેરિકનોના સંમાન્ય કર્તવ્યપુરુષ જ્યૉર્જ વૉશિંગ્ટનનો જન્મ, ૧૭૩૨.

તા. ૨૫ યુનાઇટેડ સ્ટેટ્સમાં ચલણી નોટો દાખલ કરવામાં આવી, ૧૮૬૨.

આ મહિનાની વ્યક્તિવિશેષ

ગૅલિલીઓ



આકાશની અદ્‌ભુતતાને સૌ પહેલો વિજ્ઞાનની આંખે જોનાર, ઇટાલીનો એ નામાંકિત ખગોળશાસ્ત્રી, શોધક ને તત્ત્વવેત્તા, ૧૫૬૪ની ૧૫મી ફેબ્રુઆરીએ, ફ્લૉરેન્સના એક નિર્ધન અમીરને ત્યાં પીસા મુકામે જન્મેલો. નાનેથી જ કળા ને હુન્નરનો તેને શૉખ હતો. ૧૭ વર્ષનો થતાં પીસાની વિદ્યાપીઠમાં દાક્તરી શીખવા તે દાખલ થયો; પણ ત્યાં યુક્લિડ અને આર્કીમીડિસનાં પુસ્તકો તેને હાથ ચડયાં. તેમાં એટલો રસ પડયો કે વૈદું પડતું મૂકી તેના અધ્યયનમાં મચ્યો અને ૨૫ વર્ષની ઉંમરે તો તેમાં નિષ્ણાત બની પીસાની વિદ્યાપીઠમાં ગણિતનો અધ્યાપક થયો.

પીસાના દેવળમાં ઝૂલતી હાંડી જોઇ તે પરથી તેણે લોલકની શોધ કરી કાળનું માપ લેવાનાં પહેલાં પગલાં માંડયાં. તે પછી ગરમી માપવા થર્મૉમીટરની શોધ કરી. પીસાના વિખ્યાત વાંકા મિનારા પરથી એક અધમણનો ને બીજો બશેરનો એમ બે પત્થરો પડતા મૂકી, બન્ને એક જ સાથે નીચે પડયા તે બતાવી તેણે ગુરુત્વાકર્ષણમાં વજન એ નિરર્થક વસ્તુ છે તેમ સાબિત કર્યું. તેની આ નવીનવી શોધો, અને જૂની માન્યતાઓને તોડનારા પ્રયોગોથી જૂનવાણીઓમાં તે નિંદા અને તિરસ્કારને પાત્ર થવા લાગ્યો.

આથી પીસા છોડી તે પાડુઆની વિદ્યાપીઠમાં ગયો. કોઈ વલન્દાએ દૂરબીન શોધ્યાના ખબર સાંભળી તેણે સ્વતંત્રપણે એવું દૂરબીન રચ્યું, જે વડે આકાશી પદાર્થોનું નિરીક્ષણ થઈ શકે. પછી તો તેની આગળ અંતરીક્ષનાં અજબ રહસ્યો ખુલ્લાં થવા લાગ્યાં; અને કૉપરનીકસથી આગળ નવી શોધો કરી, કે ચન્દ્રની સપાટી સુંવાળી નથી, પણ તે પર તો પર્વતો છે; આકાશગંગા દૂધિયા તેજથી નહિ પણ અસંખ્ય તારાઓથી ભરેલી છે; ગુરુને ચાર ચન્દ્ર છે અને શનિના ગ્રહ ફરતું વર્તુલ છે, વગેરે. જેમ જેમ અંધશ્રદ્ધાળુ જૂનવાણીઓ આ સાંભળતા ગયા તેમતેમ તેમનો રોષ ભભૂકતો ગયો. બાઈબલમાં પૃથ્વીને અચળ કહીને સૂર્યને તેનો દીવો કહ્યો છે એ હકીકતની વિરુદ્ધ આ બધાં ધતીંગનો પ્રચાર કરનાર ગૅલિલીઓ પર ઉપહાસ, નિંદા અને તિરસ્કારનો વરસાદ વરસવા લાગ્યો. એ કશું ગણકાર્યા વિના તેણે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. અને ૧૫૩૨માં પોતાની આ શોધનું પ્રતિપાદન કરતા સંવાદના રૂપમાં પુસ્તક બહાર પાડયું. વિદ્વાનોમાં તેને ખૂબ આવકાર મળ્યો, પણ ધર્મગુરુઓના ક્રોધે હદ માઝા મૂકી. પોપે તેના પ્રચારની મના કરી અને નાસ્તિકતાના ગુના માટે કામ ચલાવવા પોતાની પાસે રોમ આવવા ફરમાન કર્યું. રોમની ગ્રબ્બામાં ન્યાયાસન પર બિરાજેલા એ અંધશ્રદ્ધાળુ ધર્મગુરુઓ સામે સત્યજ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર ૭૦ વર્ષના ગલિલીઓને ગૂણપાટની કફની પહેરી પ્રાયશ્ચિત્ત કરવા ઊભા રહેવું પડયું. થોડી કેદ પછી, એકાંતવાસમાં રહેવાની શરતે તેને મુક્ત કર્યો.

તેનું બાકીનું આયુ બહુ દુઃખમાં વીત્યું. પોતાના ઘરમાં પણ કેદી જેવા ગૅલિલીઓની પાછલાં વર્ષોમાં આંખો પણ ગઈ; અને અમાપ આકાશનાં અદ્‌ભુત રહસ્યોની મહાન વાતો દુનિયાને સૌપ્રથમ કહેનાર તથા પ્રયોગસિદ્ધ વિજ્ઞાનનો પિતા એ ગૅલિલીઓ, જીવનનાં છેલ્લાં પાંચ વર્ષ અંધાપા, દુઃખ અને ગરીબીમાં ગાળી, ઇ. ૧૬૪૨ ના જાન્યુઆરીની ૮મી તારીખે ૭૮ વર્ષની વયે મરણ પામ્યો.

વિકસતું વિજ્ઞાન

કુદરતનાં બધાં બળોમાંથી માત્ર જલશક્તિને જ માણસે આજ સુધીમાં ઉપયોગમાં લીધી છે અને હાઇડ્રોઇલેક્ટ્રીક જેનરેટરો ઊભાં કર્યાં છે. સૂર્ય અને પવનની શક્તિ હજુ એવા કશા ઉપયોગમાં મોટે પાયે નથી યોજાઇ. પવનથી ચાલતાં વીજળિક યંત્રો કે સૂર્યના તાપથી ચાલતાં એન્જિનોની બાબતમાં અખતરા જ થતા રહ્યા છે. પરંતુ 'નેચર'ના તાજેતરના એક અંકમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકાના વર્મૉન્ટ પરગણામાં ૨૦૦૦ ફૂટ ઊંચા એક શિખર પર પવન દ્વારા વીજળી ઉત્પન્ન કરતું એક જેનરેટર ઊભું કરવામાં આવ્યું છે. એ હજી જોકે પ્રયોગદશામાં છે, છતાં આ ઉપક્રમ વૈજ્ઞાનિક શક્તિસાધનાના ઇતિહાસમાં પહેલો જ છે. હમણાં તો માત્ર વરસમાં ૪૦૦૦ કલાક સુધી જ આ યંત્રથી પવનની શક્તિનો ઉપયોગ થઈ શકશે. આ યંત્ર બે પાંખાળા ટર્બાઇન અને ૧૦૦૦ કિલૉવૉટના ઑલ્ટરનેટરનું બનેલું છે. દરેક પાંખની લંબાઈ ૬૫ ફૂટ, પહોળાઇ ૧૧ ફૂટ અને વજન લગભગ ૬½ ટનનું છે. એ રાક્ષસી પંખો મિનિટે ૨૮ઉં આંટા ફરે છે.

અમેરિકાની સેલોટેક્સ કંપનીએ શેરડીમાંથી રસ કાઢી લીધેલાં છોડાંમાંથી [illegible] બનાવવાની પદ્ધતિ શોધી કાઢી છે.

ગારો, ગાય, પલિત, અળગાંને વળગે નહિ
એની બૂરી પ્રીત, ત્રીજું વણસમર્યું ભલું.

— તનસુખ ભટ્ટ

'ઇન્ડિયન એસોસીએશન ઑવ કલકત્તા'-ની સ્થાપનાને દિવસે જ સુરેન્દ્રનાથ બૅનરજીના પુત્રનું અવસાન થયું. એનો ઘા એવો કારી હતો કે તે સભામાં જઇ શકે એવું જ ન હતું; પણ જ્યારે એમણે સાંભળ્યું કે પોતાની ગેરહાજરીનો લાભ લઇ પ્રતિસ્પર્ધીઓ એ ઊગતી સંસ્થાને નુકસાન પહોંચાડવાના છે ત્યારે એ સભામાં જઇ તેમણે કર્તવ્ય-ધર્મ-ઐક્ય ઉપર એવું પ્રેરણાદાયી ભાષણ કર્યું કે મંડળની પ્રતિષ્ઠા ત્યાર પછી વધતી જ ગઇ અને ઘણા શક્તિશાળી માણસોએ તેમાં જોડાઇ એના પાયા મજબૂત કરી દીધા.

અનેકાર્થી શબ્દ: **વરવું**=બેડોળ કે નઠારું; વર તરીકે પસંદ કરવું, ચૂંટવું; ખપવું અથવા વપરાવું.

કહેવતોના મર્મ: 'વો દિન કહાં, કે મિયાંકે પાંઉમેં જૂતી?' સાધન વિનાના મહત્ત્વાકાંક્ષી માણસની નિરાધારી ગાવા માટે, કે શક્તિ વિનાના શેખીખોર માણસને ઉપાલંભ દેવા માટે વપરાતી આ કહેવત પાછળ વાત એવી છે કે એક ગરીબ મિયાંની અશરાફ ઓરત મહેનત અને કરકસરથી ઘરનો કારભાર ચલાવતી; છતાં હીણકમાઉ મિયાંભાઈ મિજાજી બહુ, તે તેને વારંવાર સતાવતા. એક દિવસ અસહ્ય થતાં મિયાં-બીબી વચ્ચે બોલાચાલી થઈ અને મિયાંભાઈ ભભૂક્યા: 'જ્યાદા બોલેગી તો સાત તલેકા જૂતા માર કે હડ્ડી બિગાડ દૂંગા.' એ સાંભળી બીબીએ ઉપાલંભ કર્યો: 'વો દિન કહાં કે મિયાંકે પાઉંમેં જૂતી?' મતલબ કે પગમાં તમે સાત તળાંવાળા જોડા પહેરવા પામો એટલા પૈસા તમે કમાઓ એવો ધન્ય દિવસ આવે તો તો જોઇએ જ શું? મિયાં એનો મર્મ સમજી શરમાઇ ગયા. એને મળતી બીજી કહેવત: 'બાટલેમેંઘી બાટકે પરથમ પાયો જન મળે!'

મોસંબીનું ઝાડ ૩૦૦ વર્ષ જીવે છે અને લગભગ ૧૦૦ વર્ષ સુધી ફળ આપે છે.

દુનિયામાં નાનામાં નાનું પક્ષી પાજરો મોસ્કા નામનું ક્યૂબામાં થાય છે.

ઇંગ્લંડનું 'God Save the King' એ ગીત પહેલવહેલું ઈ. સ. ૧૭૪૫ના ઑક્ટોબર મહિનાના 'જેંટલમેન્સ મૅગેઝીન'માં છપાયું.

ઊંઘની વખતે આપણા શરીરને ૯ ડિગ્રી ગરમી જોઇએ છે.

સોનું ઓગળી શકે એવો માત્ર એક જ ઍસિડ છે-ઍક્વા રેજિયા. નાઇટ્રિક તથા હાઇડ્રોક્લોરિક ઍસિડનું એ મિશ્રણ છે.

આફ્રિકા ખંડનો વિસ્તાર લગભગ એક કરોડ ને વીસ લાખ ચોરસ માઇલનો છે. પૃથ્વી પરની જમીનની કુલ સપાટીનો લગભગ ચોથો ભાગ એ રોકે છે જ્યારે વસતિ માત્ર દસ કરોડ આસપાસની છે.



નદીમાં લાંગરેલા વહાણની આસપાસમાં થોડે દૂર આ રીતનાં લાકડાનાં કે લોઢાનાં પોલાં બોયાં તરતાં જોવામાં આવે છે તે, જે જગ્યાએ પાણીમાં લંગર પડેલું હોય છે તે જગ્યા દર્શાવવા માટે હોય છે. લંગર સાથે તે જરૂર પૂરતા ટૂંકા દોરડાથી બાંધેલું હોવાથી ત્યાં સ્થિર રહે છે; જ્યારે વહાણને તો પલટાતાં હવામાન, કે બીજાં કારણે લંગર સાથે બાંધેલા દોરડાને ઢીલ મૂકવી પડતી હોવાથી, લંગર ખરેખર ક્યાં નાખેલું છે તે ક્વચિત ભુલાઇ જવાનો સંભવ હોય છે. તે વખતે ઉપર જણાવેલું બોયું સાથે બાંધ્યું હોય તો લંગરનું સ્થાન દર્શાવી રહે છે.

અરેબિયન નાઇટ્સવાળી અલાદીન અને તેના જાદુઈ ફાનસની વાર્તા દુનિયાના એકેએક સાહિત્યમાં અનુવાદ પામી છે.



આ મૂર્તિને ઉલટાવીને જોશો તો નવીન જ પ્રકારનાં દર્શન દેશે.

ઇશ્વર સર્વશક્તિમાન છે તે બાપા ગંભીરપણે સમજાવતા હતા. તેમને વચ્ચે અટકાવીને નાનકડા મધુએ પૂછ્યું: 'એવું કાંઈ જ નહિ હોય કે જે ઈશ્વરને ન આવડે?'

'ના.' બાપાએ કહ્યું.

થોડી વાર વિચાર કરી મધુએ પૂછ્યું: 'એમને ઘડિયાળમાં એક કરતાં પણ ઓછા ટકોરા પાડતાં આવડે ખરા?'


મગરનું ભેજું માત્ર બે જ ઇંચનું હોય છે.

પુરુષોમાં તોતડાપણાનું પ્રમાણ સ્ત્રીઓના કરતાં દસગણું જણાયું છે.

ન્યૂ યૉર્કના પ્રો. વૉલ્ટર લૅંગસૅમના કહેવા પ્રમાણે ઇ.પૂ. ૧૪૯૬થી માંડીને ઈ.સ. ૧૮૬૧ સુધીમાં માણસજાતે માત્ર ૨૨૭ વર્ષ સંપૂર્ણ શાંતિમાં વીતાવ્યા છે.

પૃથ્વીની ધીમી પડતી જતી ગતિ પરથી એક વિજ્ઞાનીએ અનુમાન કર્યું છે કે ૧ અબજ ૬૦ કરોડ વરસે તે તદ્દન અચળ બની જશે.

ડામરના ડાઘ ઉપર જરા પેટ્રોલ નાખીને ઘસવાથી તે તરત જતા રહેશે.



વીજળીનું મીટર કેમ જોવું?

ઘરમાં વીજળી લીધી હોય છે, છતાં તેનું મીટર જોઇને દર મહિને કેટલી વીજળી વપરાઈ તેની ગણત્રી કરતાં ઘણા ઓછા લોકોને આવડે છે. આ સાથે વીજળીના મીટર પરના આંકડાના ચંદાની આકૃતિઓ આપી છે. તે જોતાં પહેલો ખ્યાલ તો એ આવશે કે દરેક ચંદામાંનો કાંટો પોતાના પડોશના ચંદાના કાંટા કરતાં ઉલટી દિશામાં ફરતો હોય છે. હવે ડાબી તરફનો પહેલો ચંદો ઉકેલીને નોંધણી શરૂ કરો. તેની રીત એ, કે જે બે આંકડાની વચ્ચે કાંટો હોય તેમાંનો ઓછો અંક નોંધવો. દાખલા તરીકે, પહેલા ચંદામાં ૦ અને ૯ વચ્ચે કાંટો છે, તો ૯ નોંધવો. (નાનો ચંદો તો ૧/૧૦ યુનિટ જ દર્શાવે છે, એટલે તેને ગણત્રીમાં લેવાની જરૂર નથી.) હવે આ રીતે તમે એક પછી એક ચંદામાંના કાંટા જે આંકડા દર્શાવે છે તે નોંધતા જશો તો ૯,૪૭૫નો આંક આવશે. હવે માનો, કે ગયે અઠવાડિયે તમે નોંધેલા આંક ૯,૪૬૨ યુનિટનો હતો; તો તેનો અર્થ એ કે આ અઠવાડિયામાં ૧૩ યુનિટ વીજળી વપરાઇ. (૧ યુનિટ એટલે ૧ કિલોવૉટ કલાક)



ટપાલની ટિકિટો પર દેશદેશના જળધોધ

ઉપલી હાર: (૧) રી-યૂનિયન (માડાગાસ્કરની બાજુના) ટાપુમાંના જળધોધ દાખવતી એ પ્રદેશની ટિકિટ; (૨) યુનાઇટેડ સ્ટેટ્સની ટિકિટ પર ત્યાંના જગવિખ્યાત પ્રચંડ બોલ્ડરડૅમમાંથી પડતો જળપ્રપાત; (૩) બેલ્જિયમ કૉંગોની ટિકિટ પર ત્યાંની સૂઝા નદીનો ધોધ; (૪) વેસ્ટ ઇન્ડીઝમાંના સેઇન્ટ લ્યૂશિયા ટાપુની ટિકિટ પર ત્યાંનો વેન્ટાઈનનો ધોધ; (૫) બ્રિટિશ ગાયાનાની ટિકિટ પર ત્યાંનો કાઈટ્યુર ધોધ; (૬) દક્ષિણ ર્‍હોડેશિયાની ટિકિટ પર જગનામી વિક્ટોરિયા ફૉલ્સ. વચલી હાર: (૧) ચીલી (દક્ષિણ અમેરિકા)ની ટિકિટ પર ત્યાંનો લાજા ધોધ; (૨) પનામા પ્રજાતંત્રની ટિકિટ પર ત્યાંનો ફેરીગા પ્રપાત; (૩) બેલ્જિયમ કૉંગોનો બીજો ધોધ ઈકિસ્સી; (૪) જમાઇકા ટાપુની ટિકિટ પર ત્યાંના લૅન્ડોવેરી ધોધ; (૫) દક્ષિણ ર્‍હોડેશિયાના વિક્ટોરિયા ફૉલ્સ ધરાવતી બીજી ટિકિટ. છેલ્લી હાર: (૧) આઇસ્લૅન્ડ ઔરની ટિકિટ પર ત્યાંનો ધોધ; (૨) વિખ્યાત નાયાગરા ધોધ–અમેરિકાની ટિકિટ પર; (૩) લિબાનાઇઝ પ્રજાસત્તાકની ટિકિટ પર ત્યાંનો આફ્કા ધોધ; (૪) નાયાગરા ધોધનો કૅનેડા બાજુનો ભાગ–એ દેશની ટિકિટ પર; (૫) સ્વિટ્ઝર્લૅન્ડની ટિકિટ પર ર્‍હાઈન નદીના ધોધ; (૬) એ જ દેશની બીજી ટિકિટ પર સ્ટૅાબ્બાખનો ધોધ. (શ્રી હરિલાલ ઉ. કર–વઢવાણ કૅમ્પ–ના સંગ્રહમાંથી)



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબીબાજુથી અનુક્રમે (૧) 'પ્રતિબિંબ'–ચીમન મેવાડા (કલોલ) નોંધપાત્ર; (૨) 'મિત્રતા'–શુકદેવ બારોટ (અમદાવાદ) બીજું ઈનામ; (૩) 'પ્રણય આરાધના'–ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ) ત્રીજું ઈનામ.

હતો. એમની વધતી જતી વસતિને રોકવા ચારસો જેટલા વાઘનું એકલે હાથે નિકંદન કરનાર શિકારીનાં સાહસકર્મો મેં સાંભળ્યાં છે; છતાં હું કબૂલ કરું છું કે મને એમાં પૅટર્સનના અનુભવ જેટલો રસ પડ્યો નથી. હું અને તમે, પૅટર્સનના જેવી સ્થિતિમાં મુકાઇએ તો શું કરીએ: એ વિચાર કરતાં આપણે આ તફાવત સમજી શકીએ છીએ. આ જ પૅટર્સનના પુસ્તકની મહત્તાની ચાવી છે. એથી જ હું આશા રાખું છું કે પૅટર્સનની આ પરાક્રમકથાઓએ જેવી રીતે સેલસ અને રૂઝવેલ્ટ જેવા અસંખ્ય સમર્થ અનુભવી પ્રાણિવિદ્દરોનાં મન હરી લીધાં છે, જેવી રીતે એણે શ્રી રવિશંકર રાવળ જેવા કલાસ્વામીને મુગ્ધ કર્યા છે અને જેવી રીતે મારા જેવા સામાન્ય વાચકોને પણ આકર્ષ્યા છે, એવી જ રીતે 'કુમાર'ના સહૃદય વાચકોને પણ એ આકર્ષશે.

—હ.]

૧ પ્રાસ્તાવિક

સને ૧૮૯૯ના માર્ચની પહેલી તારીખે બપોરે મેં આફ્રિકાના પૂર્વ કિનારે મોમ્બાસા ટાપુમાં પગ મૂક્યો. એ વખતે યુગાન્ડા રેલવે બંધાતી હતી અને એના ઇજનેર તરીકે મારી નિમણૂક થવાથી એ સ્થાન સંભાળવાના હેતુથી જ હું પૂર્વ આફ્રિકામાં આવ્યો હતો. એટલે કિનારે ઊતરતાં જ રેલવેની હેડ ઑફિસ ક્યાં આવેલી છે, એની મેં કસ્ટમ ખાતામાં પૂછપરછ કરી. ત્યાંથી ખબર મળી કે રેલવેનું વડું મથક મોમ્બાસાથી ત્રણેક માઈલ છેટે કિલિન્દિની નામના ગામમાં હતું અને ટ્રામમાં ત્યાં જવાતું હતું. કિલિન્દિનીમાં પહોંચીને મેં રેલવેની ઑફિસમાં તપાસ કરી તો મને કહેવામાં આવ્યું કે મારે અંદરના પ્રદેશમાં રહેવાનું છે અને બેએક દિવસમાં ચોક્કસ સૂચનાઓ આપવામાં આવશે. એટલે મેં રેલવેની પડખે જ તાડની છાયામાં મારો તંબૂ ઊભો કર્યો અને આ ટાપુ જોવામાં તથા જરૂરી ખાદ્ય પદાર્થો અને સાધનસામગ્રી ભેગી કરવામાં હું પડ્યો.

એમાં ને એમાં એક અઠવાડિયું વીતી ગયું. ત્યાં એક સવારે અચાનક કંપનીનો હુકમ આવ્યો કે મારે અહીંથી ૧૩૨ માઇલ દૂર આવેલા ત્સાવો નામના સ્થળે જવાનું છે અને ત્યાં સુધી પહોંચેલા રેલવે માર્ગને આગળ બાંધવાનું કામ ઉપાડી લેવાનું છે. એટલે બીજે દિવસે બાંધકામખાતાના વડા મિ. ઍન્ડર્સન અને રેલવેના મુખ્ય વૈદ્યકીય અધિકારી ડૉ. મૅક્‌ક્યુલૉક સાથે સ્પેશ્યલ ટ્રેનમાં હું નીકળ્યો. એ આખો પ્રદેશ મારે માટે તો સાવ અજાણ્યો હતો, એટલે મને આખી મુસાફરીમાં ખૂબ મઝા પડી.

મોમ્બાસા ટાપુ અને આફ્રિકાની ભૂમિ વચ્ચે માકુપાની ખાડી આવેલી છે. એના ઉપરનો સૅલિસબરી પૂલ ઓળંગતાં જ રેલવે લાઇન રમણીય વનરાજિ વચ્ચે થઇને ૨૦ માઇલ સુધી ઊંચે ચડતી હતી. પાછળ નજર નાખતાં ઝાડી વચ્ચે અવારનવાર કિલિન્દિની અને મોમ્બાસાનાં મનોહર દૃશ્યો નજરે પડતાં હતાં. એની પાછળ આંખ પહોંચે ત્યાં લગી હિન્દી મહાસાગરનાં નીર ખુશનુમા સૂર્યપ્રકાશમાં ચમકતાં પથરાએલાં હતાં. આમ ઉપર ચડતાંચડતાં રાબાઈ પહાડની ટોચે પહોંચતાં અમે તારૂના રણમાં પ્રવેશ કર્યો. જૂજ જૂજ જાળાંઝાંખરાં સિવાય બધે લાલ રેતીથી છવાએલો એ સુક્કોભંખ પ્રદેશ હતો. ત્યાં જંગલી પ્રાણીઓ ઠીકઠીક પ્રમાણમાં વસતાં હોવાનું મનાતું હતું. છતાં તેઓ નીચાં જાળામાં ભરાઈ બેસવાને લીધે અમને ચાલતી ગાડીમાંથી જોવાનું ખૂબ અઘરૂં હતું. જોકે થોડાંક તો નજરે પડ્યાં. કોઇકોઇ સ્થળે ત્યાંના આદિવાસીઓ વા ન્યાઇકા ('વેરાનનાં સંતાન') પણ જોવામાં આવ્યા.

દરિયાકિનારાથી ૮૦ માઈલ છેટે માઉન્ગુ આવતાં રણ પૂરૂં થયું, છતાં જમીનમાં ફેર પડતો દેખાતો હોય તો તે માત્ર રેતીના બદલાતા રંગ પૂરતો જ. ત્યાંથી અમે વાઈ પહોંચ્યા. આટલી મુસાફરીમાં રેલવેનું મહત્ત્વનું મથક આ પહેલું જ આવેલું હોવાથી, ત્યાં ચાલતા બાંધકામને તપાસવા અમે થોડો વખત રોકાયા. ત્યાંથી મુસાફરી શરૂ થતાં જ થોડી વારમાં અમારૂં ધ્યાન ખેંચાયું કે અમારી આસપાસના પ્રદેશમાં એક જાતનો મનગમતો ફેરફાર થતો જાય છે. ન્ડાઇ નામના સ્થળથી તો રેલવે લાઈન કેટલાક માઈલ સુધી રમણીય જંગલો વચ્ચેથી જતી હતી. દક્ષિણે "વા તૈતા" લોકની નિવાસભૂમિ 'ન્ડાઇ' પર્વતમાળા દેખાતી હતી. જમણી તરફ ન્યંગુના ટેકરાઓની સીધી ધાર માઈલો લગી પથરાએલી ઊભી હતી. અહીંથી અમારો પ્રવાસ ધીમી ગતિએ થતો હતો, કારણ નવી બંધાતી રેલવેના બાંધકામને તપાસવા અમારે વારંવાર સ્થળે સ્થળે રોકાવું પડતું હતું. આમ રોકાતા રોકાતા આખરે દીવા ટાણે અમે અમારા નિર્ણિત સ્થળ ત્સાવોમાં આવી પહોંચ્યા. રાતની રાત મને ત્યાં ગાળવાની હતી, એટલે મારી પહેલાં આવી ગએલા કોઈ મુસાફરે બાંધેલા એક ખાલી ઝૂંપડામાં મેં પથારી કરાવી. ઝૂંપડું તાડનાં પાનનું બનાવેલું જીર્ણ દશામાં હતું. દરવાજા જેવું કાંઈ મળે જ નહિ. એની અંદર પ્રવાસખાટલામાં પડ્યો પડ્યો હું ભાંગેલા છાપરામાંથી ડોકિયાં કરતા તારા ગણી શકતો હતો. એ વખતે મને ખ્યાલ સરખો પણ ન હતો કે આ જ પ્રદેશમાં મારા માટે આકરા અનુભવોની પરંપરા તૈયાર ઊભી હતી. મને રજ પણ ખબર હત કે જે ઘડીએ એ ભાંગીતૂટી ઝૂંપડીમાંથી હું નિશ્ચિંત મને આકાશદર્શન કરી રહ્યો હતો એ જ વખતે બે ભૂખ્યા વિકરાળ વ્યાળ શિકારની શોધમાં મારી આસપાસના પ્રદેશમાં ભમી રહ્યા હતા, તો આંખનું મટકું પણ હું મારી શક્યો હત કે કેમ તેની મને આજે પણ શંકા આવે છે.

બીજે દિવસે સવારે મારા નવા નિવાસસ્થાનનો પરિચય કરવાની ઉત્કંઠામાં હું વહેલો ઊઠ્યો. ઝૂંપડી બહાર નીકળી જોઉં છું તો આસપાસ દુર્ગમ અરણ્યની ગીચ ઝાડી ફરી વળી હતી. પાસે આવેલી ટેકરી ઉપર ચડીને જોતાં નજર પહોંચે ત્યાં સુધીનો તમામ પ્રદેશ નાનાં ઝાડવાં અને કાંટાળાં જાળાંઝાંખરાથી છવાએલો હતો. ક્યાંયે ઉઘાડ હોય તો તે રેલવે લાઈન બાંધવા માટે સાફ કરેલી જંગલની સાંકડી પટ્ટી પૂરતો જ. અંત વગરનો ન્યાઈકા એટલે પર્ણહીન ફીકી છાલવાળા વામન વૃક્ષોનો આ વગડો કદરૂપો અને બળ્યોઝળ્યો દેખાતો હતો. વચ્ચે વચ્ચે સૂરજના તાપમાં શેકાએલા ઘેરા લાલ રંગના ટેકરા ડોકિયાં કરતા હતા અને એમની સૂકીભંખ દશાથી આ પ્રદેશની કુરૂપતામાં વધારો કરતા હતા. આઘે ઇશાન ખૂણામાં ન્યંગુ પર્વતની હારમાળા પથરાએલી હતી. દક્ષિણે આઘે કિલિમાન્જારો પર્વતનાં બરફથી આચ્છાદિત ઉત્તુંગ શિખરો દેખાતાં હતાં. એ સિવાય આ બળબળતા પ્રદેશમાં આંખ ઠારે એવું કંઈક હોય તો અમારા આંગણામાં આવેલી 'ત્સાવો' નદી હતી. એનાં શીતળ નીર બારે માસ ઝડપથી વહેતાં રહેતાં હતાં. આવી ઝડપ પૂર્વ આફ્રિકાના પ્રદેશ માટે અપવાદરૂપ જ ગણાય. એના કિનારે ઊગેલાં ઝાડની ઊંચી લીલી ઘટા આ સૂકા પ્રદેશમાં આંખને ઠારનાર એકમાત્ર આકર્ષણ હતું.

દિવસ ચડતો હતો, એટલે આટલું પ્રાથમિક અવલોકન કરીને હું નીચે ઊતર્યો. ગઇ રાતવાળી ઝૂંપડીને પડખે જ પણ મજૂરોના વસવાટથી સહેજ છેટે થોડું જંગલ સાફ કરીને મારો તંબૂ ઊભો કરી દીધો અને ગાંસડાંપોટલાં છોડી સરસામાન સરખો કરવાની ખટપટમાં પરોવાયો.

આ વખતે રેલવે લાઇન ત્સાવો નદીના પશ્ચિમ તટ સુધી આવી